# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 92 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૬ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 April 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૧૯ એપ્રિલ ૨૦૨૫, (૧૪ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | વીક એન્ડ પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમેરિકાની ૧૬૦ કૉલેજના ૧,૦૨૪ વિદ્યાર્થીના વિઝા રદ


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 87,840/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
WE BUY OLD GOLD AT BEST RATE
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## અનેકે ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કેસ કર્યા

વૉશિંગ્ટનઃ અમેરિકાની ૧૬૦ કૉલેજ અને યુનિવર્સિટીમાંના ઓછામાં ઓછા ૧,૦૨૪ વિદેશી વિદ્યાર્થીના વિઝા કે લીગલ સ્ટેટસ રદ થતાં તેમાંના અનેક વિદ્યાર્થીએ ટ્રમ્પ વહીવટીતંત્રની સામે કેસ કર્યા છે.

અમેરિકાની સરકારે આ વિદ્યાર્થીઓના વિઝા અચાનક રદ કરતા તેઓ ગુસ્સે થયા છે. સેંકડો વિદ્યાર્થીઓનું લીગલ સ્ટેટસ રદ થતાં તેઓની અટકાયત અને દેશનિકાલ થઇ શકે છે.

હાર્વર્ડ અને સ્ટેનફોર્ડ જેવી ખાનગી યુનિવર્સિટીઓથી લઇને મેરીલૅન્ડ અને ઓહાયો સ્ટેટ યુનિવર્સિટી જેવી મોટી સાર્વજનિક શૈક્ષણિક સંસ્થા તેમ જ નાની સ્વતંત્ર આર્ટ્સ કૉલેજોમાંના અનેક વિદેશી વિદ્યાર્થીના વિઝા (જુઓ પાનું ૨) ▶▶




# ફ્લોરિડામાં ગોળીબારઃ બેનાં મોત, પાંચ ઘાયલ

## યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં ડરનો માહોલ

ટોલહસી (ફ્લોરિડા): ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટીમાં ગુરુવારે એક બંદૂકધારીએ કરેલા ગોળીબારમાં બે જણ માર્યા ગયાં હતાં અને અન્ય ઓછામાં ઓછા પાંચ જણ ઘાયલ થયા હતા.

ગોળીબાર કરનારો શેરીફના ડેપ્યુટીનો ૨૦ વર્ષનો દીકરો હતો. તેણે પોતાના પિતાની બંદૂકમાંથી આ ગોળીબાર કર્યો હતો.

ફ્લોરિડા સ્ટેટ યુનિવર્સિટી પોલીસ ચીફ જેસન ટ્રમ્બોવરે જણાવ્યું હતું કે ગોળીબારમાં મરનારા બે જણ યુનિવર્સિટીના વિદ્યાર્થી નહોતા. આમ છતાં, ગોળીબાર કરનારો યુવાન વિદ્યાર્થી હોવાનું કહેવાય છે.

ઘાયલોને ટોલહસી મેમોરિયલ હૉસ્પિટલમાં સારવાર અપાઇ હતી.

યુનિવર્સિટીની ઇમારતની બહાર થયેલા ગોળીબારથી ગભરાઇને વિદ્યાર્થીઓ અને તેઓના માતા-પિતા બૉલિંગ એલી અને માલસામાનના (જુઓ પાનું ૨) ▶▶

# સોનિયા, રાહુલ ₹ ૨,૦૦૦ કરોડની પ્રોપર્ટી પચાવવા માગતાં હતાંઃ ભાજપ

નવી દિલ્હીઃ ભાજપે શુક્રવારે આક્ષેપ કર્યો હતો કે કૉંગ્રેસના નેતાઓ - સોનિયા અને રાહુલ ગાંધી પોતાના ખીસામાંથી એક પૈસો પણ કાઢીને તે રોક્યા વિના નેશનલ હેરલ્ડની રૂપિયા ૨,૦૦૦ કરોડની મિલકત હડપી લેવા માગતા હતા.

કેન્દ્રના ભૂતપૂર્વ પ્રધાન અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે કૉંગ્રેસ પક્ષ આ અખબાર (નેશનલ હેરલ્ડ)નો દુરુપયોગ પોતાના 'એટીએમ'ની જેમ કરતો હતો.

તેમણે જણાવ્યું હતું કે કૉંગ્રેસ દ્વારા જેને રૂપિયા પચાસ લાખની લોન અપાઇ હતી, તે યંગ ઇન્ડિયન કંપનીમાં આ બે ગાંધી (સોનિયા અને રાહુલ) ૭૬ ટકા હિસ્સો ધરાવે છે.

અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે નેશનલ હેરલ્ડના કિસ્સામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ (ઇડી)એ સોનિયા અને રાહુલ ગાંધીની સામે રાજકીય હેતુસર કાર્યવાહી હાથ નથી ધરી. કૉંગ્રેસ દ્વારા શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનો બહુ ઓછા લોકો વાંચતા હોય એવા આ સાપ્તાહિક અખબાર (નેશનલ હેરલ્ડ)માં જાહેરખબરો આપીને જનતાના નાણાં વેડફતા (જુઓ પાનું ૨) ▶▶

# ઓડિશામાં વરસાદ અને વાવાઝોડુંઃ એકનું મોત

ભુવનેશ્વરઃ ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારમાં શુક્રવારે સવારે ભારે વરસાદ સાથે વાવાઝોડાને કારણે એક વ્યક્તિનું મોત થયું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

રાજ્યની રાજધાની ભુવનેશ્વરમાં સવારે ૧૦ થી ૧૧.૩૦ વાગ્યાની વચ્ચે ૨૬.૨ મિમી વરસાદ પડ્યો હતો, જેમાં જોરદાર પવન ફૂંકાયો હતો અને અનેક વિસ્તારોમાં વૃક્ષો ઉખડી ગયાં હતાં, એમ તેમણે જણાવ્યું હતું.

પુરી જિલ્લાના સત્યાબાદી બ્લોકમાં ખેતરમાં કામ કરતી વખતે વીજળી પડવાથી એક મધ્યમ વયના ખેડૂતનું મોત થયું હતું.

ભુવનેશ્વર અને કટકના ઘણા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હોવાના અહેવાલ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

કટકના બાંકી વિસ્તારમાં ૧૦૦થી વધુ વૃક્ષો ઉખડી ગયાં હતાં, જેના કારણે ભુવનેશ્વર જતો રસ્તો બંધ થઈ ગયો હતો, એમ તેમણે ઉમેર્યું હતું. ભુવનેશ્વરમાં (જુઓ પાનું ૨) ▶▶

# ભારતનો વૉન્ટેડ આતંકવાદી ન્યૂ યૉર્કમાં ઝડપાયો

ન્યૂ યૉર્કઃ પંજાબમાં કરવામાં આવેલા અનેક આતંકવાદી હુમલા અને પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ સાથે સંકળાયેલા ભારતના મૉસ્ટ વૉન્ટેડ આતંકવાદી હરપ્રિત સિંહ ઉર્ફે હેપ્પી પાસિયા ઉર્ફે જોરાની એફબીઆઈએ ન્યૂ યૉર્કમાં ધરપકડ કરી હોવાનું અમેરિકી એજન્સીએ કહ્યું હતું.

અમેરિકામાં ગેરકાયદે પ્રવેશેલા હરપ્રિતની એફબીઆઈ અને યુએસ ઈમિગ્રેશન ઍન્ડ કસ્ટમ્સ ઍન્ફોર્સમેન્ટની ઍન્ફોર્સમેન્ટ ઍન્ડ રિમુવલ ઑપરેશન્સ (ઈઆરઓ) શાખા દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

એફબીઆઈના જણાવ્યાનુસાર હરપ્રિત બે આંતરરાષ્ટ્રીય આતંકવાદી જૂથ સાથે સંકળાયેલો હતો. તે અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ્યો હતો અને પકડાઈ ન જવાય તે માટે તેણે અનટ્રેસેબલ બર્નર ફોનનો ઉપયોગ કર્યો હતો.

પંજાબમાં અનેક આતંકવાદી હુમલાને મામલે હરપ્રિત ભારતમાં વૉન્ટેડ હોવાની ભારતે એફબીઆઈને (જુઓ પાનું ૨) ▶▶






## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુપ્રીમ કોર્ટની ટીકાના બદલે રાજ્યપાલો આત્મનિરીક્ષણ કરે

**રાજ્યપાલો** દ્વારા રાજ્યોની વિધાનસભામાં પસાર કરાતાં બિલોને રોકી રાખવાના મુદ્દે સુપ્રીમ કોર્ટે લીધેલા આકરા વલણના કારણે રાજકીય વિવાદ પેદા થઈ ગયો છે. સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે રાજ્યપાલોની સાથે સાથે રાષ્ટ્રપતિ માટે પણ વિધાનસભામાં પસાર કરાયેલાં બિલોને મંજૂરી આપવા માટે મહત્તમ કેટલો સમય લઈ શકાય તેની સમયમર્યાદા નક્કી કરી હતી. પહેલાં કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે આ વિવાદમાં કૂદીને સુપ્રીમ કોર્ટની ટીકા કરી હતી અને હવે દેશના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ પણ તેમાં કૂદ્યા છે.

જગદીપ ધનખડે સુપ્રીમ કોર્ટના ચુકાદા અંગે નારાજગી વ્યક્ત કરીને કહ્યું છે કે, દેશની કોઈ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપી ના શકે અને આપણે એવી પરિસ્થિતિ ના પેદા થવી દેવી જોઈએ કે જ્યાં કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ આપે. ૮ એપ્રિલે તમિળનાડુ રાજ્યના રાજ્યપાલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતાં ધનખડે કટાક્ષ કર્યો કે, હવે આપણે ત્યાં ન્યાયાધીશો જ કાયદો બનાવશે, ન્યાયાધીશો જ સરકાર ચલાવશે અને સુપર પાર્લામેન્ટ તરીકે કામ કરશે. આ બધુ કર્યા પછી તેમની કોઈ એકાઉન્ટિબિલિટી નથી કેમ કે આ દેશનો કાયદો તેમને લાગુ પડતો નથી.

જગદીપ ધનખડના કહેવા પ્રમાણે, બંધારણ હેઠળ સુપ્રીમ કોર્ટને એકમાત્ર અધિકાર બંધારણનું અર્થઘટન કરવાનો મળ્યો છે પણ સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ તરીકે વર્તી રહી છે. બંધારણની કલમ ૧૪૨ હેઠળ કોર્ટને આપવામાં આવેલી વિશેષ સત્તાઓ લોકશાહી સામે ૨૪ બાય ૭ ઉપલબ્ધ પરમાણુ મિસાઇલ બની ગઈ છે. ધનખડે એ જ્ઞાન પણ પીરસ્યું છે કે, લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર સૌથી મહત્ત્વપૂર્ણ હોય છે. બધી સંસ્થાઓએ તેમની મર્યાદામાં રહીને કામ કરવું જોઈએ કેમ કે કોઈપણ સંસ્થા બંધારણથી પર નથી અને ઉપર પણ નથી.

જગદીપ ખનખડે એ જ વાત કરી છે કે જે કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર આર્લેકરે કરી હતી. ફરક માત્ર શબ્દોનો છે. આર્લેકરે સુપ્રીમ કોર્ટના નિર્ણયને ન્યાયિક અતિરેક ગણાવીને કહેલું કે, સુપ્રીમ કોર્ટ પોતાની મર્યાદા ઓળંગીને સરકાર અને વિધાનસભાના કામમાં દખલ કરી રહી છે. આર્લેકરે સવાલ પણ કર્યો હતો કે, કોર્ટ બંધારણમાં સુધારો કરવા માંડે તો સંસદ અને વિધાનસભાની ભૂમિકા શું હશે? જગદીપ ધનખડે પણ સુપ્રીમ કોર્ટને સુપર પાર્લામેન્ટ ગણાવીને એ જ વાત કરી છે અને એ જ પ્રકારના સવાલો મૂક્યા છે.

ધનખડની વાતો હાસ્યાસ્પદ છે અને આઘાતજનક પણ છે. વધારે આઘાત એ જોઈને લાગે કે, તેમની વાતો વિરોધાભાસી છે. ધનખડ સાહેબે જ્ઞાન પીરસ્યું છે કે, લોકશાહીમાં ચૂંટાયેલી સરકાર સૌથી મહત્ત્વપૂર્ણ હોય છે. સવાલ એ છે કે, આ વાત રાજ્ય સરકારોને લાગુ નથી પડતી ? ચૂંટાયેલી સરકારો દ્વારા વિધાનસભામાં પસાર કરાયેલાં બિલોને રાજ્યપાલો રોકી રાખે ત્યારે ચૂંટાયેલી સરકારની સર્વોપરિતા ક્યાં જાય છે ? રાજ્યપાલ તો નિમાયેલી વ્યક્તિ છે પણ એ ચૂંટાયેલી સરકારના બોસ બનીને વર્તે એ કેટલું યોગ્ય કહેવાય ? ધનખડ સાહેબે એ વિશે પણ બોલવું જોઈતું હતું.

ધનખડ સાહેબે બધી સંસ્થાઓને પોતાની મર્યાદામાં રહીને વર્તવાની સલાહ આપી છે. એ સુપ્રીમ કોર્ટને સલાહ આપવા બેઠા છે તો દેશના ઉપરાષ્ટ્રપતિ તરીકે એ રાજ્યપાલોને આ સલાહ કેમ નથી આપી શકતા ? આ વિવાદ અથવા સમસ્યા જે પણ ગણો તેનું મૂળ રાજ્યપાલો પોતાની મર્યાદા નથી જાળવતા અને બંધારણીય ફરજો નથી નિભાવતા તેમાં છે. દેશના બંધારણે રાજ્યપાલોએ કઈ રીતે કામ કરવું અને કઈ મર્યાદા જાળવવી એ નક્કી કરેલું જ છે. રાજ્યપાલો આ મર્યાદા જાળવીને વર્તે અને ચૂંટાયેલી સરકારોને પોતાની રીતે કામ કરવાનો અધિકાર છે એમ માનીને વર્તે તો કોઈ સમસ્યા કે વિવાદ જ ના થાય.

ધનખડે એક મુદ્દો સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને આદેશ ના આપી શકે તેનો ઉઠાવ્યો છે. પહેલી વાત એ કે, સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપતિને કોઈ આદેશ આપ્યો નથી પણ તેમની બંધારણીય ફરજોની યાદ અપાવી છે. રાજ્યની વિધાનસભાએ પસાર કરેલા ખરડાને અનિશ્ચિત કાળ સુધી લટકાવી રાખવો એ જે તે રાજ્યનું અપમાન કહેવાય. રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ કોઈને પણ એવું અપમાન કરવાનો અધિકાર નથી. સુપ્રીમ કોર્ટ એ વાતની યાદ દેવડાવે તેમાં સુપર પાર્લામેન્ટ નથી થઈ જતી.

બીજું એ કે, ધનખડ પોતે જ કહે છે કે, બંધારણથી કોઈ પર નથી તો રાષ્ટ્રપતિ કઈ રીતે બંધારણથી પર ગણાય ? રાષ્ટ્રપતિએ પણ બંધારણ પ્રમાણે વર્તવું પડે કે નહીં ? ને રાષ્ટ્રપતિ બંધારણ પ્રમાણે ના વર્તે તો શું ? આ દેશના બંધારણમાં તેના જવાબો અપાયેલા જ છે. રાષ્ટ્રપતિનું ગૌરવ જળવાય એ માટે એવી જોગવાઈ કરાયેલી છે કે, બંધારણને લગતા કોઈ પણ વિવાદ કે સંશયના કેસમાં રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટની સલાહ લઈ શકે છે. આ જોગવાઈનો અર્થ જ એ છે કે, બંધારણીય બાબતમાં રાષ્ટ્રપતિ નહીં પણ સુપ્રીમ કોર્ટ સર્વોપરી છે.

આપણા બંધારણમાં બીજી પણ એક મહત્ત્વની જોગવાઈ છે. ભારતીય બંધારણની કલમ ૧૪૨ સુપ્રીમ કોર્ટને તેની સમક્ષ પડતર કોઈપણ બાબતમાં સંપૂર્ણ ન્યાય કરવા માટે જરૂરી કોઈપણ આદેશ જારી કરવાની સત્તા આપે છે. આ દેશનું બંધારણ સામાન્ય માણસથી માંડીને રાષ્ટ્રપતિ સુધીનાં બધાંને લાગુ પડે છે તેથી ન્યાયના હિતમાં સુપ્રીમ કોર્ટ રાષ્ટ્રપતિને પણ આદેશ આપી શકે છે.

આ સત્તામાં દસ્તાવેજો શોધવા, રજૂ કરવા અને કોર્ટના તિરસ્કારની સજા માટે આદેશ આપવાની સત્તાનો પણ સમાવેશ થાય છે. આ કલમનો હેતુ એ જ છે કે, કાયદાકીય જોગવાઈઓ અપૂરતી હોય અને જેમની જવાબદારી કાયદાનું પાલન કરવાની કે બંધારણ પ્રમાણે વર્તવાની છે એ લોકો પોતાની ફરજ ચૂકે તો પણ સુપ્રીમ કોર્ટ તેની ફરજ અસરકારક રીતે નિભાવી શકે અને ન્યાય કરી શકે. સુપ્રીમ કોર્ટ રાજ્યપાલો દ્વારા રોકી રખાતાં બિલોના કેસમાં એ ફરજ જ બજાવી રહી છે. કમ સે કમ આ દેશમાં એક સંસ્થા તો એવી છે કે જે બંધારણને વફાદાર છે અને બંધારણનું જતન કરવા મથી રહી છે.

ધનખડ કે આર્લેકર સહિતના મહાનુભાવોએ સુપ્રીમ કોર્ટની કે બીજા કોઈની ટીકા કરવાના બદલે આત્મનિરીક્ષણ કરવાની જરૂર છે કે પોતે ખરેખર આ દેશના બંધારણ તરફ વફાદારી બતાવી રહ્યા છે કે પછી બીજા કોઈની તરફ? ધનખડ પણ પહેલાં પશ્ચિમ બંગાળમાં રાજ્યપાલ હતા તેથી એ વધારે સારી રીતે આત્મનિરીક્ષણ કરી શકશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ/ સૌર ગ્રીષ્મઋતુ પ્રારંભ,
શનિવાર, તા. ૧૯-૪-૨૦૨૫

- ભારતીય દિનાંક ૨૯, માહે ચૈત્ર, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૬
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૬
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૧૦મો દેહ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૩૦મો અનેરાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૧મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર મૂળ સવારે ક. ૧૦-૨૦ સુધી, પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૯, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક.૧૫-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૭ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૪૭, રાત્રે ક. ૨૧-૪૬
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ – ષષ્ઠિ. ભદ્રા પ્રારંભ સાંજે ક. ૧૮-૨૧, સૂર્ય સાયન વૃષભમાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૭. સૌર ગ્રીષ્મઋતુ પ્રારંભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ, સર્વદેવ પ્રતિષ્ઠા. શનિ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, ઔષધ ઉપચાર, વૃક્ષ વાવવા, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, બી વાવવું, ધાન્ય ભરવું, ખેતીવાડીના કામકાજ, પ્રાણી પાળવા, મહાવીર હનુમાનજીનું પૂજન, હનુમાનચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન.
- આચમનઃ મંગળ-નેપ્ચૂન ત્રિકોણ ઉત્સાહી સ્વભાવ.
- ખગોળ જ્યોતિષઃ મંગળ-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૨૦),
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# બંગાળના રાજ્યપાલે હિંસાના અસરગ્રસ્તોની આપવીતી સાંભળી

### મમતાએ કરેલી વિનંતિને બોઝે ધરાર અવગણી

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝે મુર્શિદાબાદમાં સુધારિત વક્ફ કાયદા-વિરોધી હિંસાથી અસરગ્રસ્ત લોકોને મળીને તેઓની આપવીતી સાંભળી હતી. અગાઉ, રાજ્યનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ રાજ્યપાલને આ મુલાકાત હાલમાં મુલતવી રાખવા કરેલી વિનંતિને તેમણે અવગણી હતી.

રાજ્યપાલ સી. વી. આનંદ બોઝ પશ્ચિમ બંગાળના માલદામાં રેલવે સ્ટેશન ખાતેની રાહત છાવણીની મુલાકાતે ગયા હતા.

રાજ્યપાલે માલદા જતી ટ્રેનમાં બેસતા પહેલાં કોલકાતા ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે હું હિંસાથી અસરગ્રસ્તોને મળવા જઇ રહ્યો છું. હું રાહત છાવણીઓ અને હૉસ્પિટલોમાંના અસરગ્રસ્તોને મળીને પરિસ્થિતિની ખરી માહિતી જાતે મેળવીશ. કેન્દ્રના સુરક્ષા દળો અને રાજ્યની પોલીસ કાયદો અને વ્યવસ્થા જાળવવા પ્રયાસ કરી રહી છે.

રાજ્યપાલ મુર્શિદાબાદમાં એકાદ-બે દિવસ રોકાય એવી સંભાવના છે. સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં મુર્શિદાબાદના જાંગીપુર, ધુલિયાં, સુતી, શમશેરગંજ વગેરે સ્થળે ફેલાયેલી હિંસામાં અનેક હિંદુઓનાં ઘર અને દુકાનોને લૂંટવામાં આવ્યાં હતાં અથવા આગ ચાંપવામાં આવી હતી. અનેક મહિલાઓનો વિનયભંગ કરાયો હતો. હિંસાથી ડરીને જાન બચાવવા સેંકડો લોકોએ ભાગીરથી નદી ઓળંગીને હિજરત કરી હતી. તેઓની હાલત કાશ્મીરના પંડિતો જેવી થઇ છે.

હિંસાગ્રસ્ત વિસ્તારોમાં અર્ધલશ્કરી દળો અને પોલીસના જવાનો સતત પહેરો ભરી રહ્યા છે. આ હિંસામાં ઓછામાં ઓછા ત્રણ જણ માર્યા ગયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. (એજન્સી)

# અમેરિકી સેનાના વરિષ્ઠ અધિકારીએ કર્યું નાનાં પ્રવાસી વિમાનનું અપહરણ

મૅક્સિકો સિટીઃ અમેરિકી સેનાના વરિષ્ઠ અધિકારીએ બૅલિઝેમાં ગુરુવારે નાનાં પ્રવાસી વિમાનનું અપહરણ કર્યા બાદ ગોળી મારીને તેને ઠાર મારવામાં આવ્યો હતો. બૅલિઝેના અધિકારીઓ અને અમેરિકાએ આ અહેવાલને સમર્થન આપ્યું હતું.

વિમાનના અપહરણ બાદ બૅલિઝે વહીવટીતંત્રએ કટોકટીની સ્થિતિ જાહેર કરી દીધી હતી.

૧૪ પ્રવાસીઓ અને બે ક્રૂ મેમ્બર સહિતના આ વિમાને સુરક્ષિત રીતે ઉતરાણ કર્યા બાદ બૅલિઝે પોલીસે અપહરણકર્તાને અકિન્યૅલા ટૅલર તરીકે ઓળખી કાઢ્યો હતો. બૅલિઝે પોલીસ કમિશનર ચૅસ્ટર વિલિયમ્સે કહ્યું હતું કે ટૅલરે બે પ્રવાસી અને પાઈલટને ચાકુથી જખમી કર્યા હતા. આ ત્રણેને બાદમાં સારવારાર્થે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

શસ્ત્ર રાખવાનો પરવાનો ધરાવતા પ્રવાસીએ ટૅલરને ઠાર માર્યો હોવાનું વિલિયમ્સે કહ્યું હતું.

ટૅલરે વિમાનને અન્ય દેશમાં લઈ જવાની અને ઈંધણ ભરાવવા જમીન પર ઉતારવાની માગણી કરી હતી. વિમાન કૉરૉઝાલથી સૅન પૅડ્રો જઈ રહ્યું હતું.

કિનારા વિસ્તારમાં આવેલા લૅડીવિલે ખાતે વિમાને સુરક્ષિત ઉતરાણ કર્યું તે અગાઉ વિમાને કલાકો સુધી હવામાં ચક્કર કાપ્યા હતા. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકાની ૧૬૦

રદ કરાયા છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે માર્ચના અંતિમ દિવસોથી અનેક વિદેશી વિદ્યાર્થીનું લીગલ સ્ટેટસ રદ કરવાનું મોટા પાયે શરૂ કર્યું છે.

વિદેશી વિદ્યાર્થીઓએ ડિપાર્ટમેન્ટ ઑફ હૉમલૅન્ડ સિક્યોરિટી સામે કરેલા કેસમાં દલીલ કરી હતી કે અમેરિકાનું ટ્રમ્પનું વહીવટીતંત્ર યોગ્ય કારણ આપ્યા વિના અમારા વિઝા અને લીગલ સ્ટેટસ રદ કરી રહ્યું છે.

અમુક વિદેશી વિદ્યાર્થીઓએ આક્ષેપ કર્યો હતો કે ટ્રાફિકના નિયમના ભંગ જેવા મામૂલી કારણસર પણ અમારા વિઝા કે લીગલ સ્ટેટસ રદ કરાય છે. અમને શું કામ લક્ષ્ય બનાવાઇ રહ્યા છે, તે નથી સમજાતું.વાયન સ્ટેટ યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઑફ મિશિગનના વિદ્યાર્થીઓ વતી

અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયનના મિશિગનના એટર્નીઓ કેસ લડી રહ્યા છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા વિદેશીઓ સામે આ રીતે કાર્યવાહી કરવાનું ચાલુ રખાશે, તો લોકો અમેરિકા ભણવા અથવા અન્ય કામ માટે જવાનું ટાળવા લાગશે. (એજન્સી)

### ભારતનો વૉન્ટેડ

જાણ કરી હતી.

હરપ્રિત પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ અને ખાલિસ્તાની આતંકવાદી જૂથ બબ્બર ખાલસા સાથે સંકળાયેલો હતો.

ભારતની નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ આ વર્ષના જાન્યુઆરીમાં ગેન્ગસ્ટર હરપ્રિત માટે પાંચ લાખ રૂપિયાના ઈનામની જાહેરાત કરી હતી.

પંજાબના ચંડીગઢના સેક્ટર ૧૦/ડીમાં એક ઘર પર હૅન્ડગ્રેનેડથી હુમલો કરવા સંબંધિત પહેલી ઑક્ટોબર ૨૦૨૪ના દાખલ કરવામાં આવેલા કેસને મામલે હરપ્રિતને ભાગેડુ જાહેર કરવામાં આવ્યો હતો. હરપ્રિત અમૃતસરના અજનાલા તહેસીલનો વતની છે. (એજન્સી)

### ફ્લોરિડામાં

એલિવેટરમાં છુપાઇ ગયા હતા.

ગોળીબારમાં ઘાયલ લોકોને હૉસ્પિટલ લઇ જવા માટે અનેક એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે તાત્કાલિક આવી પહોંચી હતી.કમ્યુનિકેશન્સના વિદ્યાર્થી ૨૧ વર્ષીય રાયન સૅડેગ્રેને જણાવ્યું હતું કે ગોળીબારનો અવાજ સાંભળીને હું અને અન્ય અંદાજે ૩૦ જણ ભોંયતળિયે આવેલા બૉલિંગ એલીમાં છુપાઇ ગયા હતા અને અન્ય વિદ્યાર્થીઓ ડરના માર્યા આમતેમ દોડવા લાગ્યા હતા. (એજન્સી)

# ભારતીય અવકાશયાત્રી શુકલા અવકાશમથકે જવા સજ્જ

નવી દિલ્હીઃ ભારતીય અવકાશયાત્રી રાકેશ શર્મા રશિયાના સોયૂઝ અવકાશયાનમાં અવકાશયાત્રાએ ગયાના ચાર દાયકા બાદ મિશન એક્ઝિઓમ-૪ના ભાગરૂપ ભારતીય અવકાશયાત્રી સુભાંષુ શુકલા આવતા મહિને આંતરરાષ્ટ્રીય અવકાશમથકે જશે, એમ કેન્દ્રીય પ્રધાન જિતેન્દ્ર સિંહે શુક્રવારે કહ્યું હતું. ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસ ઍન્ડ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન (ઈસરો)ના કાર્યની સમીક્ષા કર્યા બાદ જિતેન્દ્ર સિંહે ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

ગ્રૂપના કૅપ્ટન શુકલાનો આ પ્રવાસ માત્ર અવકાશયાત્રા નહીં હોય, પરંતુ અવકાશ સંસોધન ક્ષેત્ર સંશોધનની દિશામાં ભારતનાં મક્કમ પગલાંનાં સંકેત હશે. ઈસરોના અધ્યક્ષ વી. નારાયણ વિવિધ ભાવિ સ્પેશ મિશન અંગેની રજૂઆત કરી હતી. જીએસએલવી-માર્ક ટૂ રૉકેટની મદદથી ઈસરો નાસા સાથે સંયુક્ત રીતે વિકસાવેલી 'નિસાર' સેટેલાઈટને જૂન મહિનામાં લૉન્ચ કરશે એમ જણાવતાં સિંહે કહ્યું હતું કે હૅવી લિફ્ટ એલવીએમ-૩ રોકેટની મદદથી ઈસરો અમેરિકાસ્થિત એએસટી સ્પેસ મોબાઈલ ઈન્કની બ્લૂબર્ડ બ્લૉક-ટૂ સેટેલાઈટને ભ્રમણકક્ષામાં મૂકશે. (એજન્સી)

# આસામ પંચાયત ચૂંટણીઃ ૩૨૫ બેઠક પર એનડીએ બિનહરીફ ચૂંટાયો

ગુવાહાટીઃ મુખ્ય પ્રધાન હેમંત બિસ્વા સર્માએ શુક્રવારે દાવો કર્યો હતો કે આસામ પંચાયત ચૂંટણીમાં ભાજપના વડપણ હેઠળનો એનડીએ ૩૨૫ બેઠક પર બિનહરીફ ચૂંટાઈ આવ્યો હતો.

જાહેર કરાયેલી કુલ ૩૪૮ બિનહરીફ બેઠકમાંથી ૩૨૫ બેઠક પર ભાજપના વડપણ હેઠળનો એનડીએ બિનહરીફ ચૂંટાઈ આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. આસામમાં બીજી અને સાતમી મે એમ બે તબક્કામાં પંચાયતની ચૂંટણી યોજાશે. પંચાયતની ચૂંટણી માટેનું ઉમેદવારીપત્રક પાછું ખેંચી લેવાની અંતિમ તારીખ ૧૮ એપ્રિલ હતી.

ભાજપના વડપણ હેઠળના એનડીએએ જિલ્લા પરિષદની ૩૭ (૩૫ ભાજપ, બે-એજીપી) અને અન્ચાલિક પરિષદની ૨૮૮ (ભાજપ ૨૫૯ અને એજીપી-૨૯) બેઠક પર વિજય મેળવી લીધો હોવાનો દાવો તેમણે સોશિયલ મીડિયા પર કર્યો હતો. સોશિયલ મીડિયા પર તેમણે મૂકેલા ચાર્ટ મુજબ સ્વતંત્ર પક્ષ અન્ચાલિક પરિષદની ૧૫, કૉંગ્રેસ નવ અને એઆઈયુડીએફ એક બેઠક પર બિનહરીફ ચૂંટાઈ આવ્યો હતો.

આસામના રાજકીય ઈતિહાસમાં જનતાએ આપેલો આ ઐતિહાસિક ચુકાદો છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ બાબત રાજ્યની જનતાનો એનડીએ તેમ જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી પરનો પ્રેમ અને વિશ્વાસ દર્શાવે છે. અમને વિશ્વાસ છે કે ચૂંટણીનાં અંતિમ પરિણામો જાહેર થશે ત્યારે આ આંકડામાં વધારો થયેલો જોવા મળશે, એમ તેમણે કહ્યું હતું.

આસામ પંચાયત ચૂંટણીમાં એનડીએનો દેખાવ વધુ ભવ્ય અને અસરકારક હશે.

રાજ્ય ચૂંટણી પંચના અધિકારીના જણાવ્યાનુસાર બિનહરીફ ઘોષીત થયેલી બેઠકોનો કુલ આંકડો શનિવારે જાહેર કરવામાં આવશે. આસામ ગ્રામપંચાયતની કુલ ૨૧,૯૨૦, અન્ચાલિક પરિષદની ૨,૧૯૨ અને જિલ્લા પરિષદની ૩૯૭ બેઠક છે. રાજ્યના કુલ ૩૪ જિલ્લામાંથી ૨૭માં પંચાયતની ચૂંટણી યોજવામાં આવી છે. બાકીના સાત જિલ્લામાં ફેડરલ કાઉન્સિલ વહીવટ કરે છે. આસામ પંચાયતની ચૂંટણીમાં કુલ ૧.૮૦ કરોડ પાત્ર મતદાર છે. (એજન્સી)

### મુર્શિદાબાદ કોમી રમખાણ

# પ. બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાની માગણી સાથે વિશ્વ હિન્દુ પરિષદ આજે રાષ્ટ્રવ્યાપી આંદોલન કરશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં થયેલા કોમી રમખાણોને મામલે શનિવારે અમે રાષ્ટ્રવ્યાપી આંદોલન કરીશું અને પ. બંગાળમાં રાષ્ટ્રપતિ લાદવાની માગણી કરીશું, એમ વિશ્વ હિન્દુ પરિષદ (વિહિપ)એ કહ્યું હતું.

વિહિપના પ્રમુખ આલોકકુમારે કહ્યું હતું કે મુર્શિદાબાદમાં થયેલા કોમી રમખાણોના વિરોધમાં દેશભરમાં આવેલા વિહિપના વડામથક, સભ્યો અને ટેકેદારો શનિવારે રાષ્ટ્રવ્યાપી આંદોલન કરશે.

પત્રકારોને આપેલી મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે પ. બંગાળમાં કેન્દ્ર સરકાર રાષ્ટ્રપતિ શાસન લાગુ કરે એવી માગણી સાથે અમે જિલ્લા મેજિસ્ટ્રેટને મળીને યાદી સુપરત કરીશું.

કુમારે દાવો કર્યો હતો કે સિટિઝનશિપ એમેન્ડમેન્ટ ઍક્ટ (સીએએ), ટ્રીપલ તલાક અને વકફ એમેન્ડમેન્ટ ઍક્ટનો વિરોધ, હિંસક કોમી રમખાણો માત્ર પ. બંગાળમાં જ જોવા મળ્યા હતા, દેશના અન્ય કોઈ રાજ્યોમાં નહીં.

આ પ્રકારની ઘટનાઓ માત્ર પ. બંગાળમાં જ બની રહી છે જે ગંભીર ચિંતાનો વિષય છે, એમ તેમણે કહ્યું હતું.

મુર્શિદાબાદ હિંસા પૂર્વ આયોજિત હોવાનું મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ મુસ્લિમ ઉલેમાઓ સાથેની બેઠકમાં કહ્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

જો આ પૂર્વ આયોજિત ઘટનાઓ હતી તો શું રાજ્યની ઈન્ટેલિજન્સ એજન્સીએ મમતા બેનરજીની સરકારને તેની આગોતરી જાણ કરી હતી? અને જો જાણ ન કરી હોય તો આ નિષ્ફળતા માટે કોણ જવાબદાર છે એવો સવાલ વિહિપના પ્રમુખે કર્યો હતો.

જો મમતા બેનરજીની સરકારને આ અંગે આગોતરી જાણકારી હતી તો તેણે હિંસાને રોકવા આગોતરાં પગલાં કેમ ન લીધાં? મુર્શિદાબાદ હિંસાને મામલે રાજ્ય સરકારની ભૂમિકા સામે પણ તેમણે સવાલ ઉઠાવ્યા હતા. હિંસામાં સરહદ પારના બાંગ્લાદેશીઓનો પણ હાથ હોવાના મમતા બેનરજીએ કરેલા દાવાનો ઉલ્લેખ કરતાં કુમારે કહ્યું હતું કે આ હિંસાને આતંકવાદ લેખાવી શકાય.

આ મામલે એનઆઈએ તપાસ યોજવાની પણ કુમારે માગણી કરી હતી.

કુમારે કહ્યું હતું તે વકફ એમેન્ડમેન્ટ ઍક્ટનો અમલ પ. બંગાળમાં કરવામાં નહીં આવે એવું મમતા બેનરજી ન કહી શકે કેમ કે કેન્દ્ર સરકાર કોઈપણ કાયદો ઘડે તો દેશભરમાં તેનો અમલ થવો જોઈએ.

મમતા બેનરજીનું આ નિવેદન બંધારણની યંત્રણાનો ભંગ ગણી શકાય, એમ તેમણે કહ્યું હતું.

પ. બંગાળમાં હિન્દુઓની સુરક્ષા તેમ જ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા કેન્દ્ર સરકારે રાષ્ટ્રપતિ શાસન લાદવાનો વિચાર કરવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

# મોદીએ ઈલૉન મસ્ક સાથે ટૅક્નોલૉજી અને ઈનોવેશનને મુદ્દે વાત કરી

નવી દિલ્હીઃ ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વના સૌથી ધનવાન અને અમેરિકી વહીવટીતંત્રમાં જબરજસ્ત વગ ધરાવતા ઉદ્યોગપતિ ઈલૉન મસ્ક સાથે શુક્રવારે ટૅક્નોલૉજી અને ઈનોવેશન ક્ષેત્રમાં સક્ષમ ભાગીદારીને મુદ્દે વાત કરી હતી. મસ્કના બિઝનેસ સામ્રાજ્યમાં ટૅસ્લા અને સ્પેસએક્સ જેવી કંપનીનો સમાવેશ થાય છે. સોશિયલ મીડિયા પરના સંદેશામાં મોદીએ કહ્યું હતું કે ટૅક્નોલૉજી અને ઈનોવેશન ક્ષેત્રમાં સક્ષમ ભાગીદારી સહિતના વિવિધ મુદ્દે મસ્ક સાથે વાત કરી હતી. આ ક્ષેત્રમાં અમેરિકા સાથે ભાગીદારી વધારવા ભારત વચનબદ્ધ હોવાનું મોદીએ કહ્યું હતું. ટ્રમ્પ વહીવટીતંત્રમાં મસ્કને સૌથી વગદાર વ્યક્તિ માનવામાં આવે છે. સરકારી ખર્ચ અને ફેડરલ વર્કફોર્સ ઘટાડવા સંબંધિત ડિપાર્ટમેન્ટ ઑફ ગવર્નમેન્ટ ઑફિસિયન્સી (ડીઓજીઈ)નું મસ્ક નેતૃત્વ કરી રહ્યા છે. (એજન્સી)

# યુપીના સંભલમાં ૭૦ ગેરકાયદે હૉસ્પિટલ, દવાખાના બંધ કરાયા

સંભલ (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના ચીફ મેડિકલ ઑફિસર તરુણકુમાર પાઠકે શુક્રવારે જણાવ્યું હતું કે અહીં આવેલી ૭૦ ગેરકાયદે હૉસ્પિટલ અને દવાખાના બંધ કરાવાયા છે. તેમણે જણાવ્યું હતું કે સંભલ, ગુન્નૌર અને ચંદૌસીમાં ગેરકાયદે દવાખાના બંધ કરાવવા મોટા પાયે કાર્યવાહી હાથ ધરાઇ છે. ગેરકાયદે હૉસ્પિટલો અને દવાખાના ચલાવતી પચાસથી વધુ વ્યક્તિની સામે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાવાયો છે. આ ઉપરાંત, સરકાર પાસે નોંધાયેલી ન હોય એવી લેબોરેટરીની સામે પણ પગલાં લેવાઇ રહ્યા છે. તરુણકુમાર પાઠકે જણાવ્યું હતું કે અમે જિલ્લાના ત્રણ ક્ષેત્રમાં નોડલ અધિકારીઓની નિમણૂક કરી હતી. આગામી દિવસોમાં પણ ઊંટવૈદ્યો સામે કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### ઓડિશામાં વરસાદ

પોખરીપુટ, ઓલ્ડ ટાઉન, ચિંતામણિશ્વર, ચંદ્રશેખરપુર, ગજપતિ નગર, બેહેરા ધાબા અને બાલકટી રોડ પર પણ વૃક્ષો ઉખડી પડ્યાં હતાં. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓડિશા ફાયર અને ઇમરજન્સી સર્વિસીસની પંદર ટીમો રસ્તાઓ સાફ કરવા માટે કામ કરી રહી છે.

ભારે પવનને કારણે અન્ય જિલ્લાઓમાં પણ વૃક્ષો અને વીજળીના થાંભલા ઉખડી ગયાં હતાં, જેના કારણે વીજળીનો સંપર્ક ખોરવાઈ ગયો હતો.હવામાન વિભાગે શનિવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી મયુરભંજ, બાલાસોર અને ભદ્રકમાં ભારે વરસાદ સાથે વીજળી પડવા અને કરા પડવા માટે તૈયાર રહેવા માટે 'ઓરેન્જ' ચેતવણી જારી કરી છે.

૨૦ એપ્રિલ સુધી વાવાઝોડાની ગતિવિધિઓ ચાલુ રહેવાની શક્યતા છે, જેના પછી તાપમાનમાં વધારો થવાની સંભાવના છે.

### સોનિયા, રાહુલ

હતા.ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે યંગ ઇન્ડિયન કંપનીએ કૉંગ્રેસ પક્ષની સાથે સંબંધ ધરાવતા આ અખબારની એસોસિયેટેડ જર્નલ્સ લિમિટેડ હસ્તગત કરી હતી. શું રાજકીય પક્ષ કોઇને કરજ આપી શકે? કૉંગ્રેસ દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકાર સત્તા પર આવી, તેના ઘણાં સમય પહેલાં નીચલી અદાલતે આ કેસને ધ્યાન પર લીધો ત્યારથી સોનિયા અને રાહુલ ગાંધીએ પોતાની સામેની કાર્યવાહી રોકવા માટે અનેક વખત અદાલતોમાં ધા નાખી હતી. (એજન્સી)

# કર્ણાક બ્રિજ સાતમી જૂને ખુલ્લો મુકાશેઃ પાલિકા

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં રેલવે ટ્રેક પર આવેલો અને પૂર્વ-પશ્ચિમને જોડતો મહત્ત્વનો કર્ણાક બ્રિજ સાતમી જૂને ખુલ્લો મુકાશે એમ પાલિકાનું કહેવું છે. ૨૦૧૪માં આ બ્રિજ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જ્યારે ૨૦૨૨માં તેને સંપૂર્ણ રીતે તોડી પાડવામાં આવ્યો હતો જેને કારણે મધ્ય રેલવેમાં ૨૭ કલાકનો બ્લોક લેવામાં આવ્યો હતો.

આ બ્રિજ માટે વર્ક ઓર્ડર ૨૦૧૭માં રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ ગોખલે બ્રિજ તૂટી પડ્યા બાદ પાલિકાએ ૨૦૧૮માં તેનું બાંધકામ શરૂ કર્યુ હતું. બ્રિજના બાંધકામમાં ઘણી અડચણો આવી હતી, વારંવાર કામ બંધ કરવામાં આવતું હતું જેમાં પાલિકાની ઉદાસીનતા અને ટ્રાફિક માટે એનઓસી મેળવવા વગેરે કારણોનો સમાવેશ થાય છે. આ સિવાય ગેરકાયદે બાંધકામવાળી જમીનોના મુદ્દાઓને કારણે ૧૯ મહિનામાં બ્રિજનું કામ પૂર્ણ કરવાનું ઘણું મુશ્કેલ બન્યું હતું. બ્રિજને તોડવા માટે ભારે મશીનોનો અને ૫૦૦થી વધુ કર્મચારીઓને કામે લગાવવામાં આવ્યા હતા.

ત્યાર બાદ રેલવે તરફથી પરવાનગી મેળવવાના ચક્કરમાં પુલના કામમાં વિલંબ થયો. પુલ માટેનો ૪૦૦ ટનનો ગર્ડરના ઇન્સ્ટોલેશનમાં ઘણા અવરોધો આવ્યા હતા. આ બધા પડકારો વચ્ચે પાલિકાને આશા છે કે ચોમાસા પહેલા કર્ણાક બ્રિજ શરૂ થઇ જશે. તેની આસપાસ પોલીસ ચોકી અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ હશે. ■

# રાણા પ્રતાપ અને શિવાજી મહારાજ દેશના સાચા હીરો, ઔરંગઝેબ નહીંઃ રાજનાથ સિંહ

છત્રપતિ સંભાજીનગરઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શુક્રવારે કહ્યું હતું કે સરકાર દેશને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા માટે પ્રતિબદ્ધ છે અને આ દિશામાં પહેલેથી જ અનેક પગલાં લીધા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મહારાણા પ્રતાપ અને છત્રપતિ શિવાજી મહારાજ રાષ્ટ્રીય હીરો છે, મોગલ શાસક ઔરંગઝેબ નહીં.

છત્રપતિ સંભાજીનગર (ઔરંગાબાદ)માં ઉદ્યોગ પ્રતિનિધિઓને સંબોધ્યા બાદ મેવાડના શાસક મહારાણા પ્રતાપની આદમકદ પ્રતિમાનું અનાવરણ કરતાં રાજનાથ સિંહે કહ્યું હતું કે મહારાણા પ્રતાપ હિંમત અને દેશભક્તિનું પ્રતીક હતા. છત્રપતિ શિવાજી મહારાજે મહારાણા પ્રતાપની ખાસ કરીને ગોરિલા યુદ્ધ નીતિમાંથી પ્રેરણા મેળવી હતી. સ્વાતંત્ર્ય બાદના ઈતિહાસકારોએ મહારાણા અને છત્રપતિ શિવાજી મહારાજને યોગ્ય સન્માન આપ્યું નહોતું અને ઔરંગઝેબના ગુણગાન ગાયા હતા, એમ પણ તેમણે કહ્યું હતું.

જે લોકોને એવું લાગે છે કે ઔરંગઝેબ હીરો હતા તેમણે પંડિત જવાહરલાલ નહેરુને વાંચવા જોઈએ જેમણે લખ્યું હતું કે ઔરંગઝેબ ક્રુર અને રૂઢિચુસ્ત શાસક હતો. મહારાણાએ આત્મ સન્માનને જાળવી રાખવા માટે આખું જિવન બલિદાન આપ્યું હતું અને મોગલ શાસક અકબરના પ્રભાવને પડકાર્યો હતો.

આ અગાઉ રાજનાથ સિંહે જણાવ્યું હતું કે સંરક્ષણ નિકાસ ૨૦૧૪માં ૬૦૦ કરોડ રૂપિયાથી વધીને ૨૪,૦૦૦ કરોડ રૂપિયા થઈ છે.

'અમારું લક્ષ્ય ૨૦૨૯-૩૦ સુધીમાં ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનું (નિકાસ) લક્ષ્ય હાંસલ કરવાનું છે,' એમ તેમણે કહ્યું હતું.

ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે ઘણા મોટા પગલાં લીધા છે અને એવી વસ્તુઓ જાહેર કરી છે જે સ્વદેશી રીતે ઉત્પાદિત થશે અને આયાત કરવામાં આવશે નહીં, એમ તેમણે નોંધ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સંરક્ષણ ઉત્પાદન હાલમાં ૧.૬૦ લાખ કરોડ રૂપિયા છે અને તેને વધારીને ૩ લાખ કરોડ રૂપિયા કરવાનું લક્ષ્ય છે.

તેમણે કહ્યું હતું કે, તેઓ છત્રપતિ સંભાજી નગરમાં ઉત્પાદન કેન્દ્ર તરીકે સારી સંભાવના જુએ છે, તેમણે ઉમેર્યું હતું કે, 'તમારી પાસે અહીં એક પરિપક્વ ઔદ્યોગિક ઇકોસિસ્ટમ છે. નક્કર દરખાસ્તો સાથે મારી પાસે આવો.' (પીટીઆઈ)■

## સરકાર ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવા માટે પ્રતિબદ્ધઃ સંરક્ષણ પ્રધાન



**નાયકને બિરદાવવાઃ** સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ છત્રપતિ સંભાજી નગર મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કરવા માટે ગઈ કાલે પહોંચ્યા ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમનું સ્વાગત કર્યું હતું. (પીટીઆઈ)

# પુણે બસ ડેપો રેપ કેસઃ ૮૯૩ પાનાંનું આરોપનામું, ૮૨ સાક્ષીઓના નિવેદન

પુણેઃ પુણે પોલીસે એમએસઆરટીસી સ્વારગેટ બસ ડેપો રેપ કેસમાં ૮૯૩ પાનાંનું આરોપનામું દાખલ કર્યું હોવાનું અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, પચીસ ફેબ્રુઆરીની વહેલી સવારે ડેપોમાં પાર્ક કરેલી મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસની અંદર ૨૬ વર્ષીય મહિલા પર ગુનાહિત ભૂતકાળ ધરાવતા દત્તાત્રેય ગાડે દ્વારા કથિત રીતે બળાત્કાર કરવામાં આવ્યો હતો.

અધિકારીએ જણાવ્યું હતું કે 'કેસ મજબૂત બનાવવા માટે અમે આરોપનામામાં ભૌતિક, જૈવિક, ટેકનિકલ, પરિસ્થિતિજન્ય અને વૈજ્ઞાનિક પુરાવાનો સમાવેશ કર્યો છે. અમે મેડિકલ, સાયબર, સાઉન્ડ અને ફોરેન્સિક ક્ષેત્રના નિષ્ણાતોની મદદથી આ પુરાવા મેળવ્યા હતા.'

જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટક્લાસની કોર્ટમાં દાખલ કરવામાં આવેલી ૮૯૩ પાનાની ચાર્જશીટમાં ૮૨ સાક્ષીઓના નિવેદનો છે એમ અધિકારીએ ઉમેર્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, પીડિતા સાતારા જવા માટે બસની રાહ જોઈ રહી હતી ત્યારે ગાડે કંડક્ટરના સ્વાંગમાં પહોંચી મદદ કરવાના બહાને પાર્ક કરેલી એક પ્રતીક્ષા બસમાં લઈ જઈ દરવાજા બંધ કરી બળાત્કાર કર્યો હતો. અડધો ડઝન ફોજદારી કેસોનો સામનો કરી રહેલા ગાડેને ડ્રોન અને સ્નિફર ડોગની મદદથી અહીંના શિરુર તહસીલ હેઠળના તેના ગામ નજીકના એક કૃષિ ક્ષેત્રમાંથી પકડવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■

# બીડમાં મહિલા વકીલની મારપીટઃ વિપક્ષ દ્વારા મહાયુતિ સરકારની ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના વિપક્ષ દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે બીડ જિલ્લાના આંબેજોગાઈ તાલુકામાં એક ઘટના બની જ્યાં એક ગામના સરપંચે કાર્યકરો સાથે મળીને એક મહિલા વકીલને નિર્દયતાથી માર માર્યો હતો, કારણ કે તેણે ફરિયાદ કરી હતી કે તેને ડીજેના અવાજથી ખલેલ પહોંચી રહી છે. એવો આરોપ છે કે લાકડીઓ અને પાઇપની મદદથી માર મારવામાં આવ્યો હતો. આ ઘટનાના ફોટા પણ વાયરલ થયા છે અને હવે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળે આ ઘટના પર રાજ્યની સરકાર સામે ભારે ગુસ્સો વ્યક્ત કર્યો છે.

'બીડના આંબેજોગાઈમાં સેશન્સ કોર્ટમાં વકીલાત કરતી એક મહિલાને ગામમાં ધ્વનિ પ્રદૂષણ સામે સત્તાવાર ફરિયાદ નોંધાવવા બદલ સરપંચ અને તેમના કાર્યકરો દ્વારા ખેતરમાં લઈ જઈને નિર્દયતાથી માર મારવામાં આવ્યો. લાકડીઓ અને લોખંડના પાઈપોથી થયેલા હુમલાને કારણે મહિલા બેભાન થઈ ગઈ અને બાદમાં માત્ર એક જ રાતમાં હોસ્પિટલમાંથી ઘરે મોકલી દેવામાં આવી. આ ઘટના ખૂબ જ નિંદનીય છે અને મહિલાઓની સુરક્ષા અંગે સરકારની નિષ્ફળતાનો પુરાવો આપે છે. જો વકીલ મહિલા સુરક્ષિત નથી, તો સામાન્ય મહિલાઓનું શું? જો મહારાષ્ટ્રમાં પૂર્ણ-સમયના ગૃહ પ્રધાન હોય, તો વહીવટીતંત્રે તાત્કાલિક ગુનેગારો સામે કેસ નોંધવો જોઈએ, આરોપીઓની ધરપકડ કરવી જોઈએ અને તેમને કડક સજા કરવી જોઈએ,' એમ હર્ષવર્ધન સપકાળે સરકારને પડકાર ફેંક્યો છે.

શરદ પવાર જૂથના મહિલા પ્રદેશ પ્રમુખ રોહિણી ખડસેએ પણ ટ્વિટ કરીને પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. 'મુખ્ય પ્રધાન, આ ફોટા જુઓ અને મને કહો કે તમને ઊંઘ કેવી રીતે આવી શકે? બીડ જિલ્લાના આંબેજોગાઈ તાલુકાના એક ગામમાં એક ઘટના બની છે જ્યાં એક મહિલા વકીલને ગામના સરપંચે તેમના કાર્યકરો સાથે મળીને ડીજેના અવાજની ફરિયાદ કરવા બદલ નિર્દયતાથી માર માર્યો હતો. લાકડીઓ અને પાઇપની મદદથી કરવામાં આવેલા આ ક્રૂર હુમલામાં મહિલા વકીલ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. જો કોઈ મહિલા વકીલને માર મારવામાં આવી રહ્યો હોય, તો તે દર્શાવે છે કે આ રાજ્યમાં કાયદાનો કેટલો ડર છે. કમનસીબે, આ ઘટનાને કારણે મહારાષ્ટ્ર હવે બિહારથી આગળ વધી ગયું છે,' એમ તેમણે ગૃહ મંત્રાલયની કાર્યક્ષમતા પર સવાલ ઉઠાવતા કહ્યું હતું.

એનસીપી-એસપીના સાંસદ અમોલ કોલ્હેએ કહ્યું હતું કે એક મહિલા વકીલને ૧૦-૧૨ પુરુષો દ્વારા મારપીટ કરવામાં આવે છે તે જીજાબાઈ, અહિલ્યાબાઈ હોળકર અને સાવિત્રીબાઈ ફૂલે જેવા આદર્શ ધરાવતા મહારાષ્ટ્ર જેવા પ્રગત રાજ્ય માટે કલંક સમાન છે. ■

# લગ્નની લાલચે યુવતી પર બળાત્કારઃ નવો વ્યવસાય શરૂ કરવાને બહાને ૧.૧૯ કરોડ રૂપિયા પડાવ્યા

મુંબઈઃ બાંદ્રામાં રહેતી યુવતી પર લગ્નની લાલચે બળાત્કાર ગુજારવા તેમ જ નવો વ્યવસાય શરૂ કરવાને બહાને તેની પાસેથી ૧.૧૯ કરોડ રૂપિયા પડાવવા બદલ યુવક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે ઝણાવ્યું હતું.

ખાનગી કંપનીમાં કામ કરતી યુવતીની મુલાકાત ૨૦૨૨માં ૩૦ વર્ષના આરોપી સાથે થઇ હતી. તેમની મિત્રતા બાદમાં પ્રેમમાં પરિણમી હતી અને આરોપીએ યુવતી સમક્ષ લગ્નન પ્રસ્તાવ મૂક્યો હતો. યુવતીને બાદમાં આરોપી લોનાવલા, બાંદ્રા અને વાશી ખાતે હોટેલમાં લઇ ગયો હતો, જ્યાં લગ્નની લાલચે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. યુવતીનો વિશ્વાસ સંપાદન કર્યા બાદ આરોપીએ નવો વ્યવસાય શરૂ કરવાને બહાને તેની પાસે પૈસાની માગણી કરી હતી. યુવતીએ પણ વખતોવખત તેને ૧.૧૯ કરોડ રૂપિયા આપ્યા હતા, એવું ફરિયાદમાં જણાવાયું હતું.

દરમિયાન યુવતી જ્યારે પણ લગ્ન વિશે વાત કરતી ત્યારે આરોપી વિવિધ કારણો જણાવીને તેને ટાળતો હતો. તાજેતરમાં યુવતીએ આરોપીને લગ્ન વિશે પૂછતાં તેણે ઇનકાર કરી દીધો હતો, જેને પગલે તેણે બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# વિકાસનું વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરવા મહારાષ્ટ્રે બનાવી સલાહકાર સમિતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતા હેઠળ મહારાષ્ટ્ર સરકારે એક સલાહકાર સમિતિનું ગઠન કર્યું છે, જે ૨૦૪૭માં વિકસિત ભારતના લક્ષ્યાંકને હાંસલ કરવા માટેનો વિઝન પ્લાન તૈયાર કરશે, એમ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ સમિતિમાં કુલ ૩૧ લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં રાજ્યના બંને નાયબ મુખ્ય પ્રધાનોનો પણ સમાવેશ થાય છે.

હાયર એન્ડ ટેક્નિકલ એજ્યુકેશન, શાળા શિક્ષણ ખાતા, કૌશલ્ય વિકાસ, ઉદ્યોગ, પશુપાલન, ડેરી ડેવલપમેન્ટ, પીડબ્લ્યુડી, કૃષિ, ગ્રામવિકાસ, મત્સ્યોદ્યોગ અને જાહેર આરોગ્ય ખાતાના પ્રધાનોનો પણ આ સમિતિમાં સમાવેશ કરાયો છે, એમ સરકારી આદેશમાં જણાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત ૧૭ સભ્યોની મુખ્ય સચિવની અધ્યક્ષતા હેઠળની એક સંકલન સમિતિનું પણ ગઠન કરવામાં આવ્યું છે, એમ તેમાં જણાવવામાં આવ્યું છે. આ બંને સમિતિ રાજ્યનો વિઝન દસ્તાવેજ તૈયાર કરશે, જેમાં મહારાષ્ટ્રનું અર્થતંત્ર એક ટ્રિલિયન ડોલર અમેરિકન ડોલરનું બનાવવા નું લક્ષ્યાંક સાધ્ય કરવાની વાત કરાશે. ■

# ભિવંડીમાં મહિલાની હત્યાનો પ્રયાસઃ ત્રણ સામે ગુનો

થાણેઃ ભિવંડીમાં ૨૩ વર્ષની મહિલાની હત્યાનો પ્રયાસ કરવા બદલ ત્રણ જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

આરોપીઓમાં બે મહિલાનો સમાવેશ હોઇ તેઓ પીડિતના સંબંધી છે. પીડિત સાથે વિવાદ થયા બાદ આરોપીઓએ તેને જબરજસ્તી લિક્વિડ પીવડાવ્યું હતું. ૧૪ એપ્રિલે આ પ્રકરણે ગુનો દાખલ કરાયો હતો. કેસની તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# ભિવંડીમાં બાળકી સાથે દુષ્કર્મઃ સગીર વિરુદ્ધ ગુનો

થાણેઃ થાણે જિલ્લાના ભિવંડીમાં પાંચ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ આચરવા પ્રકરણે સગીર વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ભિવંડી ટાઉન પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે ૧૪ વર્ષનો સગીરે ૧૬ એપ્રિલના રોજ બાળકીને ચોકલેટની લાલચ આપી હતી અને તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું.

દરમિયાન બાળકી સાથે દુષ્કર્મ આચરાયું હોવાની જાણ પરિવારને થતાં તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા અને (પોક્સો) પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. આરોપીની હજી તાબામાં લેવાયો ન હોવાનું પોલીસ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)■

# થાણે પાલિકાના અધિકારી સામે જાતીય સતામણીના કેસમાં આરોપો સાબિત ન થયા

થાણાઃ ફરિયાદી મહિલા અને તેની સગીર પુત્રી તેમના આરોપો પુરવાર કરવામાં નિષ્ફળ ગયા બાદ વિશેષ પોક્સો કોર્ટે મહારાષ્ટ્રના થાણે જિલ્લાના એક પાલિકા અધિકારીને જાતીય સતામણીના કેસમાં નિર્દોષ જાહેર કર્યા છે. શુક્રવારે ઉપલબ્ધ થયેલા ૧૬ એપ્રિલના આદેશની નકલમાં વિશેષ ન્યાયમૂર્તિ ડી. એસ. દેશમુખે જણાવ્યું હતું કે ફરિયાદી પક્ષના સાક્ષીઓએ તેમના કેસનું સમર્થન કરતા પુરાવા રજૂ નથી કર્યા.

ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર, મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનના સેનેટરી ઇન્સ્પેક્ટર કાંતિલાલ કિસાન બાંગર (૫૧)એ મહિલાના પતિને નોકરી આપવાના બહાને ૨૦૨૨માં એ મહિલા સફાઈ કામદાર અને તેની કિશોરવયની પુત્રી સાથે જાતીય દુર્વ્યવહાર કર્યો હતો. બાંગર સામે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ (પોક્સો) એક્ટ અને ઇન્ડિયન પીનલ કોડ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

જોકે, ફરિયાદી અને તેની પુત્રી સુનાવણી દરમિયાન આક્ષેપોનું સમર્થન કરવામાં નિષ્ફળ ગયા હતા. ન્યાયમૂર્તિએ ચુકાદામાં જણાવ્યું હતું કે ફરિયાદી પક્ષના સાક્ષીઓએ સ્વીકાર્યું હતું કે આરોપીએ ફરિયાદી વિરુદ્ધ કોઈ કૃત્ય કર્યું નથી અને એટલે આરોપો સાબિત થઈ શકે તેમ નથી. (પીટીઆઈ)■

# બસમાં મહિલાનો વિનયભંગ કરવા બદલ યુવકની ધરપકડ

મુંબઈઃ બસમાં પ્રવાસ દરમિયાન મહિલાનો વિનયભંગ કરવા બદલ વરલી પોલીસે ૩૧ વર્ષના યુવક ઇરફાન હુસેન શેખની ધરપકડ કરી હતી. બાંદ્રા પૂર્વમાં રહેતો ઇરફાન શેખ વરલી વિસ્તારમાં શિપિંગ કામ કંપનીમાં કરતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ફરિયાદી મહિલા ૧૦ એપ્રિલે સવારે બસમાં પ્રભાદેવીથી કુરણે ચોક આવી રહી હતી ત્યારે બસમાં તેની આગળ ઊભેલા આરોપીએ તેનો વિનયભંગ કર્યો હતો. આ ઘટના બાદ ૧૬ એપ્રિલે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન મહિલા જે બસમાં પ્રવાસ કરી રહી હતી તે બસમાંના તથા પ્રભાદેવીથી કુરણે ચોક વચ્ચેના સીસીટીવી કેમેરાના ફૂટેજ પોલીસે તપાસ્યા હતા, જેમાં આરોપી વરલીમાં બસમાંથી ઊતરતો નજરે પડ્યો હતો. આરોપી વરલીમાં શિપિંગ કંપનીમાં કામ કરતો હોવાની માહિતી મળ્યા બાદ તેની શોધ ચલાવાઇ હતી અને આખરે તેને તાબામાં લેવાયો હતો. ■

# નેશનલ હેરલ્ડ કેસમાં ઇડીની ચાર્જશીટના વિરોધમાં યુવા કૉંગ્રેસનું પુણેમાં રેલ રોકો

પુણેઃ નેશનલ હેરલ્ડ કેસમાં કૉંગ્રેસનાં અધ્યક્ષા સોનિયા ગાંધી, નેતા રાહુલ ગાંધી સામે એન્ફોર્સમેન્ટ ડિરક્ટોરેટ (ઇડી)ની ચાર્જશીટને વખોડવા યુવા કૉંગ્રેસના કાર્યકરોએ શુક્રવારે પુણે શહેરમાં 'રેલ રોકો' આંદોલન દરમિયાન લોકલ ટ્રેનો અટકાવી દીધી હતી અને કહ્યું હતું કે ભાજપની રાજકીય રમત સાંખી લેવામાં નહીં આવે.

દેખાવકારોનું કહેવું હતું કે નેશનલ હેરલ્ડ કેસ રાહુલ ગાંધીને ડરાવવા માટેનું કેન્દ્ર સરકારનું કાવતરું છે.

રેલ રોકો આંદોલનમાં અંદાજે ૬૦ કાર્યકરો જોડાયા હતા અને ખડકી રેલવે સ્ટેશન ખાતે પુણે-લોનાવલા લોકલ ટ્રેનને રોકી દીધી હતી. પોલીસે દેખાવકારોની ધરપકડ કરીને શિવાજીનગર રેલવે સ્ટેશન ખાતેના રેલવે પ્રોટેકશન ફોર્સ (આરપીએફ) પોલીસ સ્ટેશનમાં લઇ ગયા હતા.

આ નિમિત્તે યુવા કૉંગ્રેસના રાજ્યના કાર્યવાકી પ્રમુખ શિવરાજ મોરેએ જણાવ્યું હતું કે ભાજપ દ્વારા રાજકીય વેર વાળવા માટેનો જે સિલસિલો શરૂ કરાયો છે તે તદ્દન સહન નહીં કરવામાં આવે. રાહુલ ગાંધી સામેનો ખોટો કેસ તે તેમના અવાજને દબાવી દેવાનું કાવતરું છે. આ લોકશાહી પરનો હુમલો છે.

યુવા કોંગ્રેસ રસ્તા પર ઊતરી આવશે, રેલવેને રોકી દેવામાં આવશે અને સરકારને હલબલાવી મુકાશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# થાણે-પાલઘરમાં ટ્રાફિક ઉલ્લંઘન પકડવા એઆઈ ટેકનોલોજી

થાણેઃ થાણે અને પાલઘર જિલ્લાના મોટા વિસ્તાર પર અધિકારક્ષેત્ર ધરાવતી મીરા ભાયંદર વસઈ વિરાર પોલીસે ટ્રાફિક મોનિટરિંગ અને માર્ગ સલામતી વધારવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ આધારિત મલ્ટિ-રેગ્યુલેશન ડિટેક્શન સિસ્ટમ શરૂ કરી હોવાનું કમિશનર મધુકર પાંડેએ શુક્રવારે જણાવ્યું હતું. એઆઈ આધારિત સિસ્ટમ આ વર્ષે માર્ચમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી હતી અને આ ઓટોમેશન દ્વારા જનરેટ થયેલું પ્રથમ ટ્રાફિક ચલણ ૭ એપ્રિલે જારી કરવામાં આવ્યું હતું.

પ્રેસ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે ટ્રાફિકના નિયમન અમલમાં એક મોટી પ્રગતિ છે. એઆઈ-સંચાલિત પ્લેટફોર્મથી ટ્રાફિકના ઉલ્લંઘન ઝડપાઇ જશે અને તેના પર કાર્યવાહી થશે. નવી સિસ્ટમ ચોકસાઇ સાથે આપમેળે બહુવિધ ટ્રાફિક ઉલ્લંઘનોને શોધી શકે છે. તેના અમલના પ્રથમ તબક્કાના ભાગરૂપે, આ સિસ્ટમ હાલમાં હેલ્મેટનો ઉપયોગ, ટ્રિપલ સીટ રાઇડિંગ જેવી બાબતોમાં કરવામાં આવેલું ઉલ્લંઘન પકડી પાડે છે. અત્યાર સુધીની પ્રચલિત પદ્ધતિમાં ટ્રાફિક અધિકારીઓ આવા ઉલ્લંઘનોને ઓળખવા માટે મેન્યુઅલ ફોટોગ્રાફી અને વીડિઓ પુરાવા પર આધાર રાખે છે.' (પીટીઆઈ)■

# રેલવેની ત્રણેય લાઈનમાં અલગ અલગ બ્લોક

## વાનખેડેસ્થિત એફઓબીના ગર્ડર માટે આજે રાતના બ્લોક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સબર્બન રેલવેમાં પશ્ચિમ રેલવેની સાથે મધ્ય રેલવેની મેઈન લાઈન સાથે ટ્રાન્સ હાર્બર લાઈનમાં વિશેષ બ્લોક લેવામાં આવશે. પશ્ચિમ રેલવેમાં આજે વાનખેડે ખાતેના ફૂટઓવર બ્રિજ (એફઓબી)ના કામકાજ માટે રાતના ૧.૧૫ વાગ્યાથી રવિવારે સવારના ૪.૧૫ વાગ્યા સુધી બ્લોક રહેશે. ચર્ચગેટ અને મરીન લાઈન્સ સ્ટેશનની વચ્ચેના ફૂટઓવર બ્રિજના દક્ષિણ દિશાના મુખ્ય ગર્ડરના કામકાજ માટે ત્રણ કલાકનો બ્લોક રહેશે. પશ્ચિમ રેલવેના બ્લોકને કારણે આજે રાતના ૮.૫૦ વાગ્યાની બોરીવલી-ચર્ચગેટ અને રવિવારે વહેલી સવારના ૪.૩૮ વાગ્યાની લોકલ રદ રહેશે. આજે રાતના ૧૨.૧૦ વાગ્યાની બોરીવલી-ચર્ચગેટ લોકલ મુંબઈ સેન્ટ્રલમાં શોર્ટ ટર્મિનેટ કરાશે. રાતના વિરારથી ૧૧.૪૯ વાગ્યાની ટ્રેન મુંબઈ સેન્ટ્રલમાં શોર્ટ ટર્મિનેટ થશે. રાતના ૧૨.૩૦ વાગ્યાની બોરીવલી-ચર્ચગેટ લોકલ, મોડી રાતના ૧૨.૦૫ વાગ્યાની વિરાર-ચર્ચગેટ લોકલ મુંબઈ સેન્ટ્રલમાં શોર્ટ ટર્મિનેટ કરાશે. રવિવારે વહેલી સવારની ૪.૧૫ વાગ્યાની ચર્ચગેટ લોકલ મુંબઈ સેન્ટ્રલથી રવાના થશે, જ્યારે ૪.૧૮ વાગ્યાની ચર્ચગેટ-બોરીવલી લોકલ ચર્ચગેટથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે રદ રહેશે, જ્યારે વિરાર ચર્ચગેટ લોકલ ૧૧.૩૦ વાગ્યે વિરારથી ઉપડશે, જ્યારે નિર્ધારિત સમય અનુસાર ૧.૧૦ વાગ્યે ચર્ચગેટ પહોંચશે. ■

### બદલાપુરમાં આજે રાતના છ કલાકનો નાઈટ બ્લોક

બદલાપુર સ્ટેશને વિવિધ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સંબંધિત કામગીરી માટે આજે રાતના ૧૨.૦૦ વાગ્યાથી રવિવારે સવારના છ વાગ્યા સુધી છ કલાકનો બ્લોક રહેશે. એ જ રીતે દીવા અને મુમ્બ્રા સ્ટેશનને વચ્ચે રેલવે લાઈનમાં કન્વર્ઝન માટે રવિવાર અને સોમવારે રાતના એક વાગ્યાથી બીજા દિવસે વહેલી સવારાના પાંચ વાગ્યા સુધી બ્લોક રહેશે, પરિણામે મોડી રાતની લોકલ ટ્રેન સહિત લાંબા અંતરની ટ્રેનસેવા પર આગામી ત્રણેક દિવસ અસર રહેશે.

### રવિવારે સીએસએમટી-વિદ્યાવિહાર વચ્ચે પાંચ કલાકનો બ્લોક

મધ્ય રેલવેમાં રેલવે ટ્રેક અને સિગ્નલિંગ યંત્રણા માટે ૨૦મી એપ્રિલના રવિવારે સીએસએમટી-વિદ્યાવિહાર અપ એન્ડ ડાઉન લાઈનમાં સવારના ૧૦.૫૫ વાગ્યાથી બપોરના ૩.૫૫ વાગ્યા સુધી પાંચ કલાકનો મેગા બ્લોક રહેશે. જોકે, બ્લોક દરમિયાન લોકલ ટ્રેન મસ્જિદ રોડ, સેન્ડ હર્સ્ટ રોડ, કરી રોડ અને ચિંચપોકલી સ્ટેશને હોલ્ટ રહેશે નહીં. ઉપરાંત, ટ્રાન્સ હાર્બર લાઈનમાં થાણે-વાશી/નેરુલ વચ્ચે સવારના ૧૧.૧૦ વાગ્યાથી બપોરના ૪.૧૦ વાગ્યા સુધી બ્લોક રહેશે.

### પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ

ઉનાળામાં પ્રવાસીઓના ધસારાને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવેએ અઢારમી એપ્રિલના શુક્રવારથી લઈને પંદરમી મે સુધી પ્લેટફોર્મ ટિકિટનું વેચાણ બંધ કર્યું છે. મધ્ય રેલવેના મહત્ત્વના ટર્મિનસમાં સીએસએમટી, એલટીટી, કલ્યાણ, પુણેનો સમાવેશ થાય છે. જોકે, વરિષ્ઠ નાગરિકો, બીમાર દર્દી, બાળકો સહિત કોઈ પ્રવાસી સાથેના કેરટેકર માટે છૂટ રહેશે, એમ રેલવેએ જણાવ્યું હતું. ■



# વરસાદમાં પાણીનાં ઝડપી નિકાલ માટે સુધરાઈ વધુ પંપ બેસાડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ચુનાભટ્ટી રેલવે પરિસર, શેલ કોલોની, હિંદમાતા પરિસરમાં જેવા નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી જમા થઈને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થાય નહીં તે માટે વરસાદી પાણીનો નિકાલ કરનારા પંપની સંખ્યા વધારાશે. એટલું જ નહીં પણ આ પંપથી પાણીનો યોગ્ય રીતે નિકાલ થઈ શકે તે સંબંધી માહિતી માટે આઈઓટી ટેક્નોલોજીનો ઉપયોગ કરાશે, જેમાં પંપમાં લાગેલા સેન્સરની માહિતી ડિઝાસ્ટર મેનેજમેન્ટને મળતી રહેશે અને તેને કારણે પંપ ચાલે છે કે નહીં અને તેની ક્ષમતા વધ-ઘટ કરવા સંબંધી માહિતી સમયસર મળતી રહેશે અને તે મુજબ ઉપાયયોજના અમલમાં મુકાશે. ગયા વર્ષે ચોમાસામાં ભારે વરસાદ દરમ્યાન હાર્બર લાઈનમાં ચુનાભટ્ટી રેલવે સ્ટેશન પર પાણી ભરાઈ જવાને કારણે હાર્બર લાઈન લાઈન ઠપ થઈ ગઈ હતી. આ વર્ષે તેનું પુનરાવર્તન થાય નહીં તે માટે ચુનાભટ્ટી સ્ટેશન પરિસરમાં પંપની સંખ્યા વધારવામાં આવવાની છે. એ સાથે જ લોકલ સેવાને અસર થાય નહીં માટે રેલવે પ્રશાસનની સાથે જ પાલિકાના અધિકારીઓ હાઈડ્રોલિક સર્વેક્ષણ કરીને પાણીનો નિકાલ કરવા માટે ઉપાયયોજના અમલમાં મૂકવાનો નિર્દેશ પાલિકાના એડિશનલ કમિશનર અભિજિત બાંગરે આપ્યો હતો. શુક્રવારે ચોમાસાના કામના ભાગ તરીકે નીચાણવાળા વિસ્તારમાં જયાં પાણી ભરાઈ જતા હોય છે તે સ્થળે શું ઉપાયયોજના અમલમાં મૂકી છે તેનું શુક્રવારે તેમણે ઈન્સ્પેકશન કર્યું હતું.નીચાણવાળા વિસ્તારોના ઈન્સ્પેકશન બાદ અભિજિત બાંગરે કહ્યું હતું કે ચુનાભટ્ટી સહિત માનખુર્દ મહારાષ્ટ્રનગરના સબવેમાં ચોમાસાના પાણી ભરાય નહીં અને ટેંભી પૂલ પરિસરમાં ચોમાસાના પાણી ભરાય નહીં તેમાટે તેમ જ હિંદમાતા પરિસરમાં પંપિગ સેન્ટરનું યોગ્ય રીતે સંચાલન થાય નહીં માટે ખાસ કાળજી લેવાની રહેશે. આ વિસ્તારોમાં વરસાદી પાણીનો ઝડપથી નિકાલ થાય તે માટે વધારાના પંપ બેસાડવામાં આવશે. તેમ જ વરસાદી પાણીનો નિકાલ કરનારા પંપોને આઈઓટી (ઈન્ટરનેટ ઓફ થિંગ્સ) તત્વ પર આધારિત ટેક્નોલોજી સાથે જોડનારા સેન્સર બેસાડાશે. આ સેન્સરની માહિતી ડિઝાસ્ટર મેનેજમેન્ટે સમયસર મળશે અને તેને કારણે પંપ ચાલુ છે કે નહીં તે સમયસર માહિતી ઉપલબ્ધ થશે અને તે મુજબ અહીં વરસાદી પાણી જમા થઈને પૂરજનક પરિસ્થિતિ નિર્માણ થતા રોકી શકાશે.

### માનખુર્દ સબવે પાસે મિનિ પંપિગ સ્ટેશન બનશે

માનખુર્દ મહારાષ્ટ્રનગર સબવે નીચાણવાળા વિસ્તારમાં હોવાથી દર વર્ષે ચોમાસામાં અહીં મોટા પ્રમાણમાં પાણી ભરાઈ જતા હોય છે. નીચાણવાળો વિસ્તાર હોવાથી પાણી અન્ય જગ્યાએ વાળવું શક્ય નથી. ફક્ત ઉપાયયોજના અમલમાં મૂકીને ચોમાસાનું પાણી ભરાવવાનું પ્રમાણ ઘટાડી શકાય છે. તે માટે રેલવે હદમાં મિનિ પંપિંગ સ્ટેશન બનાવવાનું પ્રસ્તાવિત છે. તેની સાથે પૂરતી ક્ષમતા સાથેની સ્ટોરેજ ટેન્કર અને કલાકના ત્રણ હજાર ક્યુબિક મીટર ક્ષમતાના ત્રણ-ત્રણ પંપ બેસાડવાના કામનો સમાવેશ થાય છે. આ કામની ટેન્ડર પ્રક્રિયા ચાલુ છે. સબવેમાં ભરાતા વરસાદી પાણી પશ્ચિમ દિશામાં ૮૦૦ મીટર અંતર પર પાઈપલાઈનના માધ્યમથી ખાડીમાં છોડવાની પણ યોજના છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### શું છે આખો મામાલો ?

નીચલી કોર્ટમાં તમામ દસ્તાવેજો રજૂ કરવા માટે આઠ દિવસ આપવામાં આવ્યો હતો. તેનું કામ ચાલી રહ્યું હતું પણ તેમાં પણ બે-ત્રણ બૅન્ક હોલિડે આવી ગયા હતા. આ દરમ્યાન મંગળવારે મોડી સાંજે અમને બુધવારે સવારના દેરાસર તોડી પાડવાના હોવાની સુધરાઈની નોટિસ મળી હતી. તેથી અમે તાત્કાલિક કોર્ટમાં ગયા હતા અને તેના પર સુનાવણી થઈને રાહત મળવાની હતે એ પહેલા જ પાલિકાએ દેરાસર તોડી પાડ્યું હતું.

### મહારાષ્ટ્રમાં શિક્ષકો

અજંગ સ્થિત જિલ્લા પરિષદની શાળામાં ઓએનજીસી અને અવંત ફાઉન્ડેશનના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) હેઠળ વિદ્યાર્થીઓને શૈક્ષણિક ટેબલો સાથે સ્કૂલ બેગના વિતરણ પ્રસંગે બોલી રહ્યા હતા. ભુસેએ વિદ્યાર્થીઓને નિયમિત શાળાઓમાં અભ્યાસ કરવા અને જ્ઞાન પ્રાપ્ત કરવા પર ભાર મૂક્યો હતો અને વાલીઓએ તેમના બાળકો સાથે વાતચીત કરવી જોઈએ અને શાળાઓએ પ્રવાસો જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ તેવી અપીલ પણ કરી હતી.

### પ્રધાન અતુલ સાવેને

પર દાવો હતો, પરંતુ ભાજપ પણ મુખ્ય પ્રધાનપદ માટે આગ્રહી હોવાથી, એકનાથ શિંદેને આખરે દાવો છોડવો પડ્યો હતો.

આ પછી, મહાયુતિની અંદર બેઠકોની વહેંચણીને લઈને ખેંચતાણ જોવા મળી હતી. એકનાથ શિંદે ગૃહ મંત્રાલય ઇચ્છતા હતા. પણ તે ખાતું પણ ભાજપ પાસે ગયું. આ પછી, પાલક પ્રધાનપદ માટે ખેંચતાણ જોવા મળી હતી. નાશિક અને રાયગઢ જિલ્લાના પાલક પ્રધાનો હજુ સુધી નક્કી થયા નથી. તેથી, મહાયુતિમાં અસંતોષ અથવા મતભેદના સતત અહેવાલો આવી રહ્યા છે. થોડા દિવસો પહેલા, એવા અહેવાલ આવ્યા હતા કે દેવેન્દ્ર ફડણવીસે એકનાથ શિંદે દ્વારા મંજૂર કરાયેલા આરોગ્ય વિભાગના ૩૨૦૦ કરોડ રૂપિયાના કામોને સ્થગિત કરી દીધા છે. આ પછી, હવે માહિતી બહાર આવી રહી છે કે મુખ્ય પ્રધાને અતુલ સાવે દ્વારા મંજૂર કરાયેલા કામોને સ્થગિત કરી દીધા છે.

### ઘાટકોપરમાંનો

કાર્યવાહી કરીને છ મહિનામાં રિપોર્ટ રજૂ કરવાનું કહ્યું હતું.

કોર્ટે પાલિકાને એક અઠવાડિયાની અંદર ટ્રસ્ટના ગેરકાયદે બાંધકામને તોડી પાડવા તથા ભવિષ્યમાં પણ તેના પર કોઇ ગેરકાયદે બાંધકામ ન થાય તેનું ધ્યાન રાખવા કહ્યું હતુ. ઘાટકોપરમાં ૫૮૫ ચો. મીટરની જમીન પર સમુદાયનો હોલ બાંધવાની મંજૂરી પાલિકા અને મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (મ્હાડા) દ્વારા અખિલ ભટવાડી સાર્વજનિક ઉત્સવ મંડળને આપવામાં આવી હતી. તેની સામે કરાયેલી અરજી પરની સુનાવણી વખતે કોર્ટે પાલિકાની ઝાટકણી કાઢી હતી. અરજદારોના કહેવા પ્રમાણે આ જમીન એક ગણપતિ મંદીરની પણ છે તથા બાકીનો તેનો હિસ્સો ખુલ્લા મેદાન તરીકે અનામત રાખવામાં આવ્યો છે જેનો ઉપયોગ રમતગમત, ધાર્મિક કાર્યક્રમો, રાજકીય બેઠકો અને સામાજિક પ્રસંગો માટે કરવામાં આવે છે. (પીટીઆઇ)

### સરકાર પર વર્ષે

છે એમ રાજ્ય સચિવાલયના સૂત્રોએ જણાવ્યું હતું. આ ટોલ માફીને કારણે રાજ્ય સરકારને વાર્ષિક ૧૦૦ કરોડ રૂપિયાના બોજનો સામનો કરવો પડે એવો અંદાજ છે. પરિવહન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલી ટોલ માફીની દરખાસ્ત રાજ્યની નવી ઈવી નીતિનો એક ભાગ છે. આગામી કેટલાક સપ્તાહમાં એ લાગુ કરવામાં આવે તેવી શક્યતા છે. નીતિમાં પહેલી મેથી લાગુ થનારા બે એક્સપ્રેસ વે પર ઇવીને ટોલ ટેક્સ ભરવામાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ છે. આ પ્રસ્તાવમાં બંને હાઈવે પર દર પચીસ કિલોમીટરના અંતરે તેમજ સરકારી ઓફિસો નજીક ચાર્જિંગ સ્ટેશનો હોવા જોઈએ એવી રજૂઆત પણ કરવામાં આવી છે.

### વાલ્મિક કરાડ એન્કાઉન્ટર

પ્રધાન ધનંજય મુંડે અને તેના નિકટવર્તી વાલ્મિક કરાડ વિરુદ્ધ આરોપો કર્યા હતા. ગુરુવારે રાતે પુણે એરપોર્ટ પર કાસલેએ જણાવ્યું હતું કે કરાડને ખતમ કરવાનો મને કોન્ટ્રેક્ટ મળ્યો હતો, એવું હું છાતી ઠોકીને કહીં શકું છું.

બીડના સ્થાપિત ઊર્જા કંપનીને ખંડણી માટે લક્ષ્ય બનાવવાના પ્રયાસોને કથિત પણે અટકાવનારા દેશમુખનું ૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ અપહરણ કર્યા બાદ ટોર્ચર કરીને તેની હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે કરાડ સહિત આઠ જણની ધરપકડ કરાઇ હતી અને તેમની સામે એમસીઓસીએ (મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ) લગાવાયો હતો.

કાસલેને અગાઉ સસ્પેન્ડ કરાયો હતો અને તેની વિરુદ્ધ પ્રાથમિક તપાસ ચાલી રહી હતી. સોશ્યલ મીડિયા પર બીજી એપ્રિલે વાંધાજનક ટિપ્પણી પોસ્ટ કરવા બદલ કાસલે સામે શિડ્યુલ્ડ કાસ્ટ એન્ડ શિડયુલ્ડ ટ્રાઇબ્સ (પ્રિવેન્શન ઓફ એટ્રોસિટીસ) એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો.

ધરપકડથી બચવા ભાગી રહેલા કાસલેએ સોશ્યલ મીડિયા પર સનસનાટીભર્યા દાવા કરતા વીડિયો સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યા હતા, જેને પોલીસ અધિકારીઓએ વારંવાર ફગાવી દીધા હતા. તાજેતરના વીડિયોમાં તેણે પોતાની વિરુદ્ધ દાખલ કેસ સંબંધે પોલીસ સમક્ષ શરણાગતિ સ્વીકારવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. શુક્રવારે બીડની હોટેલમાંથી તેને તાબામાં લેવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. ગુરુવારે પુણેમાં કાસલેને પુછાયું હતું કે તારા દાવા માટે શું પુરાવા છે. એ સમયે કાસલેએ જણાવ્યું હતું કે આવી ઓફરો બંધબારણે કરાય છે અને તેનું કોઇ પગેરું નહીં રખાય તેની ખાતરી રાખવામાં આવે છે.

મેં કરાડના એન્કાઉન્ટરની ઓફર નકારી કાઢી, કારણ કે હું માનતો હતો કે કરાડ જો કસૂરવાર હશે તો કાયદો તેને સજા કરશે.

કાસલેએ દાવો કર્યો હતો કે તેનું અપહરણ કરીને કોલ્હાપુરના બારશી ખાતે લઇ જવાયો હતો. ચૂંટણીના દિવસે તેની ડ્યૂટી બદલી નાખવામાં આવી હતી. એક ભૂતપૂર્વ પ્રધાન સાથે જોડાયેલા કંપનીના અકાઉન્ટમાંથી તેને ૧૦ લાખ રૂપિયા અપાયા હતા. (પીટીઆઇ)

### અકસ્માતગ્રસ્તોને

કલેક્ટરોની અધ્યક્ષતામાં સમિતિ દ્વારા આ પ્રક્રિયા પારદર્શક રીતે હાથ ધરવામાં આવશે. આવરી લેવામાં આવેલી પ્રક્રિયાઓની સંખ્યા વધારવા, અંગ પ્રત્યારોપણ જેવી ખર્ચાળ સારવાર સહિત દરમાં સુધારો કરવા અને પ્રાથમિક આરોગ્ય સેવાઓને આ યોજનામાં સામેલ કરવા અંગે વિચારણા કરવા માટે એક અભ્યાસ સમિતિની રચના કરવામાં આવી છે.' તેમણે સમિતિને એક મહિનાની અંદર પોતાનો અહેવાલ રજૂ કરવા જણાવ્યું હતું. વધુ જાણકારી આપતા આબિટકરે જણાવ્યું હતું કે 'લોકોની સહાય માટે યોજના હેઠળ આવતી હોસ્પિટલો વિશેની માહિતી આપવા, કેટલા બેડ ઉપલબ્ધ છે એ જણાવવા અને ફરિયાદો નોંધાવવા માટે એક અલગ મોબાઇલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવશે.

'આયુષ્માન (ભારત) કાર્ડનું વિતરણ ઝડપી બનાવવા સરકાર આશાના કાર્યકરો, આંગણવાડી કાર્યકરો, રેશનની દુકાનના માલિકો અને નાગરિક સેવા કેન્દ્રોને સામેલ કરશે. આ કામદારો માટે માનદ્ વેતનમાં પણ વધારો કરવામાં આવશે, એમ તેમણે ઉમેર્યું હતું.' (પીટીઆઈ)

### મુંબઈ-પુણે

રાજ્યમાં પહેલી જાન્યુઆરી, ૨૦૨૫ના ૪૮૮.૨ કરોડ વાહનો હતા તેમાં ઇલેક્ટ્રિક વાહનોનો હિસ્સો ફક્ત છ ટકા જ હતો. તેની સરખામણીમાં દિલ્હીમાં ૧૨ ટકા, કર્ણાટકમાં નવ ટકા અને તમિળનાડુમાં આઠ ટકા ઇલેક્ટ્રિક વાહનો છે જે મહારાષ્ટ્ર કરતા વધુ છે. ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા મૂકવામાં આવેલો ટોલ ફીનો પ્રસ્તાવ એ રાજ્યની નવી ઇવી પોલિસીનો એક ભાગ છે અને આગામી થોડા અઠવાડિયામાં તેના પર નિર્ણય લેવાશે. પ્રસ્તાવ પ્રમાણે ઇલેક્ટ્રિક વાહનોને પહેલી મેથી ઉક્ત મહત્ત્વના એક્સપ્રેસવે પર ટોલ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવે. આ સિવાય બન્ને હાઇવે પર પચીસ કિલોમીટરના અંતરે અને સરકારી કાર્યાલયો નજીક ચાર્જિંગ સ્ટેશનો ઊભા કરવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલા 'ગ્રીન એન્જી કોરિડોર' હેઠળ ૯૩ કિલોમીટરના લાંબા મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર તથા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની કલ્પનાનો રાજ્યનો ૭૧૦ કિલોમીટર લાંબો સમૃદ્ધિ એક્સપ્રેસવે નવો હોવાને કારણે આ બન્ને માર્ગ પર ઇલેક્ટ્રિક વાહનોને ટોલ ટેક્સમાં છૂટ આપવાનો પ્રસ્તાવ મૂકાયો છે.

આ ટોલ ટેક્સમાંથી મુક્તિને કારણે રાજ્ય સરકાર પર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાનો બોજો પડશે. તેથી જાહેર બાંધકામ સહિતના અમુક વિભાગો તરફથી તેને મંજૂરી મળી જશે, પરંતુ નાણાં વિભાગ દ્વારા વાંધો ઉઠાવવામાં આવી શકે છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

### દાદરનું કબૂતરખાનું

કેઇએમ અને સાયન એમ બે હોસ્પિટલ પાસેથી અહેવાલ મગાવ્યો છે.

મુંબઈમાં કબૂતરોની સંખ્યા વધી રહી હોવાથી શ્વસન સંબંધિત તકલીફો વધી રહી છે. તેથી દાદરના કબૂતરખાનાને બંધ કરવાની માગણી મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) દ્વારા ઘણા લાંબા સમયથી કરવામાં આવી છે.

થોડા વર્ષ અગાઉ પણ મનસે દ્વારા દાદરના કબૂતરખાનાને દૂર કરવાની માગણી કરવામાં આવી હતી, પરંતુ ત્યારે તે કબૂતરખાનું બહુ જૂનું હોવાનું કહીને તેમની માગણી ફગાવી દીધી હતી, પરંતુ હવે ફરી આ માગણી જોર પકડવા લાગી છે. આ માટે સ્થાનિક રહેવાસીઓ સાથે બેઠક પણ યોજાવાની હતી, પરંતુ એવામાં ૧૫ દિવસ પહેલા જ પાલિકામાં મોટા પ્રમાણમાં અધિકારીઓની બદલી કરવામાં આવી. જી-ઉત્તર વિભાગના સહાયક કમિશનરની બદલી કરવામાં આવી તેથી આ મુદ્દો હવે બાજુ પર પડી ગયો છે.

### બ્રાહ્મણો વિશે

હોબાળો મચી ગયો છે. વિવાદાસ્પદ ફિલ્મ 'ફૂલે' સામે બ્રાહ્મણ સમાજે તીવ્ર નારાજગી અને વાંધાવચકા વ્યક્ત કરતા અનુરાગ કશ્યપે બ્રાહ્મણ હિંદુઓને આડે હાથ લઈ નફરત વ્યક્ત કરી હતી. પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરની પોસ્ટ હેઠળ વ્યક્ત થયેલી પ્રતિક્રિયાનો જવાબ આપતા અનુરાગ કશ્યપે કથિત રીતે કહ્યું હતું કે તે બ્રાહ્મણો પર પેશાબ કરશે. ૧૭ એપ્રિલ ૨૦૨૫ના દિવસે (ગુરુવારે) વિવાદિત ફિલ્મ મેકરે તેના ઇન્સ્ટાગ્રામ પેજ પર એક પોસ્ટ મૂકી હતી. એ પોસ્ટમાં મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ જૂથો દ્વારા કરવામાં આવેલા આક્રોશ અને અનંત મહાદેવન દિગ્દર્શિત 'ફૂલે' ની રજૂઆતમાં વિલંબ સંદર્ભે પોતાની હતાશા વ્યક્ત કરી હતી. ફિલ્મમાં પ્રતીક ગાંધીએ જ્યોતિબા ફુલેનો અને પત્રલેખાનએ સાવિત્રીબાઇ ફૂલેનો રોલ કર્યો છે. પતિ - પત્નીએ સમાજ સુધારણાનું અભિયાન ચલાવ્યું હતું.

### મુંબઈના પીવાનાં પાણીની

મહારાષ્ટ્ર રાજ્ય વન્યજીવન બોર્ડની ૨૪મી બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા. ફડણવીસે જણાવ્યું હતું કે ગારગાઈ પ્રોજેક્ટ શહેર માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તેની વધતી જતી વસ્તીને પાણીની અછત વર્તાવાની છે. અત્યારે મુંબઈ શહેરને સાત જળાશયમાંથી પાણી પૂરું પાડવામાં આવે છે.

૮૪૪.૮૭૯ હેક્ટર જંગલ જમીનને ડાયવર્ઝન માટે મંજૂરી મળતાં મુંબઈને હવે વધારાનું પીવાલાયક પાણી મળશે. તેમણે વધુમાં વન વિભાગને જરૂરી વન્યજીવન અને પર્યાવરણીય મંજૂરીઓ જારી કરવાનો નિર્દેશ આપ્યો, જે શરતોને આધિન રહેશે. મંજૂરી મેળવવા માટે રાષ્ટ્રીય વન્યજીવન બોર્ડને તાત્કાલિક સંપૂર્ણ દરખાસ્ત રજૂ કરવી જોઈએ, જેનાથી ગારગાઈ ડેમ પ્રોજેક્ટને વેગ મળશે.

અધિકારીઓએ રાજ્ય વન્યજીવન બોર્ડની સ્થાયી સમિતિ દ્વારા ભલામણ કરાયેલા ટાઈગર કોરિડોર સાથે સંરક્ષિત અને પર્યાવરણીય સંવેદનશીલ ઝોનમાં આવતા વિકાસ પ્રોજેક્ટ્સ પર પણ ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

## રાજ્યને રણ પ્રદેશમાં ફેરવશે સરકારઃ આદિત્ય

શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ શુક્રવારે દેવેન્દ્ર ફડણવીસની આગેવાની હેઠળની સરકાર પર 'લાખો વૃક્ષો' કાપવાની જરૂર પડે તેવા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવા બદલ નિશાન સાધ્યું હતું, જેમાં મુંબઈને પાણી પૂરું પાડવા માટે પ્રસ્તાવિત ગારગાઈ ડેમ બનાવવાનો પણ સમાવેશ થાય છે. એક પત્રકાર પરિષદને સંબોધતા, તેમણે શાસકપક્ષ ભાજપ પર પ્રહારો કરતાં કહ્યું હતું કે પાર્ટી મહારાષ્ટ્રને રણમાં ફેરવવા માગે છે.

## જૈન મરણ

**હાલાર વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ભાણવડ નિવાસી હાલ ભાયંદર, સ્વ. જવાહરભાઈ વ્રજલાલ મહેતાના ધર્મપત્ની ગં.સ્વ. ઇલાબેન (ઉં. વ. ૬૭) ૧૫/૪/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અલ્પેશ, હેતલ વિશાલ દેશી તથા કાજલ હેમલ શાહના માતુશ્રી. ગં.સ્વ. કમળાબેન કાંતિલાલ સંઘવી કોલકતાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ ઢંઢેરવાડો નિવાસી હાલ ગોરેગાંવ, અ. સૌ કલ્પનાબેન શાહ, (ઉં. વ. ૭૩), શુક્રવાર તા. ૧૮ એપ્રિલ ૨૫ના અરિહંત શરણ પામ્યા છે. તે કમલેશ ભાઈ નવીનચંદ્ર શાહના ધર્મપત્ની. સેજલ, ધર્મેન, ભાવિકના માતુશ્રી. પ્રિતેશકુમાર અને વૈશાલી બેનના સાસુ. હુતાંશી, એશાના દાદી. પિયર પક્ષે સ્વ. ચુનીભાઈ મોહનલાલ શાહની પુત્રી. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા. ૨૦ એપ્રિલ, ૨૫ ના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે , આઇ બી પટેલ સ્કૂલ હોલ.

**શ્રી વાગડ વિ. ઓ. જૈન**

ગામ ઘાણીથરના સ્વ. પ્રવિણ હરગણ કરમણ ગાલા (ઉં. વ. ૫૬) મંગળવાર તા. ૧૫.૦૪. ૨૫ના અવસાન પામેલ છે. સ્વ.ધનાબેન કરમણ પરબતના પૌત્ર. સ્વ. રમાબેન, સ્વ.રત્નાબેન હરગણના સુપુત્ર. પુષ્પાબેનના પતિ. નેહલ, ચાંદની, તન્વીના પિતાશ્રી. દિપક, દિનેશ, સ્વ. મુરઈબેન, વાલીબેન, ભાગવંતીના ભાઈ. લાકડીયાના સ્વ. ગોમતીબેન વાઘજી અરજણ ડાઘાના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૯.૦૪. ૨૫ સમય બપોરે ૨.૦૦ થી ૩.૩૦ કલાકે નિવાસ સ્થાન. ૨૦૬ અંબીકા ભુવન, ત્રીજો માળે, ગાયવાડીની બાજુમાં ગીરગાવ, વોડાફોન ગેલેરીની સામે, ચર્નીરોડ-ઈસ્ટ, મુંબઈ-૦૪.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના સ્વ.જીગર દિલીપ ધનજી ગાલા (ઉં. વ. ૪૦) તા. ૧૬.૦૪.૨૫, બુધવારે અવસાન પામેલ છે. ગં. સ્વ.મોંઘીબેન ધનજી પરબતના પૌત્ર. અ.સૌ. ચંચળબેન દિલીપના સુપુત્ર. તન્વીના પતિ. તૃપ્તિના ભાઈ. ક્ષિતિજના સાળા, લાકડીયાના અ.સૌ. હિનાબેન ધીરજ નંદુના જમાઈ. પ્રાર્થનાસભા શનિવાર તા. ૧૯.૦૪.૨૫ પ્રા.સમય સવારે ૧૦ થી ૧૧.૩૦ પ્રા.સ્થળ. યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં દાદર-ઈસ્ટ, નિવાસ સ્થાન.૩/૫૦ ભીખુ બિલ્ડીંગ, પ્રભાદેવી, મુંબઈ.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈ હાલે કાંદિવલીના સ્વ. નાનજી વાઘજી કરમણ છેડા (ઉં. વ. ૮૭) બુધવાર, તા. ૧૬.૦૪.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. કરમાબેન વાઘજી કરમણના સુપુત્ર. રત્નાબેનના પતિ. શાંતી, હસમુખ, નેમચંદ,રાજેશના પિતા. સ્વ. સુખલાલ, મિનાક્ષી, કોમલના સસરા, સ્વ. ગાંગજી, સ્વ. દેવરાજ, સ્વ. ખેતઈના ભાઈ. આધોઈના ચાંપુબેન પાંચા મેપા સત્રાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. બી-૫૦૨, ક્રિષ્ના નિવાસ, ઈરાની વાડી નં.૩, કાંદિવલી -વેસ્ટ, મુંબઈ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ગોધરાના તનસુખ ભવાનજી છેડા (ઉં. વ. ૭૪) તા. ૧૭-૪-૨૫ના અવસાન પામેલ છે. ભાણબાઇ ભવાનજીના પુત્ર. દમયંતીના પતિ. તેજસના પિતા. કોડાયના ગં.સ્વ. ખેતબાઇ હીરજી, રાયણના ગં.સ્વ. મણીબેન ખેતશી, બિદડાના સ્વ. મંજુલા હંસરાજ, મુલચંદ, કસ્તુરચંદ, મોટા આસંબીયાના પ્રફુલ્લા કાંતીલાલના ભાઇ. ભીંસરાના કુંવરબાઇ રામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન અને લીગામેન્ટ દાન કરેલ છે. નિવાસ : તેજસ તનસુખ છેડા, ૨૦૦૩, એ-વિંગ, કમલા જૈનસન, ઝાકરીયા રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઇ-૬૪.

નાગ્રેચા હાલે કોટડા (રોહા)ના અ.સૌ. સાકરબેન ભવાનજી છેડા (ઉં.વ. ૭૮) તા. ૧૬-૪-૨૦૨૫ના અવસાન પામેલ છે. પાનબાઈ મેઘજી છેડાના પુત્રવધૂ. ભવાનજીના ધર્મપત્ની. કિરણ, હીનાના માતુશ્રી. કોટડા (રોહા)ના રતનબેન ટોકરશી વિકમાણીના સુપુત્રી. બાબુભાઈ, ધનજીભાઈ, ગાંગજીભાઈ, ડુંગરશીભાઇ, વેજબાઇ, રાજબાઇ, કેસરબાઈ, પ્રેમાબાઈના બેન. પ્રા. વિકાસ પેલેસ, નેતાજી સુભાષ રોડ, મુલુંડ (વે), મુંબઈ-૮૦. બપોરે ૩.૩૦ થી ૫.૦૦.

નવીનાળના કેતન દામજી વોરા (ઉં. વ. ૪૮) તા. ૧૭-૪-૨૫ના અવસાન પામેલ છે. સુશીલા ઉર્ફે દમયંતી દામજીના પુત્ર. સ્વાતિના પતિ. પ્રણય, મયંકના પિતા. આશા, પંકજ, અનિલ, પરેશના ભાઈ. જોરાવરનગરના મધુબેન રજનીકાંત શાહના જમાઈ. પ્રા. શ્રી.વ. સ્થા. જૈન શ્રા. સં. કરશન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

ગુંદાલાના પ્રવિણચંદ્ર વેલજી સતરા (ઉં. વ. ૭૪) તા. ૧૫-૪-૨૫ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન વેલજી તેજપારના સુપુત્ર. વર્ષાબેન (લીલાવંતીબેન)ના પતિ. મિલનના પિતાશ્રી. રતિલાલ, નાનજી, વસંતલાલ, અમૃતલાલ, કાંડાગરાના રૂક્ષ્મણી મણીલાલ પ્રેમજી, વડાલાના ભાનુમતી મણીલાલ ખીમજીના ભાઈ. કાંડાગરાના ખેતબાઈ માણેક તેજશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. મિલન સતરા : ૨૦૩, અંબાઈ રેસીડેન્સી, માળી ગલી, મિરજ-૪૧૬૪૧૦. (સાંગલી).

ભોજાય હાલે અકોલાના રત્નકુક્ષી માતુશ્રી વેજબાઇ લીલાધર ગાલા (ઉં. વ. ૮૯) તા. ૧૭-૪-૨૫ના દેહત્યાગ કરેલ છે. માતુશ્રી ભાણબાઇ માલશી હીરા ગાલાના પુત્રવધૂ. લીલાધરના ધર્મપત્ની. દમયંતી, કસ્તુર, નવિન, આઠ કોટી મોટી પક્ષના પ.પૂ. દર્શીતાબાઇ મ.સ.ના સંસાર પક્ષે માતુશ્રી. કોટડી (મહા.) માતુશ્રી પાનબાઇ હીરજી રતનશીના સુપુત્રી. કુંવરજી, લીલાધર, સુંદરબાઇ મેઘજી, ભોજાય નાથબાઇ શામજી, મુલબાઇ ચાંપશી, ધનબાઇ પ્રેમજી, ભુતેડી લક્ષ્મીબેન બાબુલાલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. ઠે. દિપક કારાણી, ગુરૂદેવ રેજેન્સી, ૨૦૫, જૈન લોનની બાજુમાં, દુર્ગાચોક, અકોલા, મહારાષ્ટ્ર. પી. ૪૪૪૦૦૫.

**પાટણ જૈન**

પાટણ કરડીયાવાડો હાલ મુંબઇ નાનાચોક, રમેશચંદ્ર શાહના ધર્મપત્ની જયલતાબહેન (ઉં. વ. ૯૦)નું અવસાન થયેલ છે તા. ૧૬-૪-૨૫ બુધવારે. સુભદ્રાબેન ચીમનલાલ મણીયારની સુપુત્રી. સંજય, સંદીપ, શીમ્મીના માતુશ્રી. ધરાબેન, કુની, વીસ્પીભાઇના સાસુ. શાંતીભાઇ, નવીનભાઇ, અજીતભાઇ, અનીલભાઇ, દીનાબેન, અરુણાબેન, અલકાબેન, શિલ્પાબેનની મોટી બહેન. ઝલ્લા, આકાશ, અવી. કેવીન, પ્રણવ, ધ્રુવીના દાદીમાં. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

મોરબી નિવાસી હાલ કાંદિવલી જ્યોત્સનાબેન મહેતા (ઉં. વ. ૮૦) તા. ૧૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિનોદરાય કેશવલાલ નેણશીભાઇ મહેતાના ધર્મપત્ની. જયદીપ, અમી કેતન શાહ, નેહા દિનેશ કપાસીના માતુશ્રી. બિંદુના સાસુ. નીલ, નિશિત, જાહનવી, બિન્સીના દાદી. પિયર પક્ષે વાંકાનેર નિવાસી સ્વ. હીરાબેન હાકેમચંદ જુઠાલાલ શાહના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૦-૪-૨૫ રવિવારના ૩થી ૫. ઠે. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, પાંચમે માળે, એસ. વી. રોડ, પારેખ ગલી કોર્નર, કાંદિવલી (વેસ્ટ).

**સુરત વિસા ઓસવાલ મૂર્તિપૂજક જ્ઞાતિ જૈન**

હરીશભાઇ (ઉં. વ. ૮૧) તા. ૧૬-૪-૨૫ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંગલાબેન તથા સ્વ. તલકચંદ કસ્તુરચંદના સુપુત્ર. પૂર્ણિમાબેનના પતિ. વૈશાલી તથા સ્વ. તેજસના પિતાશ્રી. મનીષભાઇના સસરા. ઉષાકાંતભાઇ કલ્પનાના ભાભી. સ્વ. પ્રવીણાબેન ફતેચંદ, સ્વ. હંસાબેન નલિનકુમાર, રાજુલબેન પીયુષભાઇ તથા રેખાબેન રમેશભાઇના ભાઇ. સ્વ. નવીનભાઇ છોટુભાઇના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૦-૪-૨૫ રવિવારના ૪થી ૬. ઠે. વનિતા વિશ્રામ, પ્રાર્થના સમાજ.

**વિ. શ્રી. પાટણ જૈન**

ચોધરીની શેરી (ફોફલીયાવાડો) હાલ વિલેપાર્લે ભૂપેન્દ્રભાઇ શાહ (ઉં. વ. ૭૯) સ્વ. ભગવતીબેન મફતલાલ શાહના સુપુત્ર. તે નિરજનાબેનના પતિ. સ્વ. ગુલાબચંદ મણીલાલ ઝવેરીના જમાઇ. દીપાલીબેન તથા ફોરમબેનના પિતા. હેમાંગભાઇના સસરા. સ્વ. સુરેન્દ્રભાઇ, સ્વ.ચારૂબેન, નરેન્દ્રભાઇ, વીરેન્દ્રભાઇ તથા સ્વ. પરેન્દ્રભાઇના ભાઇ. તા. ૧૭-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

બીલખા હાલ ઘાટકોપર સ્વ. ધીરજલાલ મોતીચંદ સંઘવીના ધર્મપત્ની વિમળાબેન સંઘવી (ઉં. વ. ૮૮) તા. ૧૮-૪-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે હિરેનભાઇ, હિના નિરંજન, રૂપલ જગદીશના માતુશ્રી. તે ફાલ્ગુની હિરેન સંઘવીના સાસુ. તેઓ નિશંક, અર્નવ સંઘવીના દાદી. સ્વ.ચંપાબેન મોહનલાલ બદાણીના સુપુત્રી. સ્વ. ધીરુભાઇ, સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. વિલાસબેન અને સ્વ. વસુબેનના બેન. પ્રાર્થનાસભા તા. ૨૦-૪-૨૫ રવિવારના લાઇન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ), ૪થી ૬.

### અમુક લોકોને ઈશારે

સાંભળતા સવારના ઉતાવળે આઠ વાગ્યામાં જ આવીને દેરાસરના બાંધકામને તોડી ગયા હતા. જોકે દેરાસરમાં ભગવાનની મૂર્તિનું પ્લેટફોર્મ સલામત છે અને હાલ શ્રાવકો અહીં પૂજાપાઠ કરી રહ્યા છે.

પાલિકાએ સોસાયટીના તથા અમુક લોકોના દબાણ હેઠળ જ આવીને અમારા ૯૦ વર્ષ જૂના દેરાસરને તોડી પાડવાની કાર્યવાહી કરી હોવાનો આક્ષેપ કરતા અનિલે શાહે કહ્યું હતું કે શનિવારની રેલીમાં જૈનોની સાથે જ હિંદુ સમાજના લોકો પણ જોડવાના છે. રાજકીય પક્ષોએ પણ અમને સમર્થન આપ્યું છે અને સ્થાનિક વિધાનસભ્યની સાથે ભાજપના મંત્રીઓ પણ રેલીમાં જોડાવાના છે. રેલીમાં લોકો સફેદ કપડાં પહેરીને હાથે કાળો પટ્ટો બાંધીને પોતાનો વિરોધ દર્શાવશે. રેલીમાં ૧૦થી ૧૫ હજાર લોકો જોડાશે અને અમે ખૂબ શાંતિપૂર્વક અહિંસક રીતે આ રેલી યોજીને અમારો વિરોધ જાહેર કરશું.

દેરાસરના અન્ય પદાધિકારીએ જણાવ્યું હતું કે કોર્ટમાં સુનાવણી થવાની હોય છતાં કોર્ટના આદેશની પણ રાહ નહીં જોતા ઉતાવળે પગલું ભરીને પાલિકાએ લોકોની ધાર્મિક ભાવના દુભાવી છે. તેથી એકજૂટ થઈને તેમના આવા અન્યાયી વલણ સામે લડવાનો નિર્ધાર કર્યો છે અને તે માટે આજે સવારના વિલે પાર્લે (પૂર્વ)માં રેલવે સ્ટેશન સામે કાંબળીવાડીથી સવારના ૯.૩૦ વાગે અમારી રેલી ચાલુ થશે, જે નેહરુ રોડ, આર.કે.હોટલ, તેજપાલ રોડ, હનુમાન રોડ, મહાત્મા ગાંધી રોડ, શહાજી રાણે રોડ, અંધેરી (પશ્ચિમ)માં કોલ ડોંગરી, અંધેરી-કુર્લા રોડ થઈને પાલિકાની કે-પૂર્વ વોર્ડ ઓફિસ પાસે પહોંચશે ત્યાં અમે આવેદનપત્ર આપશું.

## હિન્દુ મરણ

કાનપર નિવાસી હાલ મુલુંડ ગં. સ્વ. નલિનીબેન વ્રજલાલ સાંગાણી (ઉં. વ. ૮૫) તે સ્વ. સરસ્વતીબેન જમનાદાસ સાંગાણીના પુત્રવધૂ. અતુલભાઇ અને પ્રશાંતભાઇના માતુશ્રી. ભાવનાબેન હર્ષદરાય વોરા, રક્ષાબેન ચંદ્રકાંત પારેખના સાસુ. હર્ષ, નિધિ નિજેશ શાહ, માનસી મયંક પંચમીયાના દાદી. લક્ષ્મીચંદ કાનજી મલકાણના પુત્રી. અરુણભાઇ, મહેશભાઇના બેન. તા. ૧૮-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**લોહાણા**

કરાંચીવાળા હાલ વલસાડ, ગં. સ્વ. ઇન્દુબેન નારણદાસ માવાણી (સોમેશ્વર) (ઉં. વ. ૯૧) તે સ્વ. હર્ષદ, ડૉ. પંકજ, રાજેશ, અનુજા, તુષારના માતુશ્રી. જયતિ, સ્વ. નયના, પુજા, નીલા, ડૉ.ક્રિશનભાઈ ઠક્કરના સાસુ. સ્વ. ચંચળબેન તથા સ્વ.હરિભાઈ ચંદે (ગોધરા નિવાસી)ના પુત્રી. તા.૧૬.૦૪.૨૫ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૨૦.૦૪.૨૫ રવિવારના ૧૦.૩૦ થી ૧૨.૩.૩૦, ઈચ્છાબા અનાવિલ વાડી, તિથલ રોડ, વલસાડ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ બ્રહ્મક્ષત્રિય**

ગં. સ્વ. રમિલાબેન (ઉં. વ. ૮૫) તે સ્વ. મનહરલાલ વાલજી ભેડાના ધર્મપત્ની. અનિલ, હર્ષા સુરેશ પડિયા તથા ચેતના જગદીશ દેઢિયાના માતુશ્રી. જિજ્ઞાના સાસુ. દેવાંશીના દાદી. સુમતિબેન તથા સ્વ. હંસરાજ ભવાનજી ધુમરાના દીકરી, બુધવારના ૧૬/૪/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા.૧૯.૦૪.૨૫ના શનિવાર ૪ થી ૬. લોહાણા મહાજન વાડી, બીજે માળે,શંકર મંદિરની બાજુમાં, કાંદિવલી વેસ્ટ.

**વિશા સોરઠીયા વણિક**

મૂળગામ કોડીનાર મુંબઈ, સ્વ. મણિબેન અને સ્વ. દામોદર હંસરાજ શાહના સુપુત્ર અમૃતલાલભાઈ (ઉં. વ. ૮૭) તે સ્વ. મંજુલાબેન શાહના પતિ. આશિષભાઈ અને પારૂલબેનના પિતા. રીનાબેન અને યોગેશભાઈના સસરા. શ્વસુરપક્ષે સ્વ. રણછોડદાસ ચત્રભુજ શાહના જમાઈ, તા.૧૭-૪-૨૫ને ગુરૂવાર શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક સમાજ**

વેરાવળ નિવાસી હાલ કાંદીવલી, હર્ષાબેન પ્રવિણભાઇ ધંધુસરિયા (ઉં. વ. ૬૭) તે સ્વ. ઇન્દુમતિ મણિલાલ ધોળકિયાના દીકરી. સ્વ. સમરતબેન જમનાદાસ ધંધુસરીયાના પુત્રવધૂ. મિહિર તથા દર્શિકા ધુમિલ પારેખના માતા. હેતવી, ધુમિલકુમારના સાસુ. નરેન્દ્રભાઈ, સ્વ.મનહરલાલ, સ્વ. જયસુખભાઈના નાનાભાઈના પત્ની. કાંતાબેન શશીકાંત, સ્વ. અરુણાબેન વિનોદરાયના ભાભી બુધવાર તા.૧૬/૦૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ગુર્જર સુતાર**

મુળગામ પીઠડ હાલ મુંબઈ, સ્વ. પ્રાગજીભાઈ ગોકળભાઈ ઘોરેચા (ઉં. વ. ૯૪) ગુરુવાર તા.૧૭-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. લાભુબેનના પતિ. રમેશભાઈ, રતિભાઈ, રસિકભાઈ, હંસાબેન. વનિતાબેન, નયનાબેન, નિરૂબેનના પિતાશ્રી. તરૂબેન, મધુબેન, પલ્લવીબેન, સ્વ. બટુકલાલ એમ, ગિરિશકુમાર એચ, દિનેશકુમાર આર, રાજેશકુમાર એમ. ના સસરા. વૈશાલી કમલેશ, દિપ્તી પરેશ, વર્ષાના દાદાજીસસરા. કમલેશ, પરેશ, સ્વ. રાહુલ, કૌશિક, યશ, રશ્મિબેન મિતેશકુમાર વિસાવડિયા, પૂર્વા સાજનકુમાર મેસવાણીયાના દાદા. પ્રાર્થનાસભા-બેસણું શનિવાર તા.૧૯-૪-૨૫ના ૫ થી ૬. શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, વિલેપાર્લે વેસ્ટ.

**ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ**

મૂળગામ પાળીયાદ હાલ કાંદિવલી, રસિકભાઈ દયાળજીભાઈ ગોહિલ (ઉં. વ. ૮૬) ૧૭/૪/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રભાબેનના પતિ. સ્વ. હરગોવિંદભાઈ, જયંતીભાઇના ભાઈ. નિખિલ, હિતેશ, છાયાના પિતા. પ્રિતી, કાજલ, સ્વ. જયેશ સોલંકીના સસરા. સ્વ. રામબેન નાનજીભાઈ મકવાણાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા ૧૯/૪/૨૫ના ૪ થી ૬. ઠક્કાઈ ભાટિયા સેવા ફંડ હોલ નં ૪, શંકર ગલ્લી, એસ. વિ રોડ કોર્નર, કાંદિવલી વેસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ અથણી કર્નાટક હાલ મુલુંડ, રમેશભાઈ સોમૈયા (ઉં. વ. ૭૭)તા.૧૬/૦૪/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે રૂપાબેન (દમયંતી)ના પતિ. વિજયાબેન અને બાબુભાઈ હરજીવનદાસ સોમૈયાના પુત્ર. શાંતાબેન અને ગોવિંદજી દત્તાણીના જમાઈ. રાકેશ, સોનલ, રાખી વિરેનભાઈ લોહાણાના પિતાશ્રી. રાધિકાના સસરા. સ્વ. રાજુભાઇ, બીનાબેન સુરેશભાઈ સામાણીના મોટાભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

અ. સૌ. ડૉ. શકુંતલા હંસરાજ (ઉં. વ. ૮૬) તે શ્રીકુમારના ધર્મપત્ની. હંસરાજ વિશ્રામ ભીંન્ડે (કરાચીવાળા)ના પુત્રવધૂ. હંસરાજ વિશ્રામ રવાણીના પુત્રી. નૌશિલ અને ચેતનના માતુશ્રી. અ.સૌ રેણુ, અ.સૌ લવીનિયાના સાસુજી. યુવાન, ઇથેન અને અર્ણવના દાદીમા. તા.૧૬ એપ્રિલ ૨૫ના પ્રભુશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૯ એપ્રિલ ૨૦૨૫ના શનિવાર ૫ થી ૬. કલાવતી છાબ્રિયા હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, રોટરી સર્વિસ સેન્ટર, જુહુ તારા રોડ, પર્નિયાઝ પોપ-અપ સ્ટુડિયો સામે, સાંતાક્રુઝ પશ્ચિમ.

**હાલાઇ લોહાણા**

હાલ મુંબઇ મરીન ડ્રાઇવ સ્વ. વિઠ્ઠલદાસ રાયમગ્ગા (ઉં. વ. ૮૯) તા. ૧૬-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેમના ધર્મપત્ની વિદ્યાબહેન રાયમગ્ગા સુનિલ તથા કેતા કિરણ મોદીના પિતા. લૌકિક પ્રથા બંધ છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી.

**બાલાસિનોર દશાનિમા વણિક**

સ્વ. નંદિશ શાંતિલાલ કડકિયા (ઉં. વ. ૭૫) હૈદ્રાબાદવાળા મંગળવાર તા. ૧૫-૪-૨૫ના વૈકુંઠવાસી થયા છે. તે સ્વ. નિશાબેનના પતિ. સ્વ. મંજુલાબેન દિનકરલાલ શાહ (જેઠા ઝવેર)ના જમાઇ. મીહીર, ખ્યાતિના પિતાશ્રી. દેવ, હિયા, ધ્યેયના દાદા. કુણાલ, દીપાના સસરા. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૧૯-૪-૨૫ના ૫થી ૭. ઠે. પાટીદાર સમાજ હોલ, ફ્રેન્ચ બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઇ-૭. બારમાં તથા તેરમાં તથા લૌકિક પ્રથા સદંતર બંધ છે.

**નવગામ ભાટીયા**

સ્વ. બિન્દુબેન બાબુલાલ વેદ (ઉં. વ. ૭૮) તા. ૧૮-૪-૨૫ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. જોડીયાવાળા હાલ રાજકોટ બાબુલાલ દયાળજી વૈદના ધર્મપત્ની. હરિક્રિષ્ણ બાબુલાલ વેદ, ભાવીની મુકેશ ઉદેશી અને સૈફાલી શૈલેષ આસરના માતુશ્રી. અ. સૌ. વર્ષાના સાસુ. યક્ષ, હિતના દાદીમાં. પિનાકીનના કાકી. સ્વ. બાબુલાલ પોપટલાલ આશર કોડીનારવાળાના દીકરી. ઉઠમણું : તા.૧૯-૪-૨૫ના ૫થી ૬.૩૦. ઠે. ભાટીયા બોર્ડીંગ રેલવે જંકશન સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**કચ્છી ભાનુશાલી**

કચ્છ ગામ નાંગીયાના ગં. સ્વ. દેમાબેન શીવજીભાઇ ખાનીયા (ઉં.વ. ૧૦૪) તા. ૧૭-૪-૨૫ ગુરુવારના ઘનસોલી નવી મુંબઇ મધ્યે ઓધવશરણ પામેલ છે. તે સ્વ. ઠાકરશી, સ્વ. હંસરાજ, સ્વ. ચાંપશી, માવજી, મોહનલાલજીના માતુશ્રી. કાંતિલાલ, સંજય, જયેશ, નીરવ, કરણના દાદીમાં. જેઠાલાલ રામજી ગજરા આશાપરવાળાના મોટા બહેન. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મલાડ નિવાસી ગં. સ્વ. ભારતી મુની (ઉં. વ. ૮૧)તે સ્વ. ચંદ્રકાન્ત મનસુખલાલ મુનીના પત્ની તા. ૧૬-૪-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શકુંતલાબેન, વિઠ્ઠલદાસ ઝીણાભાઇ માસ્તરના પુત્રી. સ્વ. અનુબેન મહેતા અને પ્રવીણાબેન ગોરડિયાના ભાભી. લૌકિક રિવાજ બંધ છે.

## પારસી મરણ

નરગીશ બેહરામ એદલકાકા તે મરહુમ બેહરામના ધનીયાની. તે મરહુમો મનીજે જાલેજર પસતાકીયાના દીકરી. તે મરહુમ જાલ રુસી ઓલીયાના દીકરી. તે કેશમીરાના વહુ. તે મરહુમો હોરમઝદીયાર, સાકર, રોશન, હીરા, જરુ, કેતી, ધનાના બહેન. તે કૈટાવા ને ખુશરુના બપઇજી. (ઉં.વ. ૯૪) રે. ઠે. ૬૮૪, લાલાકાકા હાઉસ, ખરેઘાટ રોડ, પારસી કોલોની, દાદર-મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૪-૨૫ના દીને બપોરે ૩.૪૦ વાગે, દાદર રુસ્તમ ફરામ અગિયારીમાં છેજી.

સોલી અરદેશીર દારુવાલા તે મરહુમ પરવીનના ધની. તે મરહુમો મેહરુ અરદેશીર દારુવાલાના દીકરા. તે નવરોઝના પપા. તે કેતી જહાબક્સ ફરામરોઝ ગજીના ભાઇ. (ઉં.વ. ૭૭) રે. ઠે. સેનીમલ હાઉસ નં-૨, બીજે માળે, ફ્લેટ નં.૫, આર્થર બંદર રોડ, કોલાબા-મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૦-૪-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે અંજુમન આતશબેહરામમાં છેજી.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# શ્રીમદ્ ભગવદ્ ગીતા અને નાટ્યશાસ્ત્ર યુનેસ્કોની મેમરી ઓફ વર્લ્ડ રજિસ્ટરમાં સામેલ: અમિત શાહે કરી પ્રશંસા

નવી દિલ્હી: કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે શુક્રવારે શ્રીમદ્ ભગવદ્ ગીતા અને ભરત મુનિના નાટ્યશાસ્ત્રને યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં સામેલ કરવાના નિર્ણયની પ્રશંસા કરી હતી અને કહ્યું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતે પોતાના સાંસ્કૃતિક જ્ઞાનને વૈશ્વિક કલ્યાણના કેન્દ્રમાં સ્થાપિત કરવા માટે સતત પ્રયાસો કર્યા છે. શાહે એમ પણ કહ્યું કે દુનિયા ભારતના જ્ઞાનનો આદર કરે છે.

તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર લખ્યું હતું કે, ગીતા અને નાટ્યશાસ્ત્રને યુનેસ્કોની વર્લ્ડ મેમરી રજિસ્ટરમાં સામેલ કરવાના ભવ્ય અવસર પર પ્રત્યેક ભારતીયને અભિનંદન.

ગૃહપ્રધાને કહ્યું હતું કે ધર્મગ્રંથ ભારતના પ્રાચીન જ્ઞાનને દર્શાવે છે જેણે અનાદિ કાળથી માનવતાને વિશ્વને વધુ યોગ્ય બનાવવા તથા જીવનને વધુ સુંદર બનાવવાનો પ્રકાશ બતાવ્યો છે. તેમણે કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે તેના સાંસ્કૃતિક જ્ઞાનને વૈશ્વિક કલ્યાણના કેન્દ્રમાં સ્થાપિત કરવા માટે સતત પ્રયાસો કર્યા છે. આ એ પ્રયાસોની આ એક મોટી માન્યતા છે.

ભગવદ્ ગીતા અને ભરત મુનિના નાટ્યશાસ્ત્રની હસ્તપ્રતો એ ૭૪ નવા દસ્તાવેજી વારસા સંગ્રહનો ભાગ છે જેને યુનેસ્કોના 'મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટર'માં સમાવવામાં આવ્યા છે. આ રજિસ્ટરમાં માનવતાના દસ્તાવેજી વારસા તરીકે પુસ્તકો, હસ્તપ્રતો, નકશા, ફોટોગ્રાફ્સ, ધ્વનિ અથવા વીડિયો રેકોર્ડિંગ્સનો સમાવેશ થાય છે. આ સંબંધિત ઉપલબ્ધિ ૧૮ એપ્રિલના રોજ વિશ્વ વારસા દિવસ નિમિત્તે મળી છે. ■

# નેપલ્સની દક્ષિણમાં કેબલ કાર અકસ્માતમાં ચારનાં મોત

રોમ: નેપલ્સની દક્ષિણમાં કેબલ કાર અકસ્માતમાં મૃત્યુ પામેલા ચાર લોકોમાં ત્રણ પ્રવાસીઓનો સમાવેશ થાય છે, જેમાં એક બ્રિટિશ અને એક ઇઝરાયલી મહિલાનો સમાવેશ થાય છે, એમ ઇટાલિયન અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

વિકો ઇક્વેન્સના મેયરના પ્રવક્તા માર્કો ડી રોઝાએ જણાવ્યું હતું કે ગુરુવારે થયેલા અકસ્માત બાદ ત્રણ વિદેશી પીડિતોમાંથી ફક્ત બેની ઓળખ થઈ છે.

પ્રારંભિક માહિતી અનુસાર, કેસ્ટેલ્લામારે ડી સ્ટેબિયા શહેરમાં મોન્ટે ફેટો પસાર કરતી વખતે ટ્રેક્શન કેબલ તૂટી ગઈ હતી, જેના કારણે ઉપર અને નીચે જતી કેબલ કાર બંને અટકી ગઈ હતી.

આ અંગે બહુવિધ હત્યા અને દોષિત આપત્તિની તપાસ શરૂ કરાઇ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે પાંચમી વ્યક્તિ, પણ વિદેશી પ્રવાસી હોવાનું માનવામાં આવે છે, તેને ગંભીર ઇજા થઈ હતી અને તેને નેપલ્સમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.



**તપાસ:** પશ્ચિમ બંગાળના માલદામાં રેલવે સ્ટેશન ખાતેની રાહત છાવણીની મુલાકાતે ગયેલા રાજ્યપાલ સી. વી. આનંદ બોઝ. સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં પશ્ચિમ બંગાળમાં ફાટી નીકળેલી હિંસાને કારણે સેંકડો લોકોએ હિજરત કરીને રાહત છાવણીઓમાં આશ્રય લીધો છે. (પીટીઆઇ)

# બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે મહિલા સંવાદ અભિયાનનો કરાવ્યો પ્રારંભ

## બે કરોડથી વધુ મહિલાઓ થશે સામેલ

પટના: બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારે મહિલાઓના સશક્તીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવી રહેલા કલ્યાણકારી ઉપાયોની જાણકારી આપવા માટે શુક્રવારે મહિલા સંવાદ અભિયાનની શરૂઆત કરાવી હતી.

મુખ્ય પ્રધાને અહીં ૧, અણે માર્ગ સ્થિત પોતાના સત્તાવાર નિવાસસ્થાનથી તમામ જિલ્લાઓ માટે 'મહિલા સંવાદ' જાગરૂકતા વાહનોને લીલી ઝંડી આપી રવાના કર્યા હતા. મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદન અનુસાર, "આ વાહનો તમામ જિલ્લાઓમાં જશે અને મહિલાઓ માટે સરકારની કલ્યાણકારી યોજનાઓ વિશે જાગૃતિ ફેલાવશે અને સંવાદની સુવિધા પ્રદાન કરશે."

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "આ અભિયાનનો ઉદ્દેશ્ય મહિલાઓને જાગૃત કરવાનો અને તેમને રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવતી યોજનાઓ દ્વારા મહિલાઓને પૂરા પાડવામાં આવતા સંસાધનો અને તકો સાથે જોડવાનો છે." કાર્યક્રમમાં મહિલાઓને સંબોધિત મુખ્ય પ્રધાન દ્વારા લખવામાં આવેલો પત્ર જાહેર કરાયો હતો.

સંવાદ દરમિયાન પ્રાપ્ત થનારી તમામ સમસ્યાઓને વિવિધ સ્તરો પર તાત્કાલિક સમાધાન કરવામાં આવશે. આનાથી સરકારને મહિલાઓ માટે નીતિઓ અને યોજનાઓ બનાવવામાં મદદ મળશે.

નિવેદન અનુસાર, અભિયાન દરમિયાન વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં મહિલાઓની સમસ્યાઓ પર ચર્ચા કરવામાં આવશે અને તેનું તાત્કાલિક નિરાકરણ લાવવામાં આવશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ સંવાદ રાજ્યના લગભગ ૭૦,૦૦૦ સ્થળોએ આયોજિત કરવામાં આવશે જેમાં બે કરોડથી વધુ મહિલાઓ ભાગ લેશે.

તેમાં કહેવામાં આવ્યું છે કે સરકાર દ્વારા કરવામાં આવેલા કાર્યોને અભિયાન દરમિયાન વીડિયો ફિલ્મો દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે. આ માટે મોટા ટેલિવિઝન સ્ક્રીનવાળા લગભગ ૬૦૦ વાહનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અભિયાન દરમિયાન મળેલા સૂચનો અધિકારીઓ દ્વારા સંકલિત કરવામાં આવશે.આ કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન સમ્રાટ ચૌધરી, જળ સંસાધન મંત્રી વિજય કુમાર ચૌધરી, ગ્રામીણ વિકાસ મંત્રી શ્રવણ કુમાર, મુખ્ય સચિવ અમૃત લાલ મીણા, વિકાસ કમિશનર પ્રત્યય અમૃત સામેલ હતા. મહિલા સંવાદ અભિયાન હેઠળ સરકારના સાત નિશ્ચય કાર્યક્રમની પ્રગતિની સમીક્ષા કરવામાં આવશે.વર્ષના અંતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા આ અભિયાનને ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. ■

# ઇડીની આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્ય પ્રધાન જગન રેડ્ડી સામે કાર્યવાહી

## ૮૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત

અમરાવતી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ઇડીએ આંધ્ર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન વાયએસ જગન મોહન રેડ્ડી સામે મોટી કાર્યવાહી કરી છે. ઇડીએ જગન મોહન રેડ્ડીના ૨૭.૫ કરોડ રૂપિયાના શૅર અને દાલમિયા સિમેન્ટ્સ (ભારત) લિમિટેડ ડીસીબીએલના અને ૩૭૭.૨ કરોડ રૂપિયાની જમીન જપ્ત કરી છે. એક જૂના મની લોન્ડરિંગ કેસ હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે, ડીસીબીએલનો દાવો છે કે જપ્ત કરાયેલી મિલકતની કુલ કિંમત રૂ. ૭૯૩.૩ કરોડ છે.

વર્ષ ૨૦૧૧માં સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન સીબીઆઇએ નોંધેલી એક ફરિયાદને આધારે ઇડીએ આ કાર્યવાહી કરી છે. એવો આરોપ છે કે દાલમિયા સિમેન્ટ્સે ભારતી સિમેન્ટ કોર્પોરેશન પ્રાઇવેટ લિમિટેડમાં રોકાણ કર્યું હતું, જે જગન રેડ્ડી સાથે સંબંધિત છે. જગન રેડ્ડીના કાર્મેલ એશિયા હોલ્ડિંગ્સ લિમિટેડ, સરસ્વતી પાવર એન્ડ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ અને હર્ષ ફર્મમાં શૅર્સને ઇડી દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે.

ઇડીના જણાવ્યા મુજબ ડીસીબીએલ એ રઘુરામ સિમેન્ટ્સ લિમિટેડમાં ૯૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું, જેનું પ્રતિનિધિત્વ જગન રેડ્ડી કરી રહ્યા હતા. બદલામાં, જગન રેડ્ડીએ તેમના પિતા અને તત્કાલીન મુખ્ય પ્રધાન વાયએસ રાજશેખર રેડ્ડીની વગનો કથિત રીતે ઉપયોગ કરીને ડીસીબીએલ કડપ્પા જિલ્લામાં ૪૦૭ હેક્ટર જમીનની ખાણકામ લીઝ આપવામાં આવી.

ઇડી અને સીબીઆઇના જણાવ્યા અનુસાર, જગન રેડ્ડી, ભૂતપૂર્વ સાંસદ વી વિજયા સાઈ રેડ્ડી અને ડીસીબીએલના પુનિત ડેલમિયા વચ્ચેના કરાર હેઠળ રઘુરામ સિમેન્ટ્સ લિમિટેડના શેર ફ્રેન્ચ કંપનીને ૧૩૫ કરોડ રૂપિયામાં વેચવામાં આવ્યા હતા. આમાંથી, મે ૨૦૧૦ અને જૂન ૨૦૧૧ વચ્ચે હવાલા દ્વારા જગનને ૫૫ કરોડ રૂપિયા રોકડમાં આપવામાં આવ્યા હતા. આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરાયેલા દસ્તાવેજોમાં આ ચુકવણીઓની વિગતો મળી આવી હતી. ■

# છત્તીસગઢના સુકમામાં ૩૩ નક્સલીએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું

સુકમા: પોલીસે જણાવ્યું હતું કે શુક્રવારે છત્તીસગઢના સુકમા જિલ્લામાં ઓછામાં ઓછા ૩૩ નક્સલીએ સુરક્ષા દળો સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

નવ મહિલા સહિત ૨૨ નક્સલીએ દિવસની શરૂઆતમાં પોલીસ અને સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના વરિષ્ઠ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું, જ્યારે બાદમાં બે મહિલા સહિત ૧૧ અન્ય લોકોએ પોલીસ અધિકારીઓ સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે ૨૨ જેટલા આત્મસમર્પણ કરનારા નક્સલીઓ માઓવાદીઓના માડ (છત્તીસગઢ) અને નુઆપાડા (ઓડિશા) વિભાગોમાં સક્રિય હતા.

ચવ્હાણે જણાવ્યું હતું કે કેડર્સમાં માઓવાદીઓના માડ વિભાગ હેઠળ પીએલજીએ (પીપલ્સ લિબરેશન ગેરિલા આર્મી) કંપની નંબર ૧માં ડેપ્યુટી કમાન્ડર મુચાકી જોગા (૩૩), અને તેમની પત્ની મુચાકી જોગી (૨૮), જે તે જ ટુકડીના સભ્ય હતા, જેમના પર ૮ લાખ રૂપિયાનું ઈનામ હતું.તેમણે જણાવ્યું હતું કે અન્ય લોકોમાં કિકિડ દેવે (૩૦) અને મનોજ ઉર્ફે દૂધી બુધરા (૨૮)નો સમાવેશ થાય છે, બંને માઓવાદીઓના ક્ષેત્ર સમિતિના સભ્યો હતા જેમના પર ૫ લાખ રૂપિયાનું ઈનામ હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે સાત આત્મસમર્પણ કરનારા કેડર પર ૨ લાખ રૂપિયાનું ઈનામ હતું, જ્યારે અન્ય એક નક્સલી પર ૫૦૦૦૦ રૂપિયાનું ઈનામ હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે નવી છત્તીસગઢ નક્સલવાદી શરણાગતિ/પીડિત રાહત અને પુનર્વસન નીતિ-૨૦૨૫ હેઠળ, રાજ્ય સરકારે 'એલવાદ પંચાયત યોજના' રજૂ કરી છે, જેમાં તેમના વિસ્તારમાં સક્રિય નક્સલવાદીઓના શરણાગતિને સરળ બનાવતી ગ્રામ પંચાયતોને ૧ કરોડ રૂપિયાના વિકાસ કાર્યો મંજૂર કરવાની અને પોતાને માઓવાદી મુક્ત જાહેર કરવાનો ઠરાવ પસાર કરવાની જોગવાઈ છે. ■



**મિટિંગ:** નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળેલું દાઉદી વહોરા કોમનું પ્રતિનિધિમંડળ. (પીટીઆઇ)



















# શ્રીલંકામાં ૧૬ વર્ષ પછી લોકો બુદ્ધના પવિત્ર દાંતના અવશેષોના દર્શન કરી શકશે

કોલંબો: શ્રીલંકાના શહેર કેન્ડીમાં ભગવાન બુદ્ધના પવિત્ર દાંતના અવશેષોને ૧૬ વર્ષના સમયગાળા બાદ શુક્રવારે સામાન લોકોના દર્શન માટે મુકવામાં આવ્યા હતા. આ માહિતી એક સત્તાવાર નિવેદનમાં આપવામાં આવી હતી.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકેના કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ આયોજન ૧૦ દિવસો સુધી એટલે કે ૨૭ એપ્રિલ સુધી ચાલુ રહેશે અને જાહેર જનતા સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી અવશેષો જોઈ શકશે.

નિવેદન અનુસાર, ભારત સહિત ૧૭ દેશોના રાજદૂતો માટે એક વિશેષ વ્યવસ્થા હેઠળ કેન્ડી સુધી જવા માટે તેમના માટે ટ્રેન મુસાફરીની વ્યવસ્થા કરવામાં આવી છે. કેન્ડીસ્થિત પવિત્ર ટૂથ ટેમ્પલના વરિષ્ઠ ભિક્ષુક મહાવેલા રત્નપાલે પત્રકારોને જણાવ્યું હતું કે હજારો બૌદ્ધ શ્રદ્ધાળુઓ આ અવશેષના દર્શન કરવા માટે આવે તેવી સંભાવના છે.

શ્રીલંકાના ૭૪ ટકા સિંહાલી બૌદ્ધ બહુમતી લોકો માટે દાંતના અવશેષો વિશેષ આધ્યાત્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્ત્વ ધરાવે છે. રત્નપાલે કહ્યું હતું કે, હજારો લોકો બે દિવસ પહેલાથી મંદિર તરફ જતા ત્રણ માર્ગો પર લાઇનમાં ઊભા છે. ઐતિહાસિક રેકોર્ડ અનુસાર, દાંતના આ અવશેષ ૧૫૯૦માં કેન્ડી લાવવામાં આવ્યા હતા. ■

# સિંગાપોરના સંરક્ષણ પ્રધાને આપ્યું રાજીનામું: ત્રણ મેના યોજાનારી આગામી ચૂંટણી નહીં લડે

સિંગાપોર: સિંગાપોરના સંરક્ષણ પ્રધાન એનજી ઇંગ હેને શુક્રવારે તેમના પદ પરથી રાજીનામું આપ્યું અને રાજકારણમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય જાહેર કર્યો હતો. આ સાથે તેઓ પ્રથમ એવા મંત્રી બની ગયા છે જેના વિશે પુષ્ટિ થઇ ગઇ છે કે તેઓ ૩ મેના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણીની રેસમાં નથી.

હેન (૬૬) એ કહ્યું હતું કે નવા લોકોને આગળ લાવવા એ સત્તાધારી પીપલ્સ એક્શન પાર્ટી (પીએપી) નો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો છે અને આ કારણ છે કે તેઓ યુવા ચહેરાઓ માટે રાજકારણમાંથી હટી રહ્યા છે.

'ચેનલ ન્યૂઝ એશિયા'એ તેને ટાંકીને પોતાના રિપોર્ટમાં કહ્યું હતું કે મને લાગે છે કે તે એક લાક્ષણિકતા છે કે પીએપી પોતાનામાં સુધારો કરવા માટે આ પ્રકારના પગલાં લઈ રહ્યું છે અને અમે રાજકારણમાં નવા હતા ત્યારે જોયેલા ઉદાહરણોનું અનુકરણ કરવાનું વલણ રાખીએ છીએ.

ભૂતપૂર્વ કેન્સર નિષ્ણાત ડો. હેન બે દાયકા કરતાં વધુ સમય પહેલાં ૨૦૦૧માં રાજકારણમાં પ્રવેશ્યા હતા. તેઓ ૨૦૧૧થી સંરક્ષણ પ્રધાન છે.

આ પહેલા તેમણે શિક્ષણ અને માનવશક્તિ મંત્રાલય સંભાળ્યું છે. હેન ૨૦૧૧ થી ૨૦૧૫ દરમિયાન ગૃહના નેતા પણ હતા. તેમણે સિંગાપોરની લશ્કરી વ્યૂહરચનાનું માર્ગદર્શન વધુને વધુ જટિલ સુરક્ષા વાતાવરણમાં કર્યું અને પાંચ વખત સંસદ સભ્ય તરીકે સેવા આપી. સ્વતંત્રતા પછી સિંગાપોર પર શાસન કરનાર પીએપી આગામી સામાન્ય ચૂંટણીમાં ૩૨ નવા ઉમેદવારોને મેદાનમાં ઉતારી રહ્યું છે. ■




# આઈપીએલને બર્થ-ડેના જ દિવસે મેઘરાજા નડ્યા

## ૧૭ વર્ષ પહેલાં આ જ દિવસે આઈપીએલની પ્રથમ મૅચમાં કેકેઆરના મૅક્લમે ૧૫૮ રન કર્યા હતા

બેંગલૂરુ: અહીંના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ગઈ કાલે વરસાદના વિઘ્નો બાદ રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)એ પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામેની ૧૪-૧૪ ઓવરની નક્કી થયેલી મૅચમાં પ્રથમ બૅટિંગ મળ્યા બાદ ધબડકા સાથે શરૂઆત કરી હતી. આરસીબીએ ૨૧ રનમાં ફિલ સૉલ્ટ (ચાર રન) અને વિરાટ કોહલી (એક રન)ની વિકેટ ગુમાવી દીધી હતી. બન્ને વિકેટ અર્શદીપ સિંહે લીધી હતી. સૉલ્ટ વિકેટકીપર જૉશ ઇંગ્લિસના હાથમાં અને કોહલી મિડ-ઑન પર યેનસેનના હાથમાં કૅચઆઉટ થયો હતો. ૨૬મા રને લિવિંગસ્ટન પણ આઉટ થઈ ગયો હતો. તેને ઑસ્ટ્રેલિયન પેસ બોલર બાર્ટલેટે પ્રિયાંશ આર્યના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો.

૧૭ વર્ષ પહેલાં આ જ દિવસે આ જ મેદાન પર આઇપીએલનો આરંભ થયો હતો.

શુક્રવારની આરસીબી-પંજાબ મૅચમાં નિર્ધારિત સમયે (સાંજે ૭.૦૦ વાગ્યે) ટૉસ પણ નહોતો ઉછાળવામાં આવ્યો. શરૂઆતમાં ઝરમર વરસાદ પડ્યા બાદ ધોધમાર વરસાદ પડયો હોવાથી મૅચ-રેફરી સાથે મળીને અમ્પાયર્સે છેવટે ૯.૪૫ વાગ્યે રમત શરૂ કરવાનું જાહેર કર્યું હતું.

આ મૅચ પહેલાં આરસીબીની ટીમ છમાંથી ચાર જીતીને આઠ પૉઇન્ટ સાથે ત્રીજા નંબર પર હતી. પંજાબની ટીમ પણ છમાંથી ચાર મૅચ જીતીને આઠ પૉઇન્ટ સાથે ચોથા સ્થાને હતી.

ઉલ્લેખનીય છે કે ૧૭ વર્ષ પહેલાં (૨૦૦૮ની ૧૮મી એપ્રિલે) બેંગલૂરુના આ જ મેદાન પર આરસીબી અને કેકેઆર વચ્ચે આઇપીએલની પ્રારંભિક મૅચ રમાઈ હતી જેમાં કેકેઆરના ઓપનર બ્રેન્ડન મૅક્લમે ૭૩ બૉલમાં ૧૩ સિક્સર અને ૧૦ ફોરની મદદથી અણનમ ૧૫૮ રન કર્યા હતા. કેકેઆરની ટીમે ત્રણ વિકેટે ૨૨૨ રન કર્યા બાદ આરસીબીની ટીમ કેકેઆરના અજિત આગરકરની ત્રણ વિકેટ તેમ જ સૌરવ ગાંગુલીની બે અને ડિન્ડાની બે વિકેટને કારણે ફક્ત ૮૨ રનમાં ઑલઆઉટ થઈ હતી અને કેકેઆરનો ૧૪૦ રનથી વિજય થયો હતો. ■

# 'કેટલાક ક્રિકેટરો મને અશ્લીલ ફોટા મોકલતા હતા'

## છોકરામાંથી છોકરી બનેલી સંજય બાંગડની દીકરીનો ચોંકાવનારો આક્ષેપ





થોડાં વર્ષ પહેલાં વિરાટ કોહલી સાથે અનાયા બાંગડ. ત્યારે તે છોકરો હતી, પણ હવે છોકરી (જમણે) બની ગઈ છે.

મુંબઈ: ભારતના ભૂતપૂર્વ ક્રિકેટર સંજય બાંગડની પુત્રી અનાયા બાંગડ તાજેતરમાં જ જાતિ પરિવર્તન કરીને છોકરામાંથી છોકરી બની છે અને તેણે એક ઇન્ટરવ્યૂમાં ચોંકાવનારો આક્ષેપ કર્યો છે. કેટલાક સાથી ક્રિકેટરો તેની માનસિક સતામણી કરતા એવો સનસનાટીભર્યો આક્ષેપ અનાયાએ તેમની સામે કર્યો છે.

અનાયાએ કહ્યું છે કે કેટલાક ક્રિકેટરો તેને ગંદી ગાળો આપતા હતા અને ક્યારેક કેટલાક જાણીતા ખેલાડીઓ પોતાના નગ્ન ફોટા પણ તેને મોકલતા હતા.

અનાયાએ આ મુલાકાતમાં પોતાની યાતના વ્યક્ત કરતા કહ્યું છે કે 'અમુક ક્રિકેટરો મને પર્સનલમાં પ્રાઇવેટ ફોટો મોકલતા હતા. એમાંનો એક પીઢ ક્રિકેટર મને આ રીતે અશ્લીલ ફોટો મોકલીને કહેતો હતો કે મારી સાથે કારમાં બેસ...ચલ, આપણે ક્યાંક જઈએ. ઘણા ક્રિકેટરો મને ગાળો આપતા અને મારો ફોટો માગતા હતા.'

અનાયા બાંગડ માટે જાતિ પરિવર્તન કરવું જરાય આસાન નહોતું. તેના પિતા સંજય બાંગડે તેને ક્રિકેટ છોડી દેવા કહ્યું હોવાનું ખુદ અનાયાએ જ મુલાકાતમાં જણાવ્યું હતું.

સંજય બાંગડ બાવન વર્ષના છે. તેઓ મહારાષ્ટ્રના બિડ જિલ્લાના છે. તેઓ ભારત વતી ૨૦૦૧થી ૨૦૦૪ દરમ્યાન ૧૨ ટેસ્ટ અને ૧૫ વન-ડે રમ્યા હતા. તેઓ આઇપીએલમાં ડેક્કન ચાર્જર્સ અને કોલકાતા નાઇટ રાઇડર્સ વતી રમ્યા હતા. ■

### યશસ્વી અને મુનીર ખાન સાથે રમી છે અનાયા

અનાયા અગાઉ છોકરો હતી ત્યારે ક્રિકેટ રમતી હતી અને ત્યારે તે ભારતીય ઓપનર અને રાજસ્થાન રૉયલ્સના બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલ સાથે રમી હતી. અનાયા કરીઅરમાં એક તબક્કે સરફરાઝ ખાન અને તેના નાના ભાઈ મુશીર ખાન સાથે પણ રમી હતી. અનાયા કહે છે કે 'કિન્નરોને ક્રિકેટ નથી રમવા દેવામાં આવતા એ બદલ હું ખૂબ નારાજ છું. તેમને મહિલા ક્રિકેટમાં રમવાની છૂટ મળવી જોઈએ.'

### અનાયાની ક્રિકેટ કરીઅર પર એક નજર...

અનાયા બાંગડની ક્રિકેટ કરીઅર બહુ લાંબી નથી ચાલી. તે મુંબઈમાં ક્લબ ક્રિકેટ રમી છે. તે ઇંગ્લૅન્ડના મૅન્ચેસ્ટર શહેરમાં રહેતી હતી ત્યારે કાઉન્ટી ક્લબ ક્રિકેટ પણ રમતી હતી. એક ઇનિંગ્સમાં અનાયાએ ૧૪૫ રન કર્યા હતા. અનાયાએ ક્રિકેટની પ્રારંભિક તાલીમ પિતા સંજય બાંગડ પાસેથી લીધી હતી. તે અગાઉ મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન સાથે સંકળાયેલી હતી, પરંતુ ૨૦૨૩માં હૉર્મોન રિપ્લેસમેન્ટ થેરપી (એચઆરટી) કરાવ્યા પછી તેની ક્રિકેટ કારકિર્દીને માઠી અસર થઈ હતી. ત્યાર પછી તેણે ક્રિકેટ સાથે અંતર કરી લીધું હતું. ■

# યુસુફ પઠાણને અપીલ: બંગાળના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં તમે આવો, કેમ દેખાતા નથી?



કોલકાતા: પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં હિંસા ફાટી નીકળ્યા બાદ ભૂતપૂર્વ ક્રિકેટર અને મમતા બૅનરજીના પક્ષ તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)નો આ વિસ્તારનો સંસદસભ્ય યુસુફ પઠાણ ભૂગર્ભમાં જતો રહ્યો એ બાબતે રાજ્યના વિપક્ષ ભાજપે જોરદાર ટીકા કરી એને પગલે ટીએમસીના સ્થાનિક નેતાઓએ શુક્રવારે કહ્યું હતું કે તેઓ ફોન પર યુસુફ સાથે સંપર્કમાં જ છે અને બહુ જલદી આ જિલ્લાની મુલાકાત લેવાની તેને વિનંતી કરી છે.

ગયા અઠવાડિયે મુર્શિદાબાદ જિલ્લાના શમશેરગંજ સહિત કેટલાક વિસ્તારોમાં કોમી તોફાન ફાટી નીકળ્યા હતા જેમાં ત્રણ જણનાં મૃત્યુ થયાં હતાં. આ વિસ્તારો બેહરામપુરથી આશરે ૮૦ કિલોમીટર દૂર છે અને યુસુફ બેહરામપુરનો ટીએમસીનો સંસદસભ્ય છે.

મુર્શિદાબાદમાં મુસ્લિમોની બહુમતી છે અને હિંસાના બનાવો તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા વક્ફ ધારામાં સુધારા કરવામાં આવ્યા એને પગલે થયેલા વિરોધી દેખાવો દરમ્યાન બન્યા હતા.

પીટીઆઇના અહેવાલ મુજબ કેન્દ્રિય પ્રધાન અને ભાજપના પશ્ચિમ બંગાળના પ્રમુખ સુકન્તા મજુમદારે કહ્યું હતું કે 'ટીએમસીના નેતાઓની સંડોવણીથી બંગાળ ભડકે બળી રહ્યું છે, હિન્દુઓની કત્લેઆમ થઈ રહી છે અને ટીએમસીના સંસદસભ્ય યુસુફ પઠાણ ચાની ચુસકી લગાવવામાં વ્યસ્ત છે. આ જ ટીએમસીનો અસલી ચહેરો છે.'

પીટીઆઇના અહેવાલમાં એવું પણ જણાવાયું હતું કે 'ગયા અઠવાડિયે મુર્શિદાબાદ જિલ્લામાં જે કોમી તોફાનો થયાં એ દરમ્યાન બેહરામપુરના સંસદસભ્ય યુસુફ પઠાણે આ જિલ્લાની મુલાકાત ન લીધી એ બદલ આ જિલ્લાના તૃણમૂલ કૉંગ્રેસના નેતાઓ યુસુફથી નારાજ છે. આ નેતાઓનો એક વર્ગ આ સેલિબ્રિટી ઉમેદવાર (યુસુફ પઠાણ)ને એમપી બનાવ્યો એ બદલ પક્ષ (ટીએમસી)થી નારાજ છે. આ નેતાઓનું કહેવું છે કે આ સેલિબ્રિટી નેતા કટોકટીના સમયે પોતાના જ વિસ્તારથી દૂર રહ્યા છે અને પાયાના કાર્યકરો સાથેનો સંપર્ક જ તોડી નાખ્યો છે.'

મુર્શિદાબાદના એમપી અને ટીએમસીના નેતા અબુ તાહેર ખાને પીટીઆઇને યુસુફ પઠાણ વિશેની ચર્ચામાં જણાવ્યું હતું કે 'એ ક્રિકેટર અને સેલિબ્રિટી છે. તે શું કામ અહીં આવશે? નાજુક પરિસ્થિતિને કાબૂમાં લાવવાનો અમે જ પ્રયત્ન કરી રહ્યા છીએ. સેલિબ્રિટીઝને નૉમિનેટ કરો એટલે આવું જ થાય. અમે તેની સાથે ફોન પર સંપર્કમાં છીએ અને અમે તેને અસરગ્રસ્ત જિલ્લાની મુલાકાતે આવવા કહ્યું છે. જોકે હાલમાં તે આઇપીએલ સંબંધમાં વ્યસ્ત છે.' ■




### આઈપીએલ પછી બીજા જ દિવસે શરૂ થશે ટી-૨૦ મુંબઈ લીગ

આગામી પચીસમી મેએ આઈપીએલની ફાઇનલ બાદ ૨૬મી મેએ ટી-૨૦ મુંબઈ લીગની ત્રીજી સીઝન શરૂ થશે જેના ઍમ્બેસેડર તરીકે નિયુક્ત રોહિત શર્માએ ગઈ કાલે સીઝનના લૉન્ચિંગના સમારંભમાં હાજરી આપી હતી. આ સમારોહમાં મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશનના પ્રમુખ અજિંક્ય નાઇક તેમ જ ઍપેક્સ કાઉન્સિલ તથા લીગની ગવર્નિંગ કાઉન્સિલના મેમ્બર્સ પણ ઉપસ્થિત હતા. કુલ આઠ ટીમ આ સ્પર્ધામાં ભાગ લેશે. એમસીએને આશા છે કે કોવિડ-૧૯ પછી હવે ફરી રમાનારી આ લીગમાં સૂર્યા, શ્રેયસ સહિતના સ્ટાર ખેલાડીઓ ભાગ લેશે.

# ગુજરાત V/S દિલ્હી: અમદાવાદમાં બે બળિયા વચ્ચે ટક્કર

## આજે બપોરે ૩.૩૦ વાગ્યાથી આશરે ૩૮ સેલ્સિયસ તાપમાનમાં મુકાબલો

અમદાવાદ: આઇપીએલમાં અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આજે (શનિવાર, ૧૯મી એપ્રિલે બપોરે ૩.૩૦ વાગ્યાથી) પૉઇન્ટ્સ-ટેબલની ટોચની બે ટીમ વચ્ચે જંગ ખેલાશે. શુક્રવાર સાંજ સુધી આ વખતની સીઝનના તમામ બોલર્સમાં ટોચ પર ૧૨ વિકેટ સાથે ચેન્નઈનો નૂર અહમદ મોખરે હતો અને ટોચના પાંચ બોલરમાં ગુજરાત ટાઇટન્સ (જીટી)ના મોહમ્મદ સિરાજ કે દિલ્હી કૅપિટલ્સ (ડીસી)ના મિચલ સ્ટાર્ક, બેમાંથી કોઈનું નામ પણ નહોતું એમ છતાં આ બે એવા ફાસ્ટ બોલર છે જેમની વચ્ચે અમદાવાદની શનિવારની મૅચમાં ચડિયાતા પુરવાર થવાની હરીફાઈ જોવા મળી શકે.

અમદાવાદમાં શનિવારે બપોરે ૩૮ સેલ્સિયસ તાપમાન રહેવાની સંભાવના છે. સિરાજ અને સ્ટાર્ક, બન્નેના નામે ૧૦-૧૦ વિકેટ છે. સિરાજ બોલિંગમાં વૅરિએશન્સ માટે જાણીતો છે અને આ વખતે તેણે પાવરપ્લેમાં સૌથી વધુ સાત વિકેટ લીધી છે, જ્યારે સ્ટાર્ક યૉર્કરનો મારો ચલાવવા માટે તેમ જ ડેથ ઓવરમાં બૅટ્સમેનો પર આક્રમણ કરવા માટે જાણીતો છે.

ગુજરાત અને દિલ્હી, બન્ને ટીમ પાંચ-પાંચમાંથી ચાર-ચાર મૅચ જીતી છે. ગુજરાતની ટીમ છેલ્લી મૅચ હારી હતી અને દિલ્હીની ટીમ છેલ્લી મૅચ જીતીને અમદાવાદ આવી છે. ગયા શનિવારે લખનઊમાં લખનઊ સુપર જાયન્ટ્સ સામે શુભમન ગિલની ગુજરાતની ટીમનો છ વિકેટે પરાજય થયો હતો. ગુજરાતના ખેલાડીઓ અઠવાડિયાના આરામ બાદ ફરી શનિવારે રમવા સજ્જ થઈ ગયા છે.અક્ષર પટેલના સુકાનમાં દિલ્હીના ખેલાડીઓ બુધવારે સીઝનની જ નહીં, ચાર વર્ષની પ્રથમ સુપરઓવરમાં રાજસ્થાન સામે જીતી ગયા હતા. ■

**આજે બીજી મૅચ કોની વચ્ચે?** લખનઊ વિરુદ્ધ રાજસ્થાન જયપુરમાં, સાંજે ૭.૩૦.




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગાથા | ગામ |
| ગાત્ર | કથા |
| ગ્રાસ | લીંપણ |
| ગ્રામ | અવયવ |
| ગાર | કોળિયો |

### ઓળખાણ પડી?

સૌર શક્તિનું પ્રતીક ગણાતું સૂર્યમુખી ફૂલ - સનફ્લાવર કયા દેશનું રાષ્ટ્રીય ફૂલ છે એ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢી જણાવો.

અ) ઓસ્ટ્રિયા બ) ડેનમાર્ક
ક) લાઈબેરિયા ડ) યુક્રેન



### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સ | ર | ૨ સા | ઇ | | ૩ વા | ૪ તા | ૫ વ | ૬ ર | ણ |
| રં | | ત | | ૭ અ | ક | ળા | મ | ણ | |
| જા | | ૮ મ | લા | વિ | | | ળ | | ૯ સ |
| ૧૦ મ | ૧૧ ગ | | | ૧૨ સ્મ | શા | ૧૩ ન | | ૧૪ સ | હે |
| | ૧૫ ભ | ર | ૧૬ મા | ર | | ૧૭ કા | લા | વા | લા |
| ૧૮ ક | રા | | ૧૯ મા | ણી | ૨૦ ગ | ર | | ૨૧ લા | ણી |
| | ૨૨ મ | સ્ત | | ૨૩ ય | મ | | ૨૪ ખા | ખ | |
| ૨૫ જા | ણ | | ૨૬ ક | | ન | | ત | | ૨૭ ક |
| ડું | | ૨૮ સા | મ | ૨૯ ના | | ૩૦ પ | ર | ૩૧ સા | ળ |
| | ૩૨ ઉ | મ | ળ | કા | ભે | ર | | ૩૩ પ | ણ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | ૩ | ૪ | ૫ | | ૬ |
| | | | | ૭ | | ૮ | | | |
| ૯ | ૧૦ | | | ૧૧ | ૧૨ | | | ૧૩ | |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | | |
| | ૧૭ | ૧૮ | | | | ૧૯ | | | |
| ૨૦ | | | | | ૨૧ | | | | ૨૨ |
| ૨૩ | | | | ૨૪ | | | | ૨૫ | |
| | | ૨૬ | ૨૭ | | | | ૨૮ | | |
| ૨૯ | ૩૦ | | ૩૧ | | | ૩૨ | | | |
| | ૩૩ | | | | | ૩૪ | | | |

**આડી ચાવી**

૧. રસ પડે તેવું (૪)
૩. ધન્યવાદ, અનુમતિ, સ્તુતિ (૫)
૮. મોકો, તક (૨)
૯. ચાંદી (૩)
૧૧. શિયાળામાં ઓઢવી પડે (૩)
૧૩. ગાડાના પૈડામાં હોય (૨)
૧૪. --- બેસવી એટલે મેળ ખાવો (૨)
૧૬. ઊલટી, ઊંધી (૩)
૧૭. ખૂબ, ધરાઇને (૪)
૧૯. ચિન્હ, નિશાન, સંકેત (૩)
૨૦. શાર પાડવાનું ઓજાર (૩)
૨૧. આચ્છાદિત, ઘેરાયેલું (જો.છૂ.) (૩)
૨૩. પદ્ધતિ (૨)
૨૪. સંકટ, મુશ્કેલી (૩)
૨૫. શાબાશ (૨)
૨૬. એકધારું, અહોર્નિશ (૩)
૨૮. અક્કલ, ડહાપણ, કરાર (૩)
૨૯. ઓછું (૨)
૩૧. માની મા (૪)
૩૩. જમીનદોસ્ત (૪)
૩૪. નઠારું, હલકું, ઊતરતું (૪)

**ઊભી ચાવી**

૧. --- નો ભોમિયો એટલે પૂરો જાણકાર (૪)
૨. ખાતરી, પતીજ, સમજ (૩)
૪. --- માં મોટો સ્ટીલ પ્લાન્ટ છે (૩)
૫. એક ડઝનમાં બાર --- હોય (૨)
૬. નખરાં કરતી સ્ત્રી (૪)
૭. --- આવવું એટલે સફળ થવું (૨)
૧૦. જડની જેમ વર્તતા પૌરાણિક ઋષિ (૫)
૧૨. મેદસ્વી, સ્થૂળ (૨)
૧૩. કમાણી, પેદાશ, ઉત્પન્ન (૩)
૧૫. વેચાઇ જાય, જોઇએ (૨)
૧૬. ભૂતકાળ (૩)
૧૮. --- લેવાથી દિલ હળવું થાય (૨)
૧૯. વ્યવસાય, કામકાજ (૩)
૨૦. શરીરને લગતું (૪)
૨૧. ફેલાવો, વિસ્તાર (૨)
૨૨. કુદરતી, સ્વાભાવિક (૩)
૨૪. ત્રાસ વર્તાવનારા, જુલમી (૪)
૨૫. એક ઋષિ (૪)
૨૭. --- ને તેડું ના હોય (૩)
૩૦. મધમાખીઓ બનાવે (૨)
૩૨. નીચલી કક્ષાનું, નિકૃષ્ટ (૨)

### ગુજરાત મોરી મોરી રે

'ઈલાના કાવ્યો' તેમજ 'આગગાડી' અને 'સોના વાટકડી' જેવા મૌલિક નાટકો અને નાટ્ય રૂપાંતરો આપનારા સમર્થ સર્જકનું નામ જાણો છો?

અ) ત્રાપજકર બ) મૂળશંકર મુલાણી
ક) જશવંત ઠાકર ડ) ચં. ચી. મહેતા

### જાણવા જેવું

લવિંગ ઢોળાવવાળી રેતીની અને ખૂબ ખાતરવાળી ફળદ્રુપ જમીનમાં દરિયાથી ૧,૫૦૦ ફૂટ ઊંચી જમીન ઉપર થાય છે. નવાં ઝાડ બીમાંથી થાય છે અને વાવ્યા પછી દોઢ માસે ઊગી નીકળે છે. રોપા ઘણા ધીમે વધે છે. ફૂટ સવા ફૂટ ઊંચા થાય ત્યારે કાયમની જગ્યાએ બાવીસ ફૂટ દૂર રોપવામાં આવે છે. સાતથી આઠ વરસની ઉંમર થાય ત્યારે તેમાં લવિંગ લાગે છે અને જેમ ઝાડ મોટું થાય તેમ વધારે લવિંગ લાગતાં જાય છે.

### સુડોકુ-૮૦૬૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | ૬ | ૮ | | ૨ | |
| ૬ | | | ૯ | ૪ | | | | |
| ૯ | | | | | ૧ | ૬ | | ૫ |
| | | ૧ | ૮ | | | | | |
| ૪ | | ૨ | | | | ૭ | | ૩ |
| | | | | | ૭ | ૧ | | |
| ૨ | | ૪ | ૬ | | | | | ૭ |
| | | | | ૧ | ૪ | | | ૨ |
| | ૯ | | ૭ | ૩ | | | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૮૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૧ | ૩ | ૭ | ૨ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૭ | ૯ | ૪ | ૧ | ૮ | ૩ | ૫ | ૬ | ૨ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ |
| ૪ | ૬ | ૯ | ૫ | ૭ | ૨ | ૧ | ૩ | ૮ |
| ૩ | ૭ | ૧ | ૮ | ૬ | ૯ | ૨ | ૪ | ૫ |
| ૮ | ૨ | ૫ | ૩ | ૪ | ૧ | ૬ | ૭ | ૯ |
| ૧ | ૩ | ૮ | ૯ | ૫ | ૭ | ૪ | ૨ | ૬ |
| ૨ | ૫ | ૭ | ૬ | ૩ | ૪ | ૯ | ૮ | ૧ |
| ૯ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૩ | ૫ | ૭ |

### ચતુર આપો જવાબ

ભારતીય સંસ્થા ઈસરોએ તો આજે હરણફાળ ભરી છે. ભારતનું પ્રથમ રૉકેટ દેશના કયા વિસ્તારમાંથી પ્રક્ષેપણ કરવામાં આવ્યું હતું એ કહી શકશો?

**માથું ખંજવાળો**

અ) મહેન્દ્ર ગિરી
બ) પોર્ટ બ્લેર
ક) થુમ્બા
ડ) દેહરાદૂન

### નોંધી રાખો

કિરણમાં ગજબની તાકાત રહેલી છે. એ સૂરજનું હોય કે આશાનું, આપણા જીવનમાંથી અંધકાર દૂર કરવાનું કૌવત ધરાવે છે.

### માઈન્ડ ગેમ

૨૫ લાખની ૬૦% રકમને ત્રણ વડે ગુણાકાર કરી જે જવાબ આવે એના ૪૦% કરવાથી કઈ રકમ મળે એ ગણતરી કરી જણાવો.

અ) ૧૫,૫૦,૦૦૦ બ) ૧૮,૦૦,૦૦૦
ક) ૧૯,૯૦,૦૦૦ ડ) ૨૦,૧૦,૫૦૦

### ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| પથ | રસ્તો |
| પદ | હોદ્દો |
| પર | અજાણ્યું |
| પળ | ક્ષણ |
| પક્ષ | તરફેણ |

ગુજરાત મોરી મોરી રે
ઉમાશંકર જોશી

ઓળખાણ પડી
આર્જેન્ટિના

માઈન્ડ ગેમ
૯૦૦૦૦

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
સિંગાપોર - ન્યૂયોર્ક

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) મુલરાજ કપૂર (૫) ધીરેન ઉદેશી (૬) ગીત ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) સુભાષ મોમાયા (૧૦) નીતા દેસાઈ (૧૧) વિભા મહેશ્વરી (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) હર્ષા મહેતા (૧૪) લજિતા ખોના (૧૫) શ્રદ્ધા આશર (૧૬) પ્રવીણ વોરા (૧૭) પુષ્પા પટેલ (૧૮) મહેન્દ્ર લોઢાવિયા (૧૯) મીનળ કાપડિયા (૨૦) જ્યોતિ ખાંડવાલા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) મનીષા શેઠ (૨૪) ફાલ્ગુની શેઠ (૨૫) નુતન વિપીન શાહ (૨૬) તાહેર ઔરંગાબાદવાલા (૨૭) શીરીન ઔરંગાબાદવાલા (૨૮) મહેશ સંઘવી (૨૯) ભાવના કર્વે (૩૦) અલકા વાણી (૩૧) વિણા સંપટ (૩૨) અંજુ ટોલિયા (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) કિશોર બી. સંઘરાજકા (૩૫) પુષ્પા ખોના (૩૬) નિતિન બજરિયા (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શિલ્પા શ્રોફ (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) ઈનાક્ષી દલાલ (૪૪) હિના દલાલ (૪૫) જયવંત પદમશી ચિખલ (૪૬) વિજય આસર (૪૭) જગદીશ ઠક્કર (૪૮) મહેશ દોશી (૪૯) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૫૦) જાગૃતિ એન. બજરિયા (૫૧)હિંમત પી. ખોલીયા (૫૨) અરવિંદ કામદાર

# વીક એન્ડ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

## આવો, જાણીએ સ્ત્રી-પુરુષની જાણીતી ઓછી ને અજાણી વાતો વધુ!

### પહેલી નજરે સરળ,પણ સરવાળે અટપટા કોયડા જેવા લાગતા કુદરતના આ બે અનુપમ સર્જનને અહીં સમીપથી ઓળખીએ, જસ્ટ જરા બીજી રીતે !



સ્ત્રી–પુરુષઃ ઘરમાં–કિચનમાં

આમ તો એક જ કુદરત એક જ પ્રકૃતિનાં એ બન્ને સર્જન છે. આમ છતાં , એ બન્ને વચ્ચે અમુક સામ્ય કરતાં કેટલાંક તફાવત એવાં છે, જે સ્ત્રી- પુરુષને એક અલગ અને આગવું અસ્તિત્વ તથા વ્યક્તિત્વ પ્રદાન કરે છે.

આપણે અહીં એ થોડા જૈવિક અને વર્તણૂંક તફાવતની વાત કરીએ તો નર-નારીની પ્રજન્ન ભૂમિકા બન્નેના હોર્મોન્સ મગજની રચના સાવ ભિન્ન-વિભિન્ન છે. બન્નેની શારીરિક ઊંચાઈ-વજન દેખાવ અલગ પડે છે. બન્નેની વાતચીતની ઢબ-શૈલી અલગ હોય છે. પુરુષની સરખામણીએ સ્ત્રીના હૃદયના ધબકારા વધુ ઝડપી, પણ બ્લડ પ્રેશર ઓછું હોય છે.

એ બન્ને એમની સામાન્યથી લઈને સામાજિક સાંસ્કૃતિક ભૂમિકામાં સાવ અલગ તરી આવે છે. ખેર, આ બધી વાત તો સામાન્ય જ્ઞાનની છે.

આપણે અહીં વાત કરવી છે નર-નારીની કેટલીક ઓછી જાણીતી, છતાં રોજિંદા જીવનમાં બનતી તો પણ આપણી નજરે છતી ન થઈ હોય એવી કેટલીક વાતની, જેમકે...

**સ્ત્રી-પુરુષઃ કેટલી મિનિટમાં શું શું કરે?**

કેટલીક વાર શબ્દો કરતાં આંકડા ટૂંકાણમાં પણ સચોટ વાત કહી જતા હોય છે અને મજાની વાત એ છે કે આ આંકડાબાજીમાં કુદરતનાં બે અજોડ કરામતી સર્જન નર- નારી સામેલ છે.

કેન્દ્ર સરકારની અનેકવિધ આંકડા એકઠા કરતી એક એજન્સી ('સેન્ટ્રલ સ્ટેટિસકલ ઓફિસ' CSO ) એ પુરુષ-સ્ત્રી અમુક કલાક- અમુક દિવસ દરમિયાન શું શું પ્રવૃત્તિ કરે છે એનું સર્વેક્ષણ કર્યું પછી એમાંથી તારવેલી ઘણી માહિતી ખરેખર રસપ્રદ છે.

ઉદાહરણ તરીકે, શહેરનો પુરુષ ૨૪ કલાકમાં ૫૩૪ મિનિટ નિંદ્રા કરે છે, જ્યારે સ્ત્રી ૫૫૩ મિનિટની મસ્ત ઊંઘ ખેંચી કાઢે છે. આ શહેરીઓની સરખામણીમાં ગ્રામીણ પુરુષ નિરાંતે ૫૫૪ મિનિટની ઊંઘ લે છે તો ગામની મહિલા ત્યાંના પુરુષ કરતાં ૩ મિનિટ વધુ એટલે કે ૫૫૭ મિનિટ પથારીમાં ગાળે છે.

ઘરકામમાં મદદરૂપ થવામાં પુરુષ શહેરનો હોય કે ગામનો, એ સ્ત્રીની સરખામણીમાં હંમેશાં ઊણો જ ઊતરે... મહિલા ઘરગથ્થુ કાર્યમાં પૂરેપૂરી ૫૫૧ મિનિટ આપે તો એનો ધણી રોકડી ૯૪ મિનિટ જ પરખાવે...!

ખાવા-પીવાની બાબતમાં શહેર-ગામનાં પુરુષો લગભગ એક્સરખો ૧૦૧-૧૦૩ મિનિટનો સમય લે છે. આ વિશે મહિલાના કોઈ ચોક્કસ આંકડા મળતાં નથી, કારણ કે સર્વેવાળા કહે છે તેમ સ્ત્રીનું દિવસ દરમિયાન કંઈને કંઈ આચર-કુચર ચાલતું જ હોય છે.

(જો કે સર્વેવાળાની આ વાત મોટાભાગની મહિલાને ખાસ ગળે ઉતરે એવી નથી, કારણ કે ઘરકામમાં ડૂબેલી નારી ક્યારેક તો કલાકો પછી એકાદ પ્યાલો પાણી કે એક કપ ચા માંડ પીતી હશે)

બીજી તરફ, સાંસ્કૃતિક-રમતગમતની બાબતમાં દિવસ દરમિયાન ગ્રામૂણ પુરુષ ૧૬૨ મિનિટ તો સ્ત્રી ૧૫૫ મિનિટ ગાળે છે તો શહેરમાં પુરુષ ૧૭૧ તો આજની સ્ત્રી અનુક્રમે ૧૮૭ મિનિટ વ્યસ્ત રહે છે.

આ જંગી સર્વે માટે દેશના ૫૯૦૦થી વધુ ગામના ૮૩૦૦ લોકો તથા વિવિધ શહેરના ૪૦૦૦ બિલ્ડિંગ-ઈમારતોના ૫૫ હજારથી વધુ લોકોની મુલાકાત લેવામાં આવી હતી. આમ સરકારી એજન્સીએ બડી જહેમતથી આંકડા એકઠા કરી વિભિન્ન તારણ કાઢ્યા છે. દર બે વર્ષે સરકાર આ પ્રકારની પ્રવૃત્તિ કરે છે. હા, ૨૦૨૦ના કોરોના કાળ અને લોકડાઉન વખતે આવા બધા આંકડા-પ્રૃથક્કરણનું જ 'રામ બોલો ભાઈ..રામ' થઈ ગયુ હતું.

આમ છતાં, આજનો પુરુષ અને સ્ત્રી કઈ કઈ પ્રવૃતિમાં કેટલો સમય વીતાવે છે એનો અચ્છો એવો અંદાજ જરૂર આવી જાય છે.

પુરુષ સ્ત્રીની વાત નીકળે એટલે એ બન્ને દિવસ દરમિયાન કેટલી વાર બોલતા હશે, વાતો કરતા હશે એવી જિજ્ઞાસા કોઈને પણ સહેજે થાય અને આ બધી માહિતી તો પહેલાં કરતાં હવે વધુ ઝડપી અને સચોટ વત્તા સરળ થઈ ગઈ છે. થેંકસ ટુ ગુગલ ! 'ગુગલ'ની સાથે હવે તો 'આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ' (AI) અર્થાત 'કૃત્રિમ બુદ્ધિમત્તા' ઉમેરાયું છે.

આવા AIના આ વિશેષ પ્રકાર એટલે 'ચેટજીટીપી' ને કેટલાક જિજ્ઞાસુ સંશોધકોએ પ્રશ્ન કર્યો :

'દિવસ દરમિયાન વધુ બોલબોલ કોણ કરે-સ્ત્રી કે પુરુષ?'

બીજા શબ્દોમાં એમ પૂછવામાં આવ્યું કે 'પુરુષ અને સ્ત્રી દિવસ દરમિયાન સરેરાશ કેટલા શબ્દો બોલે છે?'

જવાબ મળ્યો :

'સામાન્ય માન્યતા એવી છે કે પુરુષની સરખામણી સ્ત્રી વધુ બોલાબોલ કરે છે. વચ્ચે એક સર્વેનું એક સવિસ્તર તારણ પણ આવ્યું હતું કે દિવસ દરમિયાન પુરુષ માત્ર ૭ હજાર શબ્દ બોલે છે, જ્યારે સ્ત્રી મશીનગનમાંથી બુલેટની ધાણી ફૂટતી હોય તેમ દિવસ દરમિયાન ૧૮થી ૨૦ હજાર શબ્દો બોલે છે...!

જો કે એ સર્વેનું તારણ મોટભાગના ભાષાવિજ્ઞાનીઓએ સ્વીકાર્યું નહીં. એ બાદ 'યુનિવર્સિટી ઓફ એરિઝોના' સાથે સંકળાયેલા સાયકોલોજિના વડા પ્રોફેસર મેથિયાસ મેહલની ટીમે ડિજિટલ વોઈસ રેકોર્ડરથી અનેક સ્ત્રી-પુરુષની વાતચીત લાંબા ગાળા સુધી રેકોર્ડ કરી અને પછી એક વ્યવસ્થિત સર્વે કર્યો ને શોધી કાઢ્યું કે એક સ્ત્રી દિવસમાં સરેરાશ ૧૬ હજાર ૨૧૫ શબ્દા બોલે છે, જ્યારે પુરુષ ૧૫ હજાર ૬૬૯ શબ્દ ઉચ્ચારે છે...બીજા શબ્દોમાં કહો તો પુરુષ-સ્ત્રી લગભગ એકસરખા પ્રમાણમાં જ બોલે છે. આમ 'સ્ત્રી વધુ બોલે છે' એ માન્યતા ભ્રામક અને ભૂલભરેલી છે.

આ અભ્યાસમાં એક રસપ્રદ માહિતી એ પણ મળી કે સર્વે દરમિયાન એક દિવસમાં સૌથી વધુ ૪૭ હજાર શબ્દ બોલનારી વ્યક્તિ એક પુરુષ હતી અને સૌથી ઓછા ૭૦૧ શબ્દ બોલનારી વ્યક્તિ એક સ્ત્રી હતી!

નર-નારીની વાતચીત-બોલવાની ઢબ ટેવના આ પ્રકારનાં સર્વે વચ્ચે એવી પણ વાત આવે કે : 'પુરુષની સરખામણીએ ઘણી સ્ત્રી ઊંચા સ્વરે બોલતી લાગે. એ જ રીતે, ઠીંગણા પુરુષ-સ્ત્રી પણ ઊંચા-મોટા અવાજે કેમ બોલે છે?' આનો જવાબ ENT (આંખ-નાક ગળા) ના સ્પેશિયાલિસ્ટ - વિશેષજ્ઞ આ રીતે આપે છે : 'પુરુષ અને સ્ત્રીની વોકલ કોર્ડ (સ્વરપેટી)ની લંબાઈ અલગ અલગ છે. સ્ત્રીની સરખામણીએ પુરુષની વોકલ કોર્ડ લાંબી હોય છે એટલે સ્ત્રી કે ઠીંગણી વ્યક્તિ પોતાનો અવાજ સામે પહોંચાડવા સ્વાભાવિક રીતે અજાણતા જ ઊંચા સ્વરે બોલતી હોય છે! '

બીજી તરફ, આપણને ખ્યાલ પણ નથી હોતો કે કોઈ કોઈ શબ્દ આપણે અજાણતામાં જ વધુ બોલીએ છીએ. ઉદાહરણ તરીકે, આપણી રોજિંદી ભાષામાં સૌથી વધુ વખત વપરાતો શબ્દ છે 'આઈ' અર્થાત 'હું' !

બોસની સેક્રેટરી-સહકર્માચારી- ટેલિફોન ઓપરેટર્સ, ઈત્યાદિને મળીને સંશોધન કર્યા પછી મનોચિકિત્સકોનું તારણ કહે છે કે આ 'હુ' શબ્દ દિવસમાં સરેરાશ વ્યક્તિ દીઠ ૧૩થી ૧૬ વાર વપરાય છે !

આ શબ્દ વારંવાર વાપરવાનું પ્રયોજન દરેક માટે ભિન્ન હોય છે. પ્રત્યક્ષ-પરોક્ષ રીતે માનવી માત્ર પોતાની મહત્તા પુરવાર કરવા આ 'હુ'નો વધારે પડતો ઉપયોગ કરે છે.

આ 'હું 'ને લઈને જાણીતા હાસ્યલેખક સ્વ. વિનોદ ભટ્ટ વાતવાતમાં આવા 'હું હું' કરતાં આપણા કેટલાક લેખકોને 'આઈ(હું) સ્પેશિયાલિસ્ટ' કહીને જબરી ખિલ્લી પણ ઉડાડતાં !

મનોચિકિત્સકો એવું પણ ઉમેરે છે કે 'હું'ની સરખામણીએ લોકો 'અમે' શબ્દનો વપરાશ ઘણો ઓછો કરે છે... જાણે લોકોમાં સંઘભાવના બહુ ઓછી છે. દરેક કામ- પ્રવૃત્તિનો શ્રેય-યશ માણસ એકલો જ લેવા ઈચ્છે છે...! .

સ્ત્રી-પુરુષની અજાણી, છતાં અવનવી વાત કરીએ ત્યારે કેટલાંક સાધન આપણી રોજિંદી જિંદગીમાં ખરેખર ઉપકારક હોવાં છતાં એનો વધુ પડતો ઉપયોગ નુકસાનકારક સિદ્ધ થઈ શકે. આમાં સૌથી વધુ હાથવગું સાધન મોબાઈલ ફોન છે, પણ એનો વધુ પડતો ઉપયોગ શારીરિક - માનસિક રીતે પણ ઘણી જફા પહોંચાડે છે. પરિવાર કે નજીકની બે વ્યક્તિ વચ્ચેના સંબંધમાંય એ અજાણી પણ ઊભી તિરાડ પણ પડાવે છે. આવા મોબાઈલ મેનિયા કેવી કેવી મોંકાણ સર્જી શકે છે એની કેટલીક વાત વિગતો પણ આંખ ઉઘાડનારી, છતાં રસપ્રદ છે એના વિશે વાત કરીશું ફરી ક્યારેક! ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

## ટીમ લેબ્સ બોર્ડરલેસ - આર્ટ ને ટેક્નોલોજીનો અજોડ સમન્વય...











છેલ્લા બે-ત્રણ મહિનાઓથી દુનિયાભરની ઇકોનોમી અને ન્યૂઝ સાઇકલની જે કેઓટિક હાલત છે તેમાં જેવું મીડિયાથી ડિસકનેક્ટ કરો એટલે તરત જ પોતોનો ખૂણો રોજિંદા કામકાજ અને મજા અને સ્ટ્રગલથી ભરેલો લાગે છે. એવામાં જ્યારે તમે તમારા કમ્ફર્ટ ઝોનથી બહાર સાવ અજાણી કન્ટ્રીમાં માંડ પંદર દિવસ માટે હોવ ત્યારે ત્યાંની લોકલ પરિસ્થિતિ પર હાલની ઇકોનોમિક હિલચાલની ઇમ્પેક્ટ છે કે નહીં તે કહેવું મુશ્કેલ બની જાય છે. તેમાંય જાપાનમાં તો સતત વર્ક પ્રેશર અને સોશિયલ ડિસિપ્લિનના પ્રેશર વચ્ચે સબવેમાં અને રસ્તા પર હંમેશાં લોકોની ભીડ જોવા મળી જતી. અને આવી સ્થાનિક લોકોની ભીડમાં દરેક ઉંમરનાં મોટાભાગનાં લોકો ફોન પર જ દેખાતાં. ઘણાં તો ચાલતાં ચાલતાં ફોન પર ગેમ રમતાં, ટ્રેનમાં ઘૂસવા પૂરતો ચાલુ ફોન પોકેટમાં મૂકીને ફરી ટ્રેનમાં ભીડમાં ઊભા રહેવાની જગ્યા શોધીને એક હાથે બેલેન્સ માટે હેન્ડલ પકડીને ફરી પાછો બીજા હાથે એ જ ફોન કાઢીને ગેમ ચાલુ રાખતાં.

જિબલી મ્યુઝિયમથી નીકળીને ક્યાં સાંજ પડી ગઈ ખબર પણ ન પડી. તેના માટે અડધા દિવસ જેટલો સમય તો મિનિમમ પ્લાન કરવો જ પડે. ડિજિટલ ટેક્નોલોજીને માણસોએ હાથે બનાવેલી કલા સાથે બેલેન્સમાં રાખતા સ્ટુડિયો જિબલીથી સીધાં ડિજિટલ આર્ટના સ્પેશિયાલિસ્ટ ટીમ લેબ્સ એક્ઝિબિશનનું બુકિંગ એ જ દિવસે કરવામાં અમે આયરનીની મજા લઈ લીધી. હવે તો દુનિયાનાં ઘણાં મોટાં શહેરોમાં પરમેનેન્ટ કે ટેમ્પરરી ટીમ લેબ્સ એક્ઝિબિશન લાગે જ છે. આ ડિજિટલ આર્ટના પાયોનિયર્સની શરૂઆત ૨૦૦૧માં ટોક્યોમાં થઈ હતી. ટીમ લેબ્સનાં કલાકારો પોતાને અલ્ટ્રા ટેક્નોલોજિસ્ટ તરીકે ઓળખાવે છે. આર્ટ અને ટેક્નોલોજીનો જરા વિચિત્ર સંબંધ છે. આ લેબનાં સ્થાપકો ટોક્યો યુનિવર્સિટીનાં એન્જિનિયર્સ છે. ટીમ લેબ્સમાં માત્ર આર્ટિસ્ટ કે માત્ર એન્જિનિયર હોવું પૂરતું નથી. આ આર્ટી-એન્જિનિયર શું કરે છે તે જોવા માટે ત્યાં જવું તો રહ્યું જ. આમ પણ હાલમાં જે પણ જાપાન જઈને આવ્યું છે તેમના ફોટોઝમાં ટીમ લેબ્સ જોયા પછી પહેલી તપાસ ત્યાં બુકિંગ કરવાની થઈ હતી.

ટોક્યોમાં બે ટીમ લેબ્સ છે. ટીમ લેબ્સ બોર્ડરલેસ અને ટીમ લેબ્સ પ્લાનેટ્સ. બંને લેબ્સ શહેરમાં વિપરીત દિશાઓમાં છે. તેમાં બોર્ડરલેસમાં થોડું ઓડિયન્સ ઇન્ટરેક્શન અને વધુ સારા રીવ્યુઝ છે. વળી તે અમારી રોપોન્ગી હોટલથી પણ નજીક હતી. બીજું શું જોઈએ? બુકિંગ સ્લોટ્સ મળવાનું જરા અઘરું છે. જિબલી મ્યુઝિયમની જેમ જ અહીં પણ પહોંચીને ટિકિટ ત્યાં જઈને લઈશું એમ વિચારવા જેવું નથી. અમને આખા અઠવાડિયામાં માત્ર બે જ સ્લોટ મળે તેમ હતા. અમે જિબલી સાથે ટીમ લેબ્સને એક જ દિવસમાં કમ્બાઇન કરવા નહોતાં ઇચ્છતાં. બંને અલગ પ્રકારની આર્ટને પચાવવા માટે વચ્ચે થોડો બ્રેક હોત તો સારું થાત. પણ ટીમ લેબ્સ બોર્ડરલેસને એ મંજૂર ન હતું, એટલે અમે જિબલીનો રાઉન્ડ પતાવીને ટીમ લેબ્સ માટે સમયસર પહોંચવા નીકળી પડ્યાં. ત્યાં ૭થી ૯નો બે કલાકનો સ્લોટ હતો.

બોર્ડરલેસ પહોંચવા માટે ત્રણ સબવે બદલવી પડી અને વચ્ચે આશરે ૧૦,૦૦૦ સ્ટેપ્સ ચાલવું પડ્યું. હજી ટીમ લેબ્સમાં અંદર તો ચાલવાનું હતું જ. છેલ્લા સ્ટ્રેચ પર સબવે અન્ડરગ્રાઉન્ડથી આખરે નીકળ્યાં તો વરસાદ પડતો હતો. જાપાનના અન્ડરગ્રાઉન્ડ્સમાં માત્ર ટ્રેન જ નહીં, રેસ્ટોરાં, શોપિંગ, હોટલ્સ, બધું એવી રીતે ફેલાયેલું છે કે જાણે જમીનની નીચે બે-ત્રણ માળમાં અલગ દુનિયા જ વસે છે. હજી જાપાનિઝ અન્ડરગ્રાઉન્ડ લાઇફથી અમે સરખું મળ્યાં ન હતાં. તે દિવસે જમીન પરના આર્ટની જ વાત હતી.

બોર્ડરલેસનો સ્ટુડિયો એક ભવ્ય મોલનો આખો માળ લઈને બેઠો હતો. ઇમારતની બહાર થોડાં પ્લમ બ્લોસમ્સ માહોલ અને સીઝનને મજેદાર બનાવી રહ્યાં હતાં. અંદર પ્રવેશતાંની સાથે જ કોઈ અલગ દુનિયામાં આવી ગયાં હોઇએ તેવું લાગતું હતું. આ ઇમરસિવ આર્ટનો પહેલો અનુભવ હતો જ્યાં હાઇ સિલિંગથી લઈને સાઇડ્સ અને ફ્લોર, જ્યાં પણ જુઓ ત્યાં આર્ટ પ્રોજેક્શન તમારી આંખો અને મગજને વ્યસ્ત રાખવા માટે તૈયાર હતું. વળી આખાય વિસ્તારમાં દરેક દીવાલ, છત પર જે આર્ટ પીસ પ્રોજેક્ટ કરવામાં આવેલું તે એનિમેટેડ હોવા સાથે એક બીજાની ફ્રેમમાં પણ જતું રહેતું. એક રૂમનાં ફૂલોની પાંખડી બીજા રૂમમાં ઊડીને જતી, પક્ષીઓ અને પ્રાણીઓ કોરિડોરમાં સાથે ચાલતાં. સંગીત અને અવાજો, ઘણાં લાઇટ બીમ્સ પર હાથે ટેપ કરીને તેમને ખેંચીને દૂર લઈ જઈને પેટર્ન બનાવી શકાતી. વોટર ફોલ્સ, ફૂલો, લોકવાર્તાઓ, સાંસ્કૃતિક રેફરન્સ, રંગો અને લાઇટ્સનું એવું કોકટેઈલ ત્યાં અનુભવવા મળ્યું હતું કે આજે પણ ત્યાં બે કલાકમાં થયેલી અનુભૂતિને બીજા કોઈ અનુભવ સાથે સરખાવી શકાય તેવું નથી.

એટલું જ નહીં, ક્યાંક પ્રોજેક્શનો વાર્તા કરતાં, ક્યાંક ક્રિસ્ટલ ઇન્સ્ટોલેશન્સમાં માત્ર ખોવાઈ જવાનું હતું, ક્યાંક માથા પર વરસાદ પડતો, ક્યાંક અવાજો અને સુગંધથી મન ભરાઈ આવતું. અહીં જે પણ હતું તે બધું બહારની દુનિયાને ભૂલીને, બીજા વિચારોને, ડિસ્ટ્રેક્શન્સને એક બાજું મૂકીને અનુભવ કરવા માટે હતું. જોકે વચ્ચે ફોટા અને વીડિયોને ઇન્સ્ટાગ્રામ પર મૂકવા માટે બેસીને પોતાનું કામ કરવાની જગ્યાઓ પણ હતી. ખરું જોવા જાઓ તો આજના જમાનાનું આ પરફેક્ટ ટૂરિસ્ટ સ્પોટ હતું જ્યાં આર્ટ, સેન્સરી અનુભવો, ટેકનોલોજી બધું એક સાથે વણાયેલું હતું. અહીં બે કલાક તો ક્યાં પૂરા થઈ ગયા ખબર પણ ન પડી. છેલ્લે એક ભવ્ય ડિજિટલ એક્વેરિયમમાં અમે જાતે દોરેલું ચિત્ર પણ અહીંનાં આર્ટ પ્રોજેક્શનનો ભાગ બનતો જોવાની મજા મળી હતી. ત્યાં ગયા પછી લાગ્યું કે હજી સમય છે તો પ્લાનેટ્સને પણ મોકો અને સમય આપવાનો પ્રયત્ન કરવો જ રહ્યો. ટોક્યોનો પહેલો આખો દિવસ આર્ટ ઓવરલોડમાં વીત્યો હતો. ■

## ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# 'પેશન ફોલો' કરવી છે?

### - તો તમારા ગમતાં કામ-વિષયને અનુસરતાં પહેલાં થોમસ આલ્વા એડિસન વિશે જાણી લો...

પરીક્ષાઓ અને રિઝલ્ટ્સની મોસમમાં અનેક મોટિવેશનલ સલાહકારો ફૂટી નીકળશે. આ પ્રજાતિ નાપાસ થવા બદલ કે ઓછા ટકા આવવા બદલ નિરાશ ન થવાની સલાહ સતત આપતી રહેશે. કેટલાક તો વળી ડિગ્રી કે નોકરી પાછળ ભાગવાને બદલે પોતાનું પેશન ફોલો કરવાની સલાહ ઉત્કટતાને અનુસરવાની સલાહ આપશે. આમ તો એ બંને સલાહ સાચી છે, પણ અધૂરી છે. બાકીની અડધી વધારે મહત્ત્વની વાત એટલે અભ્યાસની નિષ્ફળતા પછીની સખત મહેનત અને રસના ક્ષેત્રમાં કામ કરવા માટે કેળવવી પડતી પાત્રતા. મોટા ભાગના વિદ્યાર્થીઓ સખત મહેનતવાળો મુદ્દો જ ચૂકી જાય છે. પરિણામે નોકરી છોડીને 'પેશન ફોલો' કરવાના ચક્કરમાં ય કેટલાય યુવાનો યોગ્ય પાત્રતાને અભાવે બેકાર રખડી રહ્યા છે. એની સામે એવાય વીરલાઓ છે જે શારીરિક મર્યાદાઓને કારણે મજબૂરીવશ અભ્યાસ છોડ્યા બાદ પોતાના ગમતા ક્ષેત્રમાં એવી મહેનત કરી દેખાડે છે કે એમનું શાળાકીય શિક્ષણ અધૂરું હોવાની વાત કોઈને માનવામાં ન આવે.

આવું જ એક નામ એટલે થોમસ આલ્વા એડિસન (૧૮૪૭-૧૯૩૧).

આ નામ સાથે જોડાયેલું સૌથી પ્રસિદ્ધ સંશોધન એટલે વીજળીથી ચાલતો બલ્બ,પણ એડિસને આ ઉપરાંત અનેક સંશોધનો કર્યા છે. જાણીને આશ્ચર્ય થશે કે ઇલેક્ટ્રિક પાવર જનરેશન, ફોનોગ્રાફ, સાઉન્ડ રેકોર્ડિંગ અને મોશન પિક્ચર્સ જેવાં ક્ષેત્રોમાં અનેક સંશોધનો કરનાર એડિસન પોતે બહેરાશથી પીડાતા હતા. માતા-પિતાના સાતમા અને અંતિમ સંતાન એવા થોમસની બહેરાશ પાછળ કાનની વિશિષ્ટ સમસ્યા જવાબદાર હતી. એ જમાનામાં આવી સમસ્યાઓ વિશે જરૂરી જાગૃતિ તો ક્યાંથી હોય!

શાળામાં શિક્ષકોને લાગતું કે થોમસ ભણવામાં ડોબો છે. બીજી તરફ, થોમસને પણ સાંભળવાની તકલીફને કારણે વર્ગખંડમાં ભાગ્યે જ કશું સમજાતું. આખરે થોડા જ મહિનાના સ્કૂલિંગ બાદ થોમસે શાળા છોડવાની નોબત આવી.

નિષ્ફળતા મળે તો નિરાશ ન થવાની પેલી જે સલાહની શરૂઆતમાં વાત કરી, એ સ્કૂલ છોડવાની ઘટના સુધી જ કામ લાગે, પણ એક વાર પરંપરાગત શિક્ષણ સાથે નાતો તૂટે પછી કરવું શું? વર્ગનો દરવાજો ભલે બંધ થાય, જ્ઞાનની ભૂખ મરવી ન જોઈએ. શિક્ષક તરીકે નોકરી કરી ચૂકેલી માતાએ થોમસને ઘરે જ વિવિધ વિષય ભણાવવા માંડ્યા. થોમસે પણ વાંચવાનો શોખ બરાબર કેળવ્યો. વાચન તમારી મર્યાદાઓ વળોટી જવા માટેનું ઉત્તમ હથિયાર છે. થોમસને ટેક્નોલોજીને લગતાં લખાણોમાં બહુ રસ પડતો. એક તબક્કો એવો ય આવ્યો કે થોમસને પોતે જ નવી નવી ટેક્નોલોજી પર કામ કરવાનું મન થવા લાગ્યું. એ પોતાના ઘરે જ જુદા જુદા પ્રયોગો કર્યા કરતો, પણ ઘરે રહીને ભણવું કે પ્રયોગો કરવા એટલા માત્રને સખત મહેનત થોડી કહેવાય? એમાં તો ઊલટા ખર્ચા વધે એટલે ૧૩ વર્ષના એ છોકરડાએ પોર્ટ હ્યુરોનથી ડેટ્રોઈટ જતી ટ્રેનમાં છાપાના ફેરિયા તરીકે કામ ચાલુ કરી દીધું. સાથે જ કેન્ડી અને શાકભાજીઓ ય વેચવાના. આને કહેવાય સખત મહેનત. ધંધો તગડો થવા માંડ્યો. એ જમાનામાં અઠવાડિયે ૫૦ ડૉલર જેવડો 'તોતિંગ' નફો થતો. સખત મહેનત કરી લીધા પછીનો તબક્કો એટલે મહેનતને અંતે મળેલા વળતરનું યોગ્ય ઇન્વેસ્ટમેન્ટ. થોમસ ટેક્નોલોજી વિશે જે કંઈ વાંચતો એ જાતે અજમાવી જોવા તત્પર રહેતો એટલે પોતાની કમાણીમાંથી એણે વિવિધ ઇલેક્ટ્રિકલ અને કેમિકલ પ્રયોગો જાતે કરવા માટેના સાધનો ખરીદવા માંડ્યા. આને કહેવાય ખરા અર્થમાં પેશન ફોલો કરવી.



થોમસ આલ્વા એડિસન

પંદર વર્ષની વયે થોમસે સ્ટેશન માસ્ટરના નાનકડા દીકરાને ટ્રેન હેઠળ કચડાઈ જતો બચાવ્યો. આનાથી રાજી થયેલા સ્ટેશન માસ્ટરે થોમસ સાથે થોડો પરિચય કેળવ્યો. વાતવાતમાં ખબર પડી કે પંદર વર્ષનો એ ટાબરિયો એક કાને સાવ બહેરો છે અને બીજા કાને પણ શ્રવણશક્તિ ઠીકઠાક જ છે. એ પછી સ્ટેશન માસ્ટરને આ છોકરામાં વધુ રસ પડ્યો.

એડિસનની ધગશ અને ટેક્નોલોજી પ્રત્યેની લગન જોઈને એમણે એને ટેલિગ્રાફ ઓપરેટર તરીકેની ટ્રેનિંગ આપી. થોમસને તો એમાં મજા પડી ગઈ. આ તાલીમના પ્રતાપે પોર્ટ હ્યુરોનથી થોડે દૂર આવેલા સ્ટેનફોર્ડ જંકશન નામક રેલવે સ્ટેશન પર એડિસનને નોકરી ય મળી ગઈ.

જોકે, નસીબે ય બે ડગલા આગળ ચાલતું હતું. ટેલિગ્રાફ ઓપરેટરની નોકરી દરમિયાન એડિસને પોતાના પ્રયોગો ચાલુ રાખ્યા, પણ એક દિવસ ડ્યૂટીમાં સરતચૂક થઇ એમાં બે ટ્રેન્સ એકબીજા સાથે અથડાતા માંડ માંડ બચી! આ સંભવિત અકસ્માતને પાપે એને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવે એ પહેલા જ થોમસ એડિસને ડાહ્યા થઈને રાજીનામુ ધરી દીધું.

એ ફરી પાછું સડકો પર છાપા વેચવાનું જૂનું કામ શરૂ કર્યું. પેશન ફોલો કરવા માટે એટલે કે ટેક્નોલોજીને લગતાં વધુ પુસ્તકો ખરીદવા તેમજ પ્રયોગો કરવા માટે વધુ પૈસાની સતત જરૂર રહેતી. એડિસને પોતે જ Grand Trunk Herald નામનું સાપ્તાહિક છાપું પબ્લિશ કરીને વેચવાનું શરૂ કર્યું. હજી તો વીસી પણ પાર નહોતી કરી ત્યાં ભાઈ બિઝનેસમેન બની ગયા. અહીં બિઝનેસનો અર્થ એસી ચેમ્બરમાં રિવોલ્વિંગ ચેર પર ઝૂલવાનો નહોતો. બલકે સડકો પર ભટકીને અખબારો વેચવાના હતા. ટાંચાં સાધનો અને સ્રોત વડે દર અઠવાડિયે સમાચારો ભેગા કરીને છાપું પબ્લિશ કરવાનું હતું. ટૂંકમાં કાળજાતૂટ મજૂરી હતી, પણ મૂળ શોખ પૂરો કરવા આટલું તો કરવું જ પડે ને. છાપા સાથે સંકળાવાનો અનુભવ કામ લાગ્યો અને ઇસ ૧૮૬૬માં માત્ર ઓગણીસ વર્ષની વયે એડિસનને કેન્ટુકી ખાતે 'ન્યૂઝ વાયર' નામક પ્રેસ એજન્સીમાં નોકરી મળી. ભાઈએ અહીં પણ નાઈટ શિફ્ટ પસંદ કરી, જેથી આજુબાજુના કકળાટ વિના નોકરીની સાથે સાથે વાંચવાના શોખને પોષી શકાય. બીજા જ વર્ષે એવું થયું કે નાઈટ ડ્યૂટી દરમિયાન લેડ-એસિડ બેટરી પર પ્રયોગ કરવાના ચક્કરમાં એડિસનથી સલ્ફ્યુરિક એસિડ જમીન પર ઢોળાઈ ગયો. એસિડનો રેલો બોસની કેબિન સુધી પહોંચ્યો. પરિણામ સ્વરૂપ બીજે જ દિવસે થોમસ એડિસનને આ નોકરીમાંથી ય પાણીચુ મળી ગયું! ત્યાર પછી ય અટકવાનું હતું જ નહિ. મહેનત ચાલુ જ રહી એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી.

આ તો એક-બે પ્રસંગોની વાત થઇ, પણ થોમસ અલ્વા એડિસને પોતાના જીવન દરમિયાન અનેક નિષ્ફળતાઓ વેઠી, અનેક સંઘર્ષ કર્યા. એડિસને છાપાના ફેરિયાથી માંડીને જનરલ ઇલેક્ટ્રિક જેવી જાયન્ટ કંપનીના સ્થાપક સુધીની સફર કરી. જો પોતાના કામને લઈને સાચી ધગશ અને સખત મહેનતની તૈયારી ન હોત તો થોમસ એડિસન પણ પોતાની બહેરાશના રોદણા રડીને સામાન્ય નોકરી કરી ખાત, પણ આજે જ્યારે અધધ કહેવાય એટલી ૧૦૯૩ સંશોધનોની પેટન્ટ આ માણસને નામે ચડી છે ત્યારે એમણે જે શાળાકીય શિક્ષણ અધૂરું છોડવું પડેલું એની વાત કેટલી બિનમહત્ત્વની બની જાય છે.

જો તમને ય શાળાકીય શિક્ષણનું મહત્ત્વ સમજાતું ન હોય કે નોકરી છોડીને પેશન ફોલો કરવાનો કીડો વારંવાર ચટકા મારતો હોય તો એકવાર થોમસ આલ્વા એડિસનનું જીવનચરિત્ર અચૂક વાંચી લેવું. ■

## સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# ડોર્ઝે - ઇથોપિયાઃ વણાયેલી વાંસની ઝૂંપડીઓ

દક્ષિણ ઈથોપિયાના સ્થાનિક લોકોમાં વાંસ-વણાટનું કામ સદીઓથી થઈ રહ્યું છે. સ્થાનિક સ્તરે મળતાં વાંસ અને તેને વાપરવાની અદ્‌ભુત કળાનો ઉપયોગ સ્થાનિક લોકો જીવનના દરેક ક્ષેત્રમાં એક યા બીજા સ્વરૂપે કરે છે. સ્થાપત્ય તેમાં અપવાદ ન હોઈ શકે. તેમાં પણ જ્યારે આવાસની વાત આવે, પરંપરાગત આવાસની વાત આવે, સાંસ્કૃતિક જીવનશૈલીને આધારિત આવાસની વાત આવે ત્યારે ત્યાંની વણાયેલી વાંસની ઝૂંપડીઓની વાત થાય એ સ્વાભાવિક છે.

ઇતિહાસમાં સ્થાન પામે એવી આ મહાન રચના નથી, પણ જે કંઈ મળી રહે તેનો ઉપયોગ કરી પોતાની જરૂરિયાત મુજબનું આવાસ બનાવવાની આ એક નોંધપાત્ર ઘટના છે. અહીં કોઈ પ્રકારની ભવ્યતા નથી, પણ વ્યક્તિ ગૌરવ અનુભવી શકે તેવી આ રચના છે. અહીં દૃશ્ય અનુભૂતિ માટે કોઈપણ પ્રકારનો વધારાનો પ્રયત્ન નથી, પણ આ રચનામાં મૂળભૂત સૌંદર્યની બાબતો વણાયેલી છે. અહીં દેખાવ માટેનું વિગતિકરણ નથી, પણ બનાવટમાં તકનીકી પારંગતતા વ્યક્ત થાય છે. અહીં વધારાનું કહી શકાય તેવું કશું જ નથી, પણ જરૂરિયાત સાથે કોઈ બંધછોડ પણ નથી. અહીં સાદગી છે, ઉપયોગિતા છે, અસરકારક અને કરકસરયુક્ત ઉપયોગ છે, સહજતા છે અને તે બધા સાથે સાંસ્કૃતિક યથાર્થતા છે.

આ વિસ્તારમાં વાંસના ઉપયોગથી જમીન ફરતી વાડ, ટોપલીઓ, વિવિધ પ્રકારના પાત્ર તથા રાચરચીલું તો બનાવવામાં આવે જ છે. આ માટે જે તકનીકનો ઉપયોગ કરવામાં આવે છે તે જ તકનીકને આધારે અહીં આવાસ બનાવાય છે. એટલાં માટે જ તેને ગૂંથાયેલા અથવા વણાયેલા વાંસના આવાસ કહેવાય છે. આ પ્રજા કપાસના દોરાના વણાટ કામ માટે પણ પ્રખ્યાત છે. વાંસના વણાટકામમાં તેઓએ તે જ્ઞાનનો પણ ઉપયોગ કર્યો છે જેને કારણે વાંસના આવાસની રચનામાં જાણે પરફેક્શન - નિપુણતા આવી જાય છે

આ આવાસ રચનાની પ્રક્રિયામાં સૌપ્રથમ તો, યોગ્ય પ્રકારના વાંસની પસંદગી કરી તેને વિભાજિત કરી પટ્ટી જેવાં બનાવાય છે. આ પટ્ટીને પરસ્પર ગૂંથીને ઇચ્છિત આકારની સપાટી તૈયાર કરવામાં આવે છે. એ જ વખતે, સાથે સાથે વાંસના જ ઉપયોગથી એક માળખું ઊભું કરાય છે. આ માળખાના આધાર માટે જે વાંસ ઊભાં કરાય છે તેની વચ્ચે વાંસની પટ્ટીઓ ગૂંથીને ધીમે ધીમે આવાસનું આવરણ બનાવાય છે. પછી આ સમગ્ર રચનાને કેળાના પાંદડાથી આચ્છાદિત કરી તેને વ્યવસ્થિત મજબૂતાઈ અપાય છે. આ સમગ્ર માળખું આશરે સાત મીટર જેટલી ઊંચાઇએ પહોંચે છે. આ પ્રકારની રચનાનો ઘેરાવો પાંચથી આઠ મીટર જેટલો રહે છે. આજના સંદર્ભમાં કોઈ એક કુટુંબ માટે આ જગ્યા કદાચ ઓછી કહેવાય પણ ત્યાંની જીવનશૈલી પ્રમાણે તે યોગ્ય છે. એમ પણ કહી શકાય કે તેના ગોળ આકારને કારણે અંદરના ભાગથી તે એટલું ગીચ ન જણાય. આ સમગ્ર રચનામાં જરૂરિયાત પ્રમાણે પ્રવેશ રખાય છે. આ આવાસમાં નીચેની ફરસ માટી-છાણનાં લીંપણથી તૈયાર કરવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે આ સમગ્ર આવાસ દસ થી વીસ દિવસમાં તૈયાર થઈ જાય.

અન્ય લાકડાં કરતાં વાંસમાં ઉધઈ સામે ટકી રહેવાની ક્ષમતા વધારે હોય છે. તે છતાં પણ અમુક સમય પછી આ આવાસના પાયા જે તે કારણોસર નબળાં થઈ શકે. એવા સંજોગોમાં પાયો અથવા તો આધાર ફરીથી બનાવાય છે અને બાકીની સામગ્રીનો ફરીથી ઉપયોગ કરી લેવાય છે. એક અંદાજ પ્રમાણે આ આવાસ આશરે એંશી વર્ષ સુધી પણ ટકી શકે. જોકે તે દાવો માનવો મુશ્કેલ છે. સામાન્ય સમજ પ્રમાણે આ પ્રકારના આવાસ આશરે ત્રીસ વર્ષ સુધી ટકી રહે. પછી તેને નવેસરથી બનાવવું પડે અથવા તો તે વધારે માવજત માગી લે.

આ આવાસમાં વાંસની આ રચનાને કારણે તેની કિંમત ઓછી રહે છે, આ પ્રકારની રચનાની બનાવટ ત્યાંની પ્રજાને અનુકૂળ છે, આવી વાંસની રચનામાં રહી જતાં નાનાં છિદ્રને કારણે હવાની મર્યાદિત અવરજવર શક્ય બને છે અને આવાસની અંદરનું તાપમાન પ્રમાણમાં અનુકૂળ સ્થળે જળવાઈ રહે છે સાથે સાથે જરૂરિયાત ઊભી થાય ત્યારે આ પ્રકારના માળખાની માવજત અને રખરખાવ પણ સરળ રહે છે. આ રચનામાં વપરાતી સામગ્રી સ્થાનિક સ્તરે સરળતાથી પ્રાપ્ત હોવાથી અહીં કોઈ પર્યાવરણના પ્રશ્નો ઊભા થવાની સંભાવના નથી હોતી. આની રચનાના પ્રકારને કારણે કોઈ સ્થપતિ કે ઇજનેરની જરૂરિયાત પણ નથી હોતી. ત્યાંના જ લોકો પોતાની જરૂરિયાત પ્રમાણે પોતાની રીતે જાતે જ આ આવાસ બનાવે છે.

પરંપરાગત આવાસની અમુક ખાસિયત છે. અહીં જીવનશૈલી વ્યવસ્થિત રીતે પ્રતિબિંબિત થતી જણાય. અહીં સ્થાનિક સામગ્રીનો અસરકારક ઉપયોગ થાય અને તે ઉપયોગમાં સ્થાનિક કારીગરનો સહકાર જરૂરી બને. આબોહવાના વિપરીત પરિબળો સામે પરંપરાગત આવાસ વધુ અસરકારક રહેતાં હોય છે. એમ જણાય કે આ આવાસ જમીન સાથે જોડાયેલાં રહે, પરંપરા સાથે સંકળાયેલાં હોય, વ્યક્તિની સામાજિક ઓળખ મુજબનાં હોય, સ્થાપત્યના સૌંદર્યની પરંપરાગત સમજને અનુસાર હોય, અને તે બધાં સાથે અનુકૂળ આર્થિક સમીકરણ મુજબ હોય. અહીં તો ઝૂંપડીની વાત છે. તેથી તેમાં ન્યૂનતમતા, અસરકારકતા, પરિણામ-લક્ષ્યતા તથા સહકારની ભાવના વધુ દ્રઢતાથી વ્યક્ત થાય. માત્ર વાતો કરવાને બદલે આધુનિક સ્થાપત્યમાં આ બધી બાબતોનો સમાવેશ થાય તે ઇચ્છનીય પણ છે. અને જરૂરી પણ છે.■







## મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# 'કાયમી કિડનેપ' થયેલા કંથની કરુણ-કથા




'બંદૂકમાંથી નીકળેલી ગોળી અને ટ્યૂબમાંથી નીકળેલી પેસ્ટ ક્યારેય પાછી જતી નથી.'

તાળીઓના ગડગડાટ સાથે લોકોએ આ વાક્યને વધાવી લીધું. અમારા ચુનીલાલ જરા વધારે જોશમાં આવી ગયા. એણે બીજો પંચ ઠપકાર્યોઃ 'કડવા બોલેલા શબ્દો અને કંજૂસ માણસની મફતની પીધેલી ચા ભવિષ્યમાં પોતાને જ નુકસાન કરે છે તે નિર્વિવાદ છે.'

ચુનિયાના આ જ્ઞાન પર લોકો ઓવારી ગયા.

હકીકતમાં જે વાક્ય બોલાતા હતા તેમાં પહેલું વાક્ય સનાતન સત્ય સ્વરૂપે અને સાથે જોડાયેલું બીજું વાક્ય અનુભવ સિદ્ધ વાક્ય બોલાયુ હતું.

અમારા ચુનીલાલને આવા ઓઠા એટલે કે દાખલા દેવા બહુ ગમે. એ સામાન્ય રીતે કહેવતની વાત સાથે પોતાનો અનુભવ જોડી અને ગોફણીયાની જેમ ફંગોળે ને પાછો મને એ સમજાવે પણ ખરો. મને કહેઃ 'મિલનભાઈ, પેલી કહેવત છે ને કે 'ચા બગડે એની સવાર બગડે, દાળ બગડે એનો ટંક બગડે, અને બૈરી બગડે એનો દિવસ બગડે. '

મેં તરત જ કહ્યું : 'અડધું તો મેં સાંભળ્યું છે અડધું તારી પાસેથી સાંભળી રહ્યો છું.'

'અનુભવવાણી મિલનભાઈ, અનુભવવાણી! ચા બગડવાનું કારણ પણ હું તમને જણાવું. રાત્રે મોડામાં મોડા ૧૧:૦૦ વાગે ઘરે આવી જવું તેવી સૂચના અવગણી અને મોડા મોડા ઘરે પહોંચ્યા હો ને એમાં એની ઊંઘ બગાડી હોય તો રાત્રે તમને કશું ના કહે, પરંતુ તેની ઇફેક્ટ સવારે ચા સ્વરૂપે આવે. જે વાયા ભંગાર ભોજન, બે વખત નું સોરી અને ગીફ્ટ સાથે પતે.

'પુરુષ ગુસ્સામાં આવી અને શબ્દો મોઢામાંથી કાઢી નાખે પછી એના મનમાં પણ ન હોય. ત્યારે બહેનો એવું નથી કરતા. એ મૌન રહી અને અસરકારક ગોરીલા પદ્ધતિથી યુદ્ધ લડે છે ને સરકારના પાયા હચમચાવી નાખે છે. એમને સરકાર પાડવામાં રસ નથી હોતો, કારણ કે સરકારને જેમ કહે તેમ સરકાર કરતી હોય તો પછી તેને પાડવાનો અર્થ શું? પરંતુ વખતો વખત ટેકાની તાકાત શું છે તે સરકારને અનુભૂતિ જરૂર કરાવે'

એ વધારે ઈમોશનલ થઈ જાય તે પહેલાં બાબા ચુનીને મેં પૂછી નાખ્યું કે 'ચુનીલાલ બંદૂકની ગોળી પાછી ન જાય એ તો સાંભળ્યું છે પણ આ પેસ્ટવાળું સમજાયું નહીં.'

એ મને કહે : 'મિલનભાઈ, તમે પેસ્ટની ટ્યૂબ જોઈ હશે પણ પેસ્ટનો ડબ્બો જોવો હોય તો ચાલો, મારા ઘરે.

'જૂઓ, મારા ઘરમાં જે કાંઈ પણ ખોટું થાય કે નુકસાન થાય તેના માટે જવાબદાર શાહબુદ્દીન સાહેબના વનેચંદ ની જેમ હું જ હોવું છું તેવું મારી પત્નીનું દ્રઢ પણે માનવું છે. રૂમમાં ચારે બાજુ બાબા આરામદેવની બનાવેલી પેસ્ટ ઢોળાયેલી અને સૌથી પહેલા જાગતા મારા પત્નીએ તરત જ પહેલા મને શાબ્દિક પોંખી લીધો. ત્યાર પછી શારીરિક પ્રહારનો પહેલો પાઠ શરૂ થયો કે તરત જ મેં કહ્યું કેઃ 'છે શું? કયા કારણે મને શાબ્દિક અને શારીરિક ખખડાવવામાં આવી રહ્યો છે?'

'તમારે રાતમાં ચાલવાની આદત છે. ચશ્માં વગર ઓછું દેખાય છે એમાં આ પેસ્ટ નીચે પડી ગઈ હોય તો તેના પર પગ મુકવાથી આ રૂમમાં ચારે બાજુ પેસ્ટ નીકળી અને ઢોળાય ગઈ છે... આ મહેમાનવાળું ઘર છે અને હમણાં એક પછી એક લોકો ઉઠશે અને દાંત ઘસવા માટે પેસ્ટ માગશે તો મારે શું કરવું? '

'મેં તરત જ કહ્યું કે જ્યાંથી ઢોળાવવાની શરૂઆત થઈ ત્યાંથી થોડી થોડી બ્રશ પર લગાડતા જાવ.' પરંતુ મેં રૂમમાં જોયું તો ગોળ ફરતા પેસ્ટ નીકળી અને ઢોળાયેલી.

મેં તરત જ cidના પ્રદ્યુમનની જેમ બરણીનું ઢાંકણું ખોલતા હોય તેમ ગોળ ગોળ હાથ ફેરવી પત્નીને કહ્યું કે 'થોડોક બુદ્ધિનો પ્રયોગ કર મારા પગ નીચે આવી હોય તો આવી રીતે હું થોડો ગોળ ગોળ ફરી અને આ રંગોળી બનાવુ.'

'પરંતુ મારી પત્નીનો ગુસ્સો મારા પર ચરમસીમાએ હતો બોલાચાલીમાં મારા સાળા સાહેબનો ૨ વર્ષનો કુંવર દુખાવાની ટ્યૂબ લઈ અને જેમ પેસ્ટની રંગોળી કરેલી તેમ બીજા રૂમમાં દુખાવાની ટ્યૂબની રંગોળી ચાલુ કરી. મારી અને તમારી ભાભીની ચાર આંખો એ એ જોયું અને બધું સમજાઈ ગયું.. મારી ઉપર કેટલો ગુસ્સો હતો એટલો જ પ્રેમથી ભાણેજને ગળે વળગાડી મને સૂચના આપી કે 'આ બધી પેસ્ટ પાછી ટ્યૂબમાં નાખી દો.' ચાર કલાક મથ્યો, પરંતુ છેલ્લે મોટા મોઢાની એક ડબ્બીમાં પેસ્ટ ભરી.

આગળ કંજૂસની ચા વિશે પૂછો તે પહેલા કહી દઉં કે જેની તમે દસ રૂપિયાની ચા એની મરજી વિરુદ્ધ એણે પીવડાવી હોય તો હર હંમેશ એવા પ્રયત્નોમાં રહે કે તમારી પાસેથી ₹૧૦૦ વસૂલ થાય...

મેં તરત જ કહ્યું કે 'ચુનિયા, આ દાખલાની જરૂર નથી આજે હું પાકીટ ભૂલી ગયો છું અને અત્યારની ચાના પૈસા તારે જ ચુકવાના છે.!'

ખલ્લાસ ફુલેલા મોઢાવાળા ટ્રમ્પ ખાટા ઢોકળા ખાઈ ગયા હોય અને વધારે ફૂલી જાય પછી જેવડું મોઢું થાય એવડું મોઢું કરી મારી સામે જોયું. વાતની ગંભીરતા જોઈ અને મેં તરત જ કહ્યું કે પછી હું આપી દઈશ. તરત જ એણે બીજી ચાનો ઓર્ડર આપ્યો.

જગતમાં અનુભવ લેવા માટે ક્યાંય બહાર જવું પડતું જ નથી. જેમ ગુંદા સાથે ઠળિયો જોડાયેલો જ હોય તેમ ઘરમાંથી અને આજુબાજુ મિત્ર વર્તુળમાંથી આવું ઘણું જ્ઞાન જોડાયેલું જ હોય.

### વિચારવાયુઃ

*અનુભવ ઊંડાણથી સમજાવે છે.*

*જેમ શાંત પાણી ઊંડા હોય છે તેમ ઘરવાળીના ભાઈઓ ગુંડા અને ઊંડા હોય છે.*

## સ્પોર્ટ્સ મૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# બૅટ નામના બ્રહ્માસ્ત્ર પર છેક હવે લગામ!

### બૅટ લઈને મેદાન પર ઊતરતા ખેલાડીઓને પોણાબે દાયકા બાદ કહેવામાં આવ્યું છે કે ‘માપ’માં રહેજો! બોલર માટે ‘અચ્છે દિન’ આવી ગયા...

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં આ વખતની સીઝનથી તમાકુ અને દારૂની જાહેરખબરો પર પ્રતિબંધ મુકાયો છે. આ જ સીઝનમાં બીજો એક ચોંકાવનારો નિયમ પણ લાગુ કરવામાં આવ્યો છે જેમાં બૅટિંગ કરવા માટે મેદાન પર ઊતરનાર પ્રત્યેક બૅટ્સમૅનનું બૅટ અમ્પાયર તપાસે છે જેમાં એનું માપ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા નક્કી કરવામાં આવ્યા મુજબ છે કે નહીં એની પુષ્ટિ આપે ત્યાર પછી જ બૅટ્સમૅન બૅટિંગ શરૂ કરી શકે છે. આ નિયમ પાછળનો આશય છે કે બૅટ્સમૅન નિર્ધારિત માપ કરતાં મોટા માપનું બૅટ વાપરીને ખોટો ફાયદો તો ન ઉઠાવે એ જોવાનો છે.

આ બન્ને નિયમ બહુ જ સારા અને હિતકારક છે, પરંતુ તમે જ વિચાર કરો કે ક્રિકેટરોને દર વર્ષે કરોડો રૂપિયા આપતી, કંપનીઓ (સ્પૉન્સર્સને) અબજો રૂપિયાનો ફાયદો કરાવતી, શ્રીલંકા તેમ જ વેસ્ટ ઇન્ડિઝ સહિત અનેક દેશોના ક્રિકેટ બોર્ડોને દર સીઝનમાં કરોડો રૂપિયાનો લાભ અપાવતી, કરોડો ક્રિકેટપ્રેમીઓને મનોરંજન આપતી અને બીસીસીઆઇની તિજોરીમાં કરોડો રૂપિયા લાવી આપતી આઇપીએલ ૧૮ વર્ષથી ચાલે છે, પરંતુ આ બે અત્યંત મહત્ત્વના નિયમો છેક હવે લાગુ થયા છે.

૨૦૦૮થી માંડીને ૨૦૨૪ની સીઝન સુધીમાં કંઈ કેટલીય કંપનીઓએ ટીવી, અખબારો તથા અન્ય માધ્યમોમાં તમાકુ-દારૂની જાહેરખબરો કરીને પોતાના ઉત્પાદનોનો વ્યાપક ફેલાવો કર્યો. ૧૮ વર્ષ દરમ્યાન અસંખ્ય લોકોએ સ્વાસ્થ્યને હાનિકારક આ પ્રૉડક્ટ્સનું સેવન કર્યું તેમ જ અગણિત યુવાનો-યુવતીઓ પણ આ ઉત્પાદનો તરફ વળ્યા હશે. કેમ આટલાં વર્ષોમાં આ ઉત્પાદનોનો આઇપીએલ જેવી સૌથી લોકપ્રિય ક્રિકેટ સ્પર્ધામાં ફેલાવો ન કરવા દેવાનો કોઈને વિચાર ન આવ્યો? ક્રિકેટની સાથે મનોરંજન તો મળ્યું, પરંતુ એની આ રીતે થતી આડઅસર દૂર કરવાનું કેમ કોઈને ન સૂઝ્યું? કેટલાક ખેલાડીઓ તમાકુની પ્રૉડક્ટ્સ અને લિકરની જાહેરખબરનું મૉડેલિંગ કરતા હોય છે અને તેમને આવા મૉડેલિંગ કરતા રોકવા આ બૅન લાવવામાં આવ્યો છે. કેમ? કરોડો લોકોની પરવાનો વિચાર ન આવ્યો કોઈને?

ભૂમિના વિસ્તારની દૃષ્ટિએ ભારત દુનિયાના સાતમા નંબરે છે, પણ વસતી તો સૌથી વધુ અથવા ચીન પછી બીજા નંબરે છે અને આપણા આ દેશમાં ક્રિકેટની રમત ધર્મની જેમ પુજાય છે તો પછી કેમ આ ધર્મનું જતન કરવાની સાથે જાહેર જનતાના (ખાસ કરીને યુવા વર્ગના) સ્વાસ્થ્યની કાળજી ન લેવામાં આવી? આઇપીએલ ૧૮ વર્ષની થઈ. આ ૧૮ વર્ષના ૨૧૬ મહિના અને (દિવસોની ગણતરી કરીએ તો) ૭૮,૮૪૦ દિવસમાં તમાકુ-દારૂનું પુષ્કળ પ્રમાણમાં સેવન થયું અને હવે એના પર પ્રતિબંધ આવ્યો! વાહ. આ પ્રતિબંધ મુકાવવા પાછળનો કેન્દ્ર સરકારનો આશય સારો છે, પણ આટલા વર્ષે કેમ?



આઇપીએલમાં ૮,૦૦૦-પ્લસ રન એકમાત્ર વિરાટ કોહલીએ કર્યા છે



રાજસ્થાનના રિયાન પરાગનું બૅટ તપાસી રહેલા અમ્પાયર (બીસીસીઆઇ)

ક્રિકેટના બૅટના વિષય પર આવીએ તો અગાઉની આઇપીએલ સીઝન્સમાં દરેક બૅટ્સમૅનના બૅટ નહોતા તપાસવામાં આવતા. અઠ્ઠેગઠ્ઠે કોઈ ખેલાડીનું બૅટ ચકાસવામાં આવતું અને એનું વજન નિયમ મુજબ છે કે નહીં એનો ફેંસલો આપવામાં આવતો હતો. જોકે આ વખતે દરેકે દરેક બૅટ્સમૅનનું બૅટ ચેક કરવામાં આવે છે. આઇપીએલની ગવર્નિંગ કાઉન્સિલનો હેતુ સારો છે, પણ છેલ્લા પોણાબે દાયકામાં બૅટ્સમેન સામે બોલરની જે હાલત થઈ એનું શું?

આઇપીએલના નિયમ અનુસાર બૅટની પહોળાઈ ૪.૨૫ ઇંચ/૧૦.૮ સેન્ટિમીટરથી વધુ ન હોવી જોઈએ. એ ઉપરાંત, બૅટની ધાર યા કિનારીની જાડાઈ ૧.૫૬ ઇંચ (ચાર સેન્ટિમીટર)થી વધુ ન હોવી જોઈએ અને બૅટની એકંદર જાડાઈ વધુમાં વધુ ૨.૬૪ ઇંચ (૬.૭ સેન્ટિમીટર) હોવી જોઈએ. આ નિયમ ક્રિકેટના કાયદા ઘડતી ઇંગ્લૅન્ડની મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)ની માર્ગદર્શિકા મુજબના છે.

હવે તમે જ વિચાર કરો કે પ્રત્યેક બૅટ્સમૅનના બૅટ (તે બૅટિંગ શરૂ કરે એ પહેલાં ચકાસવાનો) નિયમ પૂર્ણપણે છેક આટલા વર્ષે આવ્યો છે તો અગાઉનાં વર્ષોમાં કોઈ બૅટ્સમૅનને નિયમ બહારના બૅટની મદદથી ફટકાબાજી કરવાનો લહાવો મળ્યો હશે એવું માની શકાય, ખરુંને? એ બૅટ્સમૅનના હાથે બોલરની બોલિંગ-ઍનેલિસિસ જરૂર બગડી ગઈ હશે, ખરુંને? બીજી રીતે કહીએ તો બોલરની ધુલાઈ થઈ હશે. ક્રિકેટપ્રેમીઓને ચોક્કા-છગ્ગા જોવા મળ્યા હશે, પરંતુ સંબંધિત બોલરની કરીઅરને ખરાબ અસર થઈ જ હશે.

બૅટનું ચોક્કસ માપ ચકાસવાનો નિયમ સચોટ રીતે લાગુ કરવા પાછળનો હેતુ બૅટ-બૉલ વચ્ચેની સમતુલા જાળવવાનો છે. આઇપીએલમાં બૅટની જ બોલબાલા હોય છે. બૅટ્સમેન માટે બૅટ જ એકમાત્ર શસ્ત્ર છે અને એ પૂર્ણસ્તરે ચકાસવાનું જો હવે શરૂ કરવામાં આવ્યું તો તમે વિચારો કે અગાઉનાં વર્ષોમાં બોલર્સને કેટલો બધો અન્યાય થયો હશે! મંગળવાર, ૧૫મી એપ્રિલની જ વાત કરીએ. ન્યૂ ચંડીગઢના મુલ્લાંપુરમાં પંજાબ કિંગ્સ (પીબીકેએસ) સામેની મૅચમાં કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ના તમામ બૅટ્સમેનના બૅટ ચકાસવામાં આવ્યા હતા જેમાંથી સુનીલ નારાયણ અને ઍન્રિક નૉર્કિયાના બૅટ અમ્પાયરને નિયમ વિરુદ્ધ લાગ્યા હતા. તેમના બૅટની જાડાઈ નિયમ અનુસાર નહોતી એટલે તેમને નિયમ મુજબનું બૅટ લઈ આવવાની સૂચના આપવામાં આવી હતી.

કહેવત છેને, દેર આયે...દુરસ્ત આયે.’ ચાલો, બોલર્સની યાતના આટલા વર્ષે ધ્યાનમાં તો આવી. હવે પછી બૅટ્સમેનોને પોતાની પસંદગીના (માપ બહારના) બૅટ નહીં વાપરવા મળે એટલે આગામી મૅચોમાં આડેધડ ફટકાબાજી નહીં જોવા મળે. આતશબાજી થશે, પણ બોલર્સનો પણ સરખો ડંકો વાગશે. ખેલ બરાબરીનો થશે, હરીફાઈ સરખેસરખા વચ્ચેની હશે અને આઇપીએલ ખરા અર્થમાં રોમાંચક બનશે. ■

## વિશેષ

નરેન્દ્ર શર્મા
feedback@bombaysamachar.com

# ‘જીબીલી’ સ્ટાઈલનો વિસ્ફોટ કળાનું તોફાન કે હતાશાના ઘેટાની ચાલ?

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની ઓપન એઆઇએ ૨૫, માર્ચ, ૨૦૨૫ના રોજ પોતાના ચેટ જીપીટી ૪ ઓ મોડલમાં એક નવા ઈમેજ જનરેશન ફીચરની જાહેરાત કરી હતી, જેમાં યુઝર્સ સીધા તસવીરો બનાવી શકે છે. સિએટલના સોફ્ટવેર એન્જિનિયર ગ્રાન્ટ સ્લૈટને એ જ દિવસે પોતાની પત્ની અને કૂતરા સાથે દરિયાકિનારા પર લેવામાં આવેલી એક તસવીરને સ્ટુડિયો ‘જીબીલી’ સ્ટાઇલમાં ફેરવીને પોતાના એક્સ એકાઉન્ટમાં પોસ્ટ કરી દીધી હતી. જોતજોતામાં સોશિયલ મીડિયામાં આ તસવીરને લાઇક કરનારા લોકોની સંખ્યા લાખોમાં પહોંચી ગઇ હતી. લોકો પોતાની તસવીરો ‘જીબીલી’ સ્ટુડિયો સ્ટાઇલમાં જનરેટ કરીને અપલોડ કરવા લાગ્યા હતા અને આવા લોકોમાં વધારો પણ થયો હતો. એટલે સુધી કે પોતે ઓપન એઆઇના સીઇઓ સેમ ઓલ્ટમેન પણ તેમાં સામેલ થઇ ગયા હતા. અડધા ખુશ, અડધા નિરાશ, પોતાને ‘ટ્વિંક જીબીલી સ્ટાઇલ’માં ફેરવાયેલું જોવા માટે.

ચેટ જીપીટીનું આ નવું ઇમેજ જનરેશન ફીચર એવી તસવીરો અને દશ્ય બનાવી રહ્યું છે જે લાગે છે માનો સીધી ‘જીબીલી’ સ્ટુડિયોના માલિક મિયાઝાકીની સ્કેચબુકમાંથી કાઢવામાં આવી હોય. છેલ્લા ૧૫ દિવસથી તમામ લોકોમાં પોતાની એઆઇ જનરેટેડ માસ્ટરપીસ શેર કરવાની રેસ લાગી છે. અત્યાર સુધી સોશિયલ મીડિયામાં કરોડો ‘જીબીલી’ સ્ટુડિયો સ્ટાઇલની તસવીરો આવી ચૂકી છે અને ટ્રેન્ડ યથાવત છે.’

‘જીબીલી’ સ્ટુડિયો વાસ્તવમાં એક જાપાની એનિમેશન સ્ટુડિયોનું નામ છે. જેને હાયાઓ મિયાઝાકી અને ઇસાઓ તાકાહાતાને ૧૯૮૫માં બનાવ્યો હતો. આ સ્ટુડિયોનું નામ ‘જીબીલી’માંથી લેવામાં આવ્યું હતું. જેનો અર્થ થાય છે લિબિયામાં ફૂંકાતી ગરમ રણની હવા. વાસ્તવમાં ‘જીબીલી’નો આશય હાથથી બનાવેલી કાર્ટૂન તસવીરો, સમૃદ્ધ જલરંગ અને એક્રેલિક પેઇન્ટ્સ અને વિસ્તૃત પૃષ્ઠભૂમિવાળી ડિઝાઇન છે. જોકે, ‘જીબીલી’ શબ્દ સ્વયં કોઇ કળાની સ્ટાઇલનું નામ નથી પરંતુ એક સ્ટૂડિયોનું નામ છે જેણે પોતાની અનોખી કળા શૈલી વિકસિત કરી છે. જ્યારે ‘જીબીલી’ સ્ટાઇલ ઇમેજનરી એનિમેશન ફિલ્મો સાથે જોડાયેલી એક ખાસ પ્રકારની કળા શૈલી છે જે ‘જીબીલી સ્ટાઇલ’ સ્ટૂડિયોની દેન છે.

આ કળા શૈલીની કેટલીક ખાસિયતો છે. જેને આ શૈલી ખૂબ ભાવનાત્મક, સજીવ અને પ્રકૃતિ સાથે જોડાયેલી દ્રશ્ય રચનાઓ નિર્મિત કરે છે. આ આર્ટ શૈલી બાળકો અને મોટા લોકોને પસંદ આવે તેવી વાર્તાઓ રચે છે. તેમાં અદભુત કલ્પનાશીલતાનો વિસ્તાર છે. જેમ કે ઉડતા મહેલ, બોલતા પ્રાણીઓ અને જાદુઇ દુનિયા. હવે એઆઇ ટૂલ્સ જેમ કે મિડજર્ની અને ડલ-એ આ સ્ટાઇલની નકલ કરીને પલક ઝપકતા એકદમ સરખું ‘જીબીલી’ શૈલીની તસવીરો જેવી બનાવી રહ્યા છે.

એઆઇ ટૂલ્સની આ સચોટ કલાત્મકતા પોતાની જગ્યાએ પરંતુ તેને પારંપરિક રચનાત્મકતાને એક મોટો નૈતિક સવાલ ઊભો કરી દીધો છે. કારણ કે ‘જીબીલી’ સ્ટુડિયોએ ક્યારેક કોઇ એઆઇને પોતાના કામની ટ્રેનિંગની મંજૂરી આપી નહોતી. તેમ છતાં કંપનીઓને એઆઇને આ સ્ટાઇલ શીખવી રહી છે. વાસ્તવમાં આ ‘ક્રિએટિવ ચોરી’ છે. તેનાથી દુનિયાના વાસ્તવિક કલાકારોનું ભવિષ્ય ખતરામાં પડી રહ્યું છે.? જે પારંપરિક કલાકારોને આ સ્ટાઇલ બનાવવામાં વર્ષો લાગે છે તેમની વર્ષોની મહેનત એઆઇ પલવારમાં છીનવી રહી છે. આ કલાકાર એઆઇની સરખામણીમાં પાછળ રહ્યા છે. પાછળ રહેવું સ્વાભાવિક છે. આટલા ઓછા સમયમાં આ કામ મશીન જ કરી શકે છે. માણસ નહીં. ગ્રાહકો માટે મશીન ફાયદાકારક છે તે કહે છે કે જ્યારે એઆઇ આ બધું મફતમાં બનાવી રહ્યું છે તો હું કોઇ કલાકારને શા માટે રૂપિયા આપું?





હાયાઓ મિયાઝાકી

સવાલ સંવેદનાનો નથી પરંતુ શું એક મશીન દ્વારા બનાવવામાં આવેલી કળા પણ એટલી જ ‘સત્ય’ અને ‘માનવીય’ હોઇ શકે છે જેટલી કોઇ વ્યક્તિ દ્વારા બનાવવામાં આવી છે? ક્યારેય નહીં, સત્ય એ છે કે એઆઇ નવા કલાકારોને પણ એક એવા શોર્ટકટ તરફ લઇ જઈ રહ્યું છે જે તરફ જતા અગાઉ કલાકારોને સંકોચ થતો હતો. આ પ્રેક્ટિસ કર્યા વિના કમ્પ્યૂટરની મદદથી સિંગર બનવા જેવું છે. જે લોકોએ પેઇન્ટિંગ શીખવામાં પોતાના દિવસો બરબાદ કર્યા નથી તે લોકો પણ એઆઇના આ ટૂલ્સની મદદથી કલાકાર બની રહ્યા છે.

તેનાથી વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગ અને ડિઝાઇન અગાઉ કરતા વધુ સરળ અને લોકતાંત્રિક થઇ રહ્યું છે. પરંતુ તેમાં એક રચનાત્મક આલસ્ય છે. ‘હું શું વિચારું, એઆઇ કરી દેશે’ આ સાથે જ તેમાં કળાની ઘોર બિઝનેસનું રૂપ ઊભરી રહ્યું છે કારણ કે તેમાં કળા ભાવનાઓથી નહીં પણ ડેટાથી સંભવ છે. આ મશીની કલાત્મકતા માનવ વિશિષ્ટતા પર સવાલ ઊભા કરે છે ય જો એઆઇ પણ કલાત્મક કલ્પના કરી શકે છે તો પછી આપણામાં શું ખાસ છે? આ વિચાર એક રચનાત્મક હતાશાને જન્મ આપી શકે છે. આ તમામ સવાલોની નજર અને તેમના સંભવિત વિચારોની સાથે વિચારીએ તો સમજમાં આવશે કે એઆઇની કલાત્મકતા કેટલું ઊંડુ સંકટનું કારણ બની રહી છે. ખાસ કરીને નવા અને સ્વતંત્ર કલાકારો માટે. પરંતુ એ સત્ય છે કે ડરવાથી તો કોઇ ટેકનોલોજીનો વિકાસ રોકાવાનો નથી. એટલા માટે સારુ છે કે નિરાશ અને હતાશ હોવાના બદલે આપણે નવી રચનાત્મક દિશાઓની શોધ કરવી પડશે. જેમ કે એઆઇની સાથે મળીને માનવીય રચનાત્મકતાને અપનાવવી પડશે. એવામાં સવાલ છે કે આગળનો રસ્તો શું છે? એ જ કે એઆઇને સહયોગી બનાવો, વિકલ્પ નહીં. ■

## શરદ જોશી સ્પીકિંગ

સંજય છેલ
feedback@bombaysamachar.com

# શોધો, ચાચાજીની ટ્રકનું ‘શાયરાના નામ’!




હમણાં મારા સગાએ ટ્રક ખરીદી તો એનું નામ પાડવા મને બોલાવ્યો. એક છોકરો, જે પોતાની જાતને બહુ મહાન ચિત્રકાર સમજતો હતો, એ કલરબ્રશ લઈને ત્યાં તૈનાત હતો કે જેવું નામ નક્કી થાય કે તરત ટ્રક પર લખી નાખે! હું સમયસર પહોંચી ગયો એટલે ચાચાજી ખુશ. એમનું કહેવું છે કે જે કલાકારને ૯ વાગ્યે બોલાવ્યો હોય અને એ ભલે ૧૨ વાગે પણ પહોંચે તોયે એ સમયસર આવ્યો છે એવું માનવું!

કેટલાંક બાળકોના નામકરણ અને કેટલાક કવિઓના ‘તખલ્લુસ’ કે ‘ઉપનામકરણ’નું સૌભાગ્ય તો મને મળ્યું છે પણ એ અનુભવના આધારે હું ટ્રકનું નામકરણ કેવી રીતે કરીશ? એની મને શંકા ને ડર બેઉ હતા ને સાથોસાથ મારા પગ પણ ધ્રૂજી રહ્યા હતા. પછી ૪૫ દિવસ બજારમાં ટ્રકોની આસપાસ રખડીને નોંધ્યું કે ટ્રકોનાં કેવા કેવા અજબ નામ હોય છે? જેમ કે ‘ટ્રમ્પસે બડા ટારઝન, ‘સડક કા શહેનશાહ’, ‘માર્ગ જ્યોતિ’, ‘મુગલે આઝમ’, ‘મંજિલ કિ તમન્ના’, ‘શેરે-પંજાબ’, ‘અંધેરે કા મુસાફિર’, હિન્દ કેસરી’, ‘હાતિમ તાઈ’, ‘તૂફાની તોતા’, ‘બિંદાસ બુલબુલ’, ‘સુબહ કા ભૂલા’, ‘પ્યારા પરદેશી ’, ‘ક્વીન ઓફ ઝાંસી’ જેવા ઘણાં નામો લખી રાખ્યા જેથી કામ આવે.

એક એકદમ ખખડધજ જૂની ટ્રકની પાછળ લખ્યું હતું- ‘મર્સિડીઝ કા બાપ’, જો કે ટ્રક મર્સિડીઝની નહોતી, હોં! ટ્રકોની પાછળ ‘હોર્ન પ્લીઝ’ તો લખેલું હોય જ છે પણ સાથે સાથે ‘સત શ્રી અકાલ’, ‘જય શ્રી રામ’, ‘ફિર મિલેંગે’, ‘પરદેશી કી યાદ’, ‘હમેં મત ભૂલના’ વગેરે પણ હોય છે જેથી ટ્રક પસાર થાય ત્યારે પાછળ લખેલું વાંચીને લોકોની આંખમાં આંસુ આવી જાય. ઘણી વાર ટ્રક પાછળ શાયરી કે ગીતની પંક્તિઓ લખી હોય છે, જેમ કેઃ

– ‘મેરી જિંદગી મસ્ત સફર હૈ!’
સૂરજ અસ્ત ઔર બાબા મસ્ત
– ‘ખુશ રહો અહલે વતન હમ તો સફર કરતે હૈ!’
– ‘ખુલ્લી પડી સડક, જા રહા હૂં બેધડક!’
– ‘ચાર બોતલ વોડકા, દોસ્ત હૈ યે રોડ કા!’

મેં એક ડાહ્યા વિદ્યાર્થીની જેમ એ બધુંય કાગળ પર ઉતાર્યું. કોઇક ટ્રકની પાછળ બે પંક્તિઓ હતીઃ

‘દેખના હૈ બુલબુલ તો દેખીયે બહાર મેં,
દેખના હૈ ટ્રક તો દેખીયે રફતાર મેં!’

ડ્રાઇવરસાહેબની આવી કાવ્યપ્રતિભા માટે આ પંક્તિઓ પણ આદરથી નોંધી. ચાચાજીને પણ અંદરથી એવી લ્હાય હતી કે એમના ટ્રકનો ગામમાં ને ખાસ તો હાઇવે પર વટ પડી જાય. ખટારાની પાછળ લખેલી ૪ પંક્તિઓ એવી જબરદસ્ત હોય કે ટ્રકની સાથે નહીં પણ કોઈ મહાકવિની સાથે ઊભા હોવ!

ચાચાજી, પ્રેરણા આપવા મને ટ્રક પાસે લઈ ગયા ને કહ્યું, ‘ધ્યાનથી જોઇને વિચાર કે આનું શું નામ આપીએ?

મેં જોયું કે બે સફેદ ચમકતી આંખ, મેટલના બહાર નિકળેલાં દાંત, ફૂલેલા ગાલ, વાંકીચૂંકી ભમર. બધું મળીને કોઇ વંઠેલા નવા નિશાળિયાની ફિશિયારી નિતરતી હોય એવું ટ્રકનું ડાચું હતું.

મેં ચાચાજીને પૂછ્યુંઃ ટ્રકના તો નામ ટાટા, મહેન્દ્રા, ફોર્ડ..વગેરે વગેરે હોય જ ..તો ખાસ નામ કેમ રાખવાનું?

ચાચાજીએ મને ઘુરીને કહ્યું, એમ તો માણસોનીયે અટક હોય છે- તિવારી, શર્મા, વર્મા... તો પછી શરદ, રમેશ, મોહન વગેરે નામની શું જરૂર છે?

તો ચાચાજી, પહેલાં ટ્રકનું નામ મુન્ના, લાલો, જેવું કંઇપણ રાખી લો. પછી ટ્રક બરાબર દોડવા લાગે ત્યારે મોટું નામ રાખી દેજો!

એવું ના ચાલે, એકવાર માર્કેટમાં જે નામ પડ્યું એ પડ્યું. વારેવારે બદલાય નહીં!

અં.. તો ટ્રકનું નામ રાખો ‘મછન્દરનાથ’ ને પાછળ લખાવો ‘અલખ નિરંજન’!

હમણાં જે નામ સૂઝે એને કાગળમાં લખી લે. પછી વિચારીશું. અરે સાંભળો, ૩-૪ કપ ચા બનાવો. ચાચાજીએ ઘરમાં ઓર્ડર આપ્યો

‘ચા’નું નામ સાંભળતા વેંત જ મારી અંદરનો સાહિત્યકાર જાગી ગયો.’

મેં કહ્યું, ચાચાજી, ટ્રકનું નામ ‘મહાપ્રયાણ’ રાખો અને પાછળ લખાવો ‘બુદ્ધં શરણં ગચ્છામિ’!

આઇડિયા સારો છે! એય બબલુ, જા જઈને ૩ પાન લઈ આવ! ચાચાજીએ ડ્રાઇવરને કહ્યું.

ચાચાજી, ટ્રકની સ્પીડ કેટલી હશે?

અરે, સ્પીડમાં આની સામે કોઇ ના ટકી શકે.

તો એનું નામ ‘મિલ્ખા સિંગ’ રાખી દો! દોડવીર ચેમ્પિયન

ચાચાજીએ હસીને કહ્યું, નામ તો સરસ સુઝાડ્યાં પણ બેટા તું લેખક છેને? કોઇ સાહિત્યિક નામ આપ. હું ભણેલો-ગણેલો માણસ રહ્યો એટલે એવું ઊંડાણવાળું અર્થસભર નામ આપ કે લોકોની બળીને રાખ થઈ જાય.

‘નામ વિશ્વયાત્રી’ ને પાછળ લખાવો ‘એકલા ચાલો રે’!

હાઆ ખાસ નોંધી લે બેટા..પણ આ ‘એકલા ચાલો રે’ એટલે શું?

રવીન્દ્રનાથે કહ્યું છેઃ જો તમારી વાત કોઈ ન સાંભળે તો તમે એકલા ચાલવા માંડો.

ના, ના, યાર તું એસોસિએશનવાળાઓ સાથે ઝઘડો કરાવશે. આજકાલ બિઝનેસમાં સાથે મળીને ચાલવું પડે છે. બીજું કંઇ આપ.

યાયાવર. મારા મોંમાંથી નીકળી ગયું.

જરા અઘરું પડશે! યાર છે કે વર છે સમજાશે નહીં

‘અરુણદીપ!’ રાખો ને પાછળ જે લાલ ટેઇલલાઇટ છેને, એના પર કવિ અંચલની પંક્તિઓ લખો

‘રહે ભૂમિ સે ઉપર દીપક કી અરુણાઈ!
અબતક મૈં પ્રિય રહી તુમ્હારી, અબ હો ગઈ પરાઈ!’

‘વાહ, આની કોપી મને આપ! એય મુન્ના.. જલ્દી દોડીને મીઠાઇ લઈ આવ!’ ચાચાજીએ ડ્રાઇવરને કહ્યું.

મારો ઉત્સાહ ઓર વધ્યો ને મેં ફોરમમાં આવી જે નામો લખાવ્યા એ જુઓઃ

ટ્રકનું નામ ‘જિપ્સી’ અને ઈલાચંદ્ર જોશીની કાવ્ય પંક્તિ ‘કિસ અસીમ કે પાર મુઝે મમ કૌન પ્રિયા તરસાતી!’

ટ્રકનું નામ ‘મધુશાલા’ અને બચ્ચનની પંક્તિ ‘ઇસ પાર પ્રિયે તુમ હો, મધુ હૈ ઉસ પાર ન જાને ક્યા હોગા!’

કે પછી ટ્રકનું નામ ‘બઢતા વિશ્વાસ’ અને કવિ ‘સુમન’ની મેં બગાડેલી પંક્તિ ‘મૈં નહીં આયા તુમ્હારે દ્વાર, ટ્રક હી મુડ ગયા થા!’

ટ્રકનું નામ ‘મતવાલા’ અને ભગવતીચરણ વર્માની મેં બદલેલી પંક્તિ ‘બાદલ દલ-સા નીકલ ચલા, યહ ટ્રક મતવાલા રે!’

ટ્રકનું નામ ‘ચિર પ્રવાસી’ અને પ્રભાકર માચવેની પંક્તિ ‘ચિર પ્રવાસી પ્રાણ મેરે, કૌન સા વિશ્રામ જાને?’

ચાચાજીએ ખુશ થઇને પુષ્કળ નાસ્તો મંગાવી નાખેલો. હિન્દી સાહિત્યમાં એમના ટ્રકના વિષે આટલું બધું ઓલરેડી લખાઇ ચૂક્યું છે એ જાણીને રાષ્ટ્રભાષા હિંદી પ્રત્યે એમની શ્રદ્ધા વધારે મજબૂત થઈ. હું નાસ્તાચામાં વ્યસ્ત હતો અને તેઓ વાહ-વાહ કરી રહ્યા હતા. ચાચાને સમજાતું નહોતું કે આટઆટલાં નામોમાંથી કયું નામ પસંદ કરવું? હું તો ખાઇપીને ઘરે આવી ગયો. ખબર નહીં એ કયો અભાગિયો સાહિત્યકાર હશે કે જેની પંક્તિ ચાચાની ટ્રકની પાછળ લખાશે ને હાઇવેની ધૂળ ખાશે! ■

## ૪. ધાર્મીક સંબંધી

**ગાયો**
5 ગાય, 3 વાછરડી માલિકની નાદુરસ્ત તબિયતના કારણે વેચવી છે. વધુ વિગત માટે - 9323549091. (૧૫૮૨૬-એ)

## ૬. પરચુરણ

**R. K. ANTIQUE ARTS**
**ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી બોર્ડર ગારા ફર્નિચર 9082131691/ 9082804900. (૨૫૬)**

**પ્રિન્સ આર્ટ**
જુની ઝરીની સાડી બોડર હાથના ઘડીયાલ પેન જુના સિક્કા, નોટના બનડલ (1, 2, 5, 10, 20, 50, 100) લેનાર સીડી, રેકોર્ડ મ્યુઝીક, સીસ્ટમ જૂના રોબોટ, હીમેન, જીઆઈજી જુની એન્ટીક આઈટમ લેનાર કેરબા 9920663443, 9107866786. (૨૬૬)

## ૯. લગ્ન સંબંધી

**ડાયવોર્સી**
લોહાણા યુવક ઉંમર- 42 હાઈલી ક્વોલીફાઈડ, 2 બેબી, આવનાર વ્યક્તિની બેબીની જવાબદારી નથી. - 7021063581. (દહેજ નહીં). (જેપી/૪૯૭૮-એફ)

**બ્રાહ્મણ યુવક**
1987, 5'5", 58 Kg, બી.કોમ., સર્વિસ કરતા, કુંવારા યુવક માટે તેને અનુરૂપ કન્યા આવકાર્ય. જ્ઞાતિ બાધ નથી. ભાષા બાધ નથી. બાયોડેટા મોકલો. (દહેજ નહીં). 9869765763. (૧૫૮૨૯-એ)

■ યુ.કે., સી.એ. 1993, દેખાવડી એક્ટીવ વૈષ્ણવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ પાર્લામાં 1990, પોસ્ટ ગ્રેજ્યુએટ બ્યુટીફૂલ બ્રાહ્મણને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ જુહુ સ્કીમ 1984, એમ.બી.એ. બિઝનેસ કપોળને બ્યુટીફૂલ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ ચોપાટીમાં 1996, ન્યુટ્રેશન વૈષ્ણવ બ્યુટીફૂલ એક્ટીવને ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ દાદરમાં 1990, એલ.એલ.બી. બ્યુટીફૂલ ઈન્ટેલીજન્ટને વેલ ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ વાલકેશ્વરમાં 1975, હેન્ડસમ ડાયવોર્સી બિઝનેસમેનને જૈન સંસ્કારી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ અમેરિકામાં 1994, બી. ઈ. એમ. એસ. સ્માર્ટ જૈનને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ અમેરિકામાં 1992, બી. ઈ. એમ. એસ. હેન્ડસમ વૈષ્ણવને ક્વોલિફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ માટુંગામાં 1981, બી. કોમ. ડાયવોર્સી બિઝનેસમેનને વૈષ્ણવ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ ચોપાટીમાં 1980, એમ. બી. એ. બિઝનેસ ધરાવતા જૈનને શિક્ષિત કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ નેપયેન્સી 1992, માસ્ટર બ્યુટીફૂલ એક્ટીવ કપોળને એજ્યુકેટેડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ પાર્લામાં 1978, બિઝનેસ ધરાવતા વૈષ્ણવને દેખાવડી કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ બેંગ્લોરમાં 1990, બી. ટેક. એમ. એસ. 5'.5" સ્માર્ટને ક્વોલિફાઈડ કન્યા 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ બી. એ. બી. એડ 1985, એક્ટીવ ડાયવોર્સી બ્રાહ્મણને વેલસેટ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ પરેલમાં 1981, બી.ઈ. કોમ્પ્યુટર એક્ટીવ દેખાવડી ક્વોલિફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (બી-૧૫૮૫૨)

■ પાર્લામાં કન્યા- 1990, જુહુમાં યુવક 1992 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૮૫૬)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


## ૯. લગ્ન સંબંધી

■ શિવાજીપાર્કમાં યુવક- 1985, અંધેરીમાં કન્યા 1982 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૮૫૭)

■ અમેરીકા સિટીઝન કન્યા- 1987, યુવક 1983 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૮૫૮)

■ કેનેડામાં યુવક- 1999, કેનેડામાં કન્યા 2000. રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨ ૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૫૮૫૯)

**પરિચય મિલન મેળાવડો**
**શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈ દ્વારા 14મો પરિચય મિલન મેળાવડો ગુરુવાર તારીખ 1 મે (જાહેર રજા) 2025નાં રોજ યોજાશે, ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 20 એપ્રિલ. સંપર્ક - અનુસાયાબેન ચોથાણી- 9221238188, નિપાબેન- 9930798787, વિક્રમ કોટક - 9867018984, વિશાલ અનડા - 8928464336, ઉમેદવારની હાજરી અનિવાર્ય (કન્યાઓ માટે ખાસ નિઃશુલ્ક પ્રવેશ). (દહેજ નહીં). (૧૫૮૪૩-એ)**

■ સુંદર કન્યા- 27 5'.3" શિક્ષણ 12મુ કરિયાણાની દુકાનમાં બિલિંગનું ઘરેથી રસોઈનું કામ કરે છે પગાર 10,000/- કન્યાના માતાપિતા નથી, કાકા-કાકી સાથે રહે છે, નિર્વ્યસની મહેનતુ છોકરો જોઈએ, જાતી-ઉંમર બાધ (તુરત લગ્ન). 9579032497. (દહેજ નહીં). (બી-૧૫૮૬૪)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409/ 7045657510. (No Dowry). (15783-A)**

## ૧૦. મહિલાઓ માટે

■ જામનગરવાળા Sutaria's નવા મસાલા-અથાણા ઓર્ડર બુકીંગ માટે 8200644970/ 9426239355. (બી-૧૫૭૭૧)

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૫૭૫૭)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૮૨૮-સી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક મહાબળેશ્વર**
નિઃશુલ્ક મહાબળેશ્વર ૪ દિવસ પ્રવાસ ૬૫ વર્ષથી વધુ ઉંમરના હિન્દુઓ માટે દર રવિવાર/ મંગળવાર/ગુરુવારે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીના ૧૨૦ પ્રવાસ ભરાઈ ગયા છે, ૨૦૨૬નું બુકિંગ શરૂ થઈ ગયું છે. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૯૮૬૭૯૭૭૪૪૨ ફક્ત વોટ્સએપ (ફોન કરવો નહીં). (એસડીબી-૨૫૩૬)

**''મુકેશ ટ્રાવેલ્સ...''**
નાની-મોટી બસો, અરબેનીયા, ઈનોવા, અરટીગા, મર્સીડીઝ, ડીઝાયર ભાડેથી - 9892877307. (બી-૧૫૮૪૩)

**ગ્રુપ ટૂર**
ચારધામ, નેપાળ, દક્ષિણ ભારત, પાંચ જ્યોતિર્લિંગ (મહારાષ્ટ્ર) રાજસ્થાન, ગુજરાત ટુર ગ્રુપો અને મંડળો માટે જય અંબે ટુર જગદીશભાઈ 9930929799. (૧૫૭૯૨-એ)

**કાર ભાડેથી મળશે**
**નવી જ ક્રિસ્ટા, કીયા, અર્ટીગા. ભાડેથી મળશે. દીપકભાઈ - 9322694599. (બી-૧૫૮૧૭)**

**ચિરાગ શ્રીનાથજી**
05 દિવસ, 06 પુસ્કર નાથદ્વારા, અંબાજી 07 દિવસ, સાવરીયા, શ્રીનાથજી, કુંભલગઢ 8 દિવસ, 7 શામળાજી ડાકોર, પાવાગઢ, 9 દિવસ, 9 શ્રીનાથજીના 12 ચરણ ચોકીમાં ઝારી ચરણ સ્પર્શ. 7303560200/ 9833009445. (૧૫૩૪૫/બી)

**ચિરાગ ચારધામ**
ચારથી ચારસો જાત્રાળુના ગ્રૂપના દિવસ તારીખ મુજબ. ઓગષ્ટથી ઓક્ટોબરમાં શ્રાવણમાસમાં કેદારનાથના દર્શનનું આયોજન કરી આપશું 9833009445/ 7303560200. (૧૫૩૪૫/એ)

**SUMMER PACKAGES**
દુબઈ-46500/-, હિમાચલ-કાશ્મીર-ચારધામ-ગોવા-ટુર ઓર્ગેનાઈઝર. 9820002810. (૧૫૮૩૫-ઈ)

## ૧૪. નોકરી ખાલી છે

**બોરીવલી (વેસ્ટ)**
**એલ. ટી. રોડ, પ્રતિષ્ઠિત ગોલ્ડ જ્વેલર્સ શોરૂમ માટે સેલ્સગર્લ જોઈએ છે. અનુભવી/ બીનઅનુભવી આકર્ષક પગાર રૂબરૂ મળો. (બપોરના 1 થી 5) સંપર્કઃ- 8452059802. (૧૫૮૦૨-સી)**

**એકાઉન્ટન્ટ**
દહીંસરમાં ટેલી જાણકાર જેન્ટસ એકાઉન્ટન્ટ તથા માર્કેટિંગ માટે કોમ્પ્યુટર જાણકાર જોઈએ. 9322286126. (૧૫૮૧૪-એ)

**મલાડ (વેસ્ટમાં)**
મેન્યુફેક્ચરીંગ કંપનીમાં ઓફિસ માટે યુવતી વયમર્યાદા 30 વર્ષથી 40 વર્ષ જોઈએ છે એકાઉન્ટ ટેલી, એમ.એસ. ઓફિસ, જી.એસ.ટીનું સાધારણ જ્ઞાન હોવું જરૂરી છે. કાંદિવલી, મલાડ તથા ગોરેગાંવના લોકોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. સંપર્કઃ 9082932302. (સમય સવારે 10 વાગેથી સાંજે 6.00 વાગે). (૧૫૮૩૫-ડી)

## ૧૪. નોકરી ખાલી છે

**બોરીવલી (ઈસ્ટમાં)**
**કૉમ્પ્યુટર શીખેલી છોકરીઓ જોઈએ છે. (ઉંમર 19-40) 8655188552/ 8655133776. (૧૫૮૦૨-એ)**

**કાંદીવલી (ઈસ્ટ)**
ઠાકોર કોમ્પ્લેક્સમાં નાના કુટુંબમાં 12 કલાક ઘર કામ માટે (વાસણ જાડુ પોતા નહીં કરવાના) પરચુરણ કામ માટે બેનની જરૂર છે. ઉંમર 55 વર્ષની ઉપર નહીં. ફોન 11 થી 5 કીર્તિબેન. 9920262905. (બી-૧૫૮૫૫)

**લીડર**
**ક્રિપ્ટો તથા ફોરેક્સના MLM માર્કેટિંગ માટે અનુભવી લીડર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૩)**

**WANTED**
B.Sc and 12th Pass with Science Subjects for Lab at Borivali Contact: 9870550891 / 9821322833. (15825-E)

**LEADING SOUTH MUMBAI Estate Agent Requires Field Officers on Salary + Commission. Age 20-40, 9821074887. (B-15834)**

**REQUIRED HOUSE MAID for 24 hours 18000/- and six hours 9000/- at Bandra West. Call 7208656620. (B-15860)**

## ૧૭. જગ્યા આપવી છે

**પ્રિન્સેસ સ્ટ્રીટ**
1 બેડરૂમ 483 રેરા કાર્પેટ / 2 બેડરૂમ 666/ 696/ 745 રેરા કારપેટ, બંધાતામાં ટૂંક સમયમાં કબ્જો. સંપર્ક - 9821030822. (૧૫૮૧૪-ડી)

**''સાઉથ મુંબઈ''**
**ચિરાબજાર 2 બેડરૂમ 700' કારપેટ, 1 પાર્કિંગ અને 1 બેડરૂમ 425' કારપેટ, 1 પાર્કિંગ વેચાણથી આપવાનો છે. (લેવા-વેચાણ-ભાડે). ''દેવેન'' - 9930670272, 9620335272. (૧૫૮૦૬-સી)**

**મલાડ (વેસ્ટ)**
**Ghatkopar (West) 10 minutes walking distance from Station. 10,400 sq. feet Freehold Plot. Bhatt Wadi, Clear Title. Very good for Ownership Project. Plot Possession in 3 months M-8591977078 / 8108119801. (B-15851)**

## ૩૩. ધંધાદારી

**ચેક બાઉન્સિંગ**
કેસ માટે માસ્ટર સ્પેશિયાલિસ્ટને તુરંત મળો. જયેન્દ્રભાઈ - 8291362283. (જેપી/૪૯૭૮/જી)

**કબુતરની જાળી**
ફ્રીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડ નેટ સર્વીસ, મચ્છર જાળી, નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. "જીતુભાઈ" - 7900191232. (બી-૧૫૮૨૦)

**ગીફ્ટ ડીડ**
**રીલીઝ ડીડ**
**સેલ ડીડ**
**વસીયત**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૮૪૮)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૭૪)

■ કોઈપણ વ્યવસાયમાં કંઈપણ ગુમાવ્યા વિના અમારી સાથે 20000 થી વધુ રકમનું રોકાણ કરીને ઘરે બેઠા દર મહિને 10% નો નિશ્ચિત નફો મેળવો. સંપર્ક - ૮૪૩૩૭૬૩૧૯૨. (બી-૧૫૮૪૬)

## ૩૩. ધંધાદારી

■ **દુબઈ તથા બેંગકોકમાં નવા બિઝનેસના સ્ટાર્ટઅપ માટે ઈન્વેસ્ટર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૧)**

**તુલસી પ્લાસ્ટીક**
80 ટનના બે ઈન્જેક્શન મોલ્ડીંગ મશીન લેબર જોબ આપવાનું - ભાયંદર (ઈસ્ટ) 9833515703. (એસડીબી-૨૫૫૯)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**જન્મ તારીખ ડાયલ કરો**
**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્ય જીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

**શ્રીજી જ્યોતિષ**
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ જન્મક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલિસ્ટ) 9372024547. (ઘાટકોપર). (બી-૧૫૭૩૯)

**શ્રીનાથજી જ્યોતીષ**
**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતનદુઃખ, નિરાશવ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૮૨૮-બી)**

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**FLAT REPAIR**
**Interior by Civil Engineer. Contact: 9833521709. (15343/A)**

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

## ૪૬. વોટર પ્રુફિંગ

**વોટર પ્રુફિંગ**
**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, કેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**Swaminarayan Waterproofing**
ટેરેસ, છજ્જા, બાથરૂમ, કેક ફિલિંગ, પ્લાસ્ટરીંગ, પેઈન્ટિંગ, વોટરપ્રુફિંગ. 7900063270, 9136961872. (૧૫૩૩૮-સી)

**વોટરપ્રુફીંગ વર્ક**
PU ફોમ ઈન્જેક્શન, ગ્રાઉન્ટિંગ તોડ્યા વગર વોટરપ્રુફીંગ વર્ક - બાથરૂમ, ટોયલેટ, સ્વિમિંગ પુલ, વોટરટેન્ક, પોડિયમ સાથે ટેરેસ. 9136328369. (બી-૧૫૭૩૬)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 9699457066 / 9594187418. (બી-૧૫૮૩૬)



**રેલરોકો:** નેશનલ હેરલ્ડ કેસમાં સોનિયા અને રાહુલ ગાંધીની સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીના વિરોધમાં બિહારના પટણા ખાતે રેલરોકો આંદોલન કરી રહેલા યુવા કૉંગ્રેસના કાર્યકરો. (પીટીઆઈ)

# વક્ફ કાયદા પર સુપ્રીમ કોર્ટના નિર્ણયનું રાજદએ સ્વાગત કર્યું

પટના : બિહારમાં મુખ્ય વિપક્ષી પાર્ટી, રાષ્ટ્રીય જનતા દળે શુક્રવારે સુપ્રીમ કોર્ટના વક્ફ કાયદાની મુખ્ય જોગવાઈઓને આગામી સુનાવણી સુધી સ્થગિત કરવાના નિર્ણયનું સ્વાગત કર્યું હતું અને કહ્યું કે "આ કાયદા સામે કાનૂની લડાઈ ચાલુ રહેશે."

શુક્રવારે અહીં પત્રકારો સાથે વાત કરતા, આરજેડીના રાજ્યસભાનાં સાંસદ મનોજ ઝાએ કહ્યું કે, "વક્ફ કાયદો લઘુમતીઓના અધિકારો પર હુમલો કરે છે."

તે બંધારણની આત્મા પર હુમલો કરે છે. તે ગેરબંધારણીય છે. આરજેડી આવું થવા દેશે નહીં, એમ તેમણે કહ્યું.

"નવા કાયદા સામે અમારી કાનૂની લડાઈ ચાલુ રહેશે. અમે સુપ્રીમ કોર્ટના વક્ફ કાયદાની મુખ્ય જોગવાઈઓને આગામી સુનાવણી સુધી સ્થગિત કરવાના નિર્ણયનું સ્વાગત કરીએ છીએ." ■

# રાજ્યસભાના અધ્યક્ષને આવી રાજકીય ટિપ્પણી કરતા ક્યારેય જોયા નથી: સિબ્બલ

નવી દિલ્હી : રાજ્યસભાના સભ્ય કપિલ સિબ્બલે શુક્રવારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડની રાષ્ટ્રપતિ દ્વારા નિર્ણય લેવા માટે નિર્ધારિત સમયમર્યાદા પર ન્યાયતંત્ર પર પ્રશ્ન ઉઠાવવા બદલ ટીકા કરી હતી અને કહ્યું હતું કે આ "ગેરબંધારણીય" છે અને તેમણે ક્યારેય રાજ્યસભા અધ્યક્ષને આ પ્રકારના "રાજકીય નિવેદનો" કરતા જોયા નથી.

ધનખડે ન્યાયતંત્ર વિરુદ્ધ કડક શબ્દોનો ઉપયોગ કર્યાના એક દિવસ પછી, સિબ્બલે ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકસભા અધ્યક્ષ અને રાજ્યસભા અધ્યક્ષ વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે સમાન અંતરે રહે છે, અને "પક્ષના પ્રવક્તા" બની શકતા નથી.

"બધા જાણે છે કે લોકસભા અધ્યક્ષની ખુરશી વચ્ચે હોય છે. તે ગૃહના અધ્યક્ષ હોય છે, કોઈ એક પક્ષના અધ્યક્ષ નહીં. તેઓ મતદાન પણ કરતા નથી, તેઓ ફક્ત ત્યારે જ મતદાન કરે છે જ્યારે મત સમાન હોય છે. ઉપલા ગૃહ સાથે પણ એવું જ છે. તમે વિપક્ષ અને શાસક પક્ષ વચ્ચે સમાન અંતરે છો," એમ સિબ્બલે અહીં એક પત્રકાર પરિષદમાં કહ્યું હતું.

"તમે જે કહો છો તે બધું સમાન અંતરે હોવું જોઈએ. કોઈ પણ અધ્યક્ષ કોઈ પક્ષનો પ્રવક્તા ન હોઈ શકે. હું એમ નથી કહેતો કે તે (ધનખડ) છે પરંતુ સૈદ્ધાંતિક રીતે કોઈ પણ અધ્યક્ષ કોઈપણ પક્ષનો પ્રવક્તા ન હોઈ શકે. જો એવું લાગે તો ખુરશીની ગરિમા ઓછી થાય છે," એમ સિબ્બલે ભારપૂર્વક જણાવ્યું હતું.

ધનખડે ગુરુવારે એમ કહીને કે ન્યાયતંત્ર પર પ્રશ્ન ઉઠાવ્યો હતો કે રાષ્ટ્રપતિએ નિર્ણયો લેવા માટે સમયરેખા એ નક્કી કરીને, સુપ્રીમ કોર્ટ "સુપર પાર્લામેન્ટ" તરીકે કાર્ય કરીને લોકશાહી પર "પરમાણુ મિસાઈલ" ચલાવી શકતી નથી. ■

# યમનમાં ફરી અમેરિકાના હવાઈ હુમલા, ૭૪નાં મોત, ૧૭૧ ઘાયલ

દુબઇ: અમેરિકાએ ફરી એકવાર યમનમાં હવાઇ હુમલા કર્યા છે. આ હુમલો યમનના તેલ બંદર રાસ ઇસા પર કરવામાં આવ્યો છે. આ બંદર પર હુથી બળવાખોરોનો કબજો હતો. આ હુમલામાં ૭૪ લોકોનાં મોત થયાં હતાં. જ્યારે ૧૭૧ ઘાયલ થયા હતા. આ માહિતી હુથી જૂથે શુક્રવારે આપી હતી.

તેમજ યુએસ આર્મીના સેન્ટ્રલ કમાન્ડે આ હુમલાની પુષ્ટિ કરી છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા હુથીઓ પર સતત હુમલા કરવામાં આવી રહ્યા છે. ૧૫ માર્ચથી શરૂ કરાયેલા અભિયાનમાં અત્યાર સુધીમાં પહેલી વાર આટલી મોટી સંખ્યામાં હુથીઓનાં મોત થયાં છે. હુથીઓના અલ-મસિરાહ સેટેલાઇટ ન્યૂઝ ચેનલે હુમલા પછીના વિગતવાર ફૂટેજ પ્રસારિત કર્યા છે. જેમાં ઘટનાસ્થળે વિખરાયેલા મૃતદેહો જોવા મળ્યા હતા.

એક નિવેદનમાં સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું કે અમેરિકન દળોએ ઇરાન સમર્થિત હુથી આતંકવાદીઓ માટે ઇંધણના આ સ્રોતને ખતમ કરવા અને તેમને ગેરકાયદેસર આવકથી વંચિત રાખવા માટે આ કાર્યવાહી કરી છે. જેણે ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી સમગ્ર પ્રદેશમાં આતંક મચાવનારા હુથી વિદ્રોહીઓના પ્રયાસોને ભંડોળ પૂરું પાડ્યું છે. તેમાં જણાવાયું છે કે આ હુમલાનો હેતુ યમનના લોકોને નુકસાન પહોંચાડવાનો ન હતો, જે લોકો હુથી શાસને ઉખાડીને શાંતિપૂર્વક રહેવા માગે છે. નિવેદનમાં કોઇ જાનહાનિનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ■

# પહેલી મેથી દેશભરમાં સેટેલાઇટ આધારિત ટોલ સિસ્ટમ લાગુ કરવા અંગે હજુ સુધી કોઇ નિર્ણય નથી લીધો : પરિવહન મંત્રાલય

નવી દિલ્હી: માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે શુક્રવારે સ્પષ્ટતા કરી કે એક, મેથી દેશભરમાં સેટેલાઇટ આધારિત ટોલ સિસ્ટમ લાગુ કરવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. મંત્રાલયે મીડિયામાં આવી રહેલા એ અહેવાલો બાદ આ સ્પષ્ટતા કરી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે સેટેલાઇટ આધારિત ટોલ સિસ્ટમ ૧ મે, ૨૦૨૫થી લાગુ કરવામાં આવશે અને આ હાલની ફાસ્ટેગ આધારિત ટોલ કલેક્શન સિસ્ટમનું સ્થાન લેશે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ટોલ પ્લાઝા પર વાહનોની અવરજવર સરળ અને અવરોધમુક્ત બનાવવા અને મુસાફરોનો સમય ઘટાડવા માટે પસંદગીના ટોલ પ્લાઝા પર 'ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (એએનપીઆર)-ફાસ્ટેગ આધારિત ટોલિંગ સિસ્ટમ' તૈનાત કરવામાં આવશે અને મુસાફરીનો સમય ઘટાડશે. નિવેદન અનુસાર, અદ્યતન ટોલ સિસ્ટમમાં એએનપીઆર ટેકનોલોજી જે વાહનોની નંબર પ્લેટ વાંચીને તેમની ઓળખ કરશે તથા હાલની ફાસ્ટેગ સિસ્ટમ જે ટોલ કપાત માટે રેડિયો-ફ્રીક્વન્સી આઇડેન્ટિફિકેશન (આરએફઆઇડી)નો ઉપયોગ કરે છે. આ બંનેનું સંયોજન કરવામાં આવશે. આ અંતર્ગત વાહનો પાસેથી તેમના ટોલ પ્લાઝા પર રોકાયા વિના સારા પ્રદર્શનવાળા એએનપીઆર કેમેરા અને ફાસ્ટેગ રીડરના માધ્યમથી તેમની ઓળખના આધાર પર ટોલ વસૂલવામાં આવશે. ■

# શૅરબજારમાં જોરદાર તેજી વચ્ચે ચાર સત્રમાં છ ટકાનો ઉછાળો નોંધાયો, રોકાણકારોની સંપત્તિ ₹ ૨૬ લાખ કરોડનો ઉમેરો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ શેરબજારમાં ચાર દિવસમાં બંને બેન્ચમાર્ક છ ટકાથી વધુ ઉછળ્યા છે અને રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૨૫.૭૭ લાખ કરોડનો ઉમેરો નોંધાયો છે. અમેરિકા દ્વારા ટેરિફ પર કામચલાઉ વિરામ, વિદેશી રોકાણકારોનું સ્થાનિક બજારમાં વાપસી અને આગામી નૈઋત્ય ચોમાસાની ઋતુમાં સામાન્યથી વધુ વરસાદની આગાહીએ રોકાણકારોના ઉત્સાહને ઉત્તેજિત કર્યા હોવાથી પાછલા ચાર ટ્રેડિંગ સત્રમાં ઇક્વિટી બેન્ચમાર્ક શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં છ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો છે.

વધુમાં, બજાર નિષ્ણાતોના મતે, રિટેલ ફુગાવો લગભગ છ વર્ષના નીચલા સ્તરે પહોંચવાથી રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) દ્વારા ત્રીજા દરમાં ઘટાડાની આશા પણ જાગી છે. પાછલા ચાર ટ્રેડિંગ દિવસોમાં, બીએસઇ બેન્ચમાર્ક ઇન્ડેક્સ ૪,૭૦૬.૦૫ પોઈન્ટ અથવા ૬.૩૭ ટકા ઉછળ્યો છે જ્યારે એનએસઇનો નિફ્ટી ૧,૪૫૨.૫ પોઈન્ટ અથવા ૬.૪૮ ટકા વધ્યો છે.

તદનુસાર, રોકાણકારોની સંપત્તિ ઉપરોક્ત ચાર દિવસમાં રૂ. ૨૫.૭૭ લાખ કરોડ વધીને રૂ. ૪૧૯.૬૦ લાખ કરોડ થઈ ગઈ છે. દરમિયાન, ગુડ ફ્રાઈડે નિમિત્તે શુક્રવારે શેરબજાર બંધ રહ્યું હતું. બજારના સાધનોના જણાવ્યા અનુસાર, વૈશ્વિક વેપાર અનિશ્ચિતતા છતાં, વિદેશી ભંડોળનો પ્રવાહ, યુએસ દ્વારા ટેરિફ પર કામચલાઉ વિરામ અને આરબીઆઇ દ્વારા વધુ નાણાકીય સરળતા જેવા ઘણા પરિબળો ભારતીય બજારોમાં તાજેતરના તીવ્ર તેજીને આગળ ધપાવવા માટે એકરૂપ થયા છે.

પાછલા ત્રણ ટ્રેડિંગ સત્રોમાં, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારોએ લાંબા વેચાણના સિલસિલા પછી એક બિલિયન ડોલરથી વધુ મૂલ્યના ભારતીય ઇક્વિટી શેર ખરીદ્યા છે. વધુમાં, યુએસ દ્વારા ટેરિફ પર કામચલાઉ વિરામની જાહેરાત અને જાપાન સહિતના વિવિધ દેશો સાથે સંભવિત વાટાઘાટો પણ રાહત રેલી તરફ દોરી ગઈ હોવાનું માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું. આ ઉપરાંત નવમી એપ્રિલે રિઝર્વ બેન્ક દ્વારા ૨૫ બેસિસ પોઇન્ટનો દર ઘટાડો અને તટસ્થથી સહનશીલ વલણ અપનાવવાથી ઇક્વિટી બજારમાં નવી ગતિ આવી છે, કારણ કે રોકાણકારોએ વધુ નાણાકીય સરળતાના નીતિ વલણને વધાવી લીધું છે.

નવમી એપ્રિલના રોજ, આરબીઆઇએ સતત બીજી વખત વ્યાજ દરોમાં ઘટાડો કર્યો હતો. ત્રણ સેન્ટ્રલ બેંક સભ્યો અને સમાન સંખ્યામાં બાહ્ય સભ્યો ધરાવતી નાણાકીય નીતિ સમિતિ (એમપીસી)એ સર્વાનુમતે પુનઃખરીદી અથવા રિપોઝિશન રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરીને છ ટકા કરવાનો નિર્ણય જાહેર કર્યો હતો.

રિઝર્વ બેન્કે તેના નીતિ વલણને તટસ્થથી સહનશીલમાં ફેરવ્યો છે, જે ભવિષ્યમાં વધુ દર ઘટાડાની શક્યતા દર્શાવે છે, એમ રિઝર્વ બેન્કના ગવર્નર સંજય મલ્હોત્રાએ એમપીસીના નિર્ણયોની જાહેરાત કરતી વખતે જણાવ્યું હતું.

બજારના લોકો આગામી વરસાદી મોસમ પર પણ મોટો દાવ લગાવી રહ્યા છે, કારણ કે ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી નૈઋત્ય ચોમાસાની ઋતુમાં ભારતમાં સામાન્ય કરતાં વધુ વરસાદ પડવાની અપેક્ષા છે, જેનાથી મોટાભાગે ખેતીવાડી આધારિત અર્થતંત્ર માટે પુષ્કળ પાકની આશા જાગી છે.

અન્ય એક અગ્રણી સ્ટોક બ્રોકિંગ ફર્મના રિસર્ચ એનાલિસ્ટે જણાવ્યું હતું કે સ્થાનિક ઇક્વિટીમાં તેજી મુખ્યત્વે ટેરિફ મુલતવી રાખવા અને પસંદગીના ઉત્પાદનો પર તાજેતરમાં છૂટછાટોને લગતા આશાવાદ દ્વારા વેગ આપવામાં આવી હતી, જેનાથી વૈશ્વિક વેપાર પર અસર ઘટાડી શકાય તેવી સંભવિત વાટાઘાટોની આશા જાગી છે.

જેમ જેમ સપ્તાહ આગળ વધતું ગયું, બજારના સહભાગીઓએ સામાન્ય ચોમાસા અંગેના અપડેટ્સ, રીટેલ ફુગાવામાં ઘટાડો (જેનાથી સંભવિત નીતિ દરમાં ઘટાડાની આશા જાગી) અને વૈશ્વિક બજારોમાંથી કોઈ મોટા નકારાત્મક આશ્ચર્યની ગેરહાજરી સહિત અનેક અનુકૂળ વિકાસને સકારાત્મક પ્રતિસાદ આપ્યો હોવાનું નિષ્ણાતે જણાવ્યું છે.

આગામી સપ્તાહમાં, બધાની નજર કોર્પોરેટ કમાણીના અહેવાલો પર રહેશે, એમ જણાવતા માર્કેટ એનાલિસ્ટે કહ્યું હતું કે, વૈશ્વિક સ્તરે, ટેરિફ અને વિશ્વબજારો પર તેમની સંભવિત અસર સંબંધિત કોઈપણ અપડેટ્સ પર બજારનું ધ્યાન કેન્દ્રિત રહેશે.

સ્થાનિક મેક્રોઇકોનોમિક મોરચે, શાકભાજી, ઇંડા અને પ્રોટીનયુક્ત વસ્તુઓના ભાવમાં ઘટાડાને કારણે માર્ચમાં છૂટક ફુગાવો લગભગ છ વર્ષના નીચલા સ્તરે ૩.૩૪ ટકા પર નજીવો ઘટી ગયો, જેના કારણે આરબીઆઇ દ્વારા ત્રીજા દરમાં ઘટાડાની આશા જાગી કારણ કે તે ચાર ટકાના સરેરાશ લક્ષ્યથી નીચે રહે છે.

# માર્કેટ કેપિટલાઈઝેશન ₹ ૪૧૫.00 લાખ કરોડ સામે ₹ ૪.૬0 લાખ કરોડ વધીને ₹ ૪૧૯.૬0 લાખ કરોડની સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સારી એવી અફડાતફડી બાદ શેરબજારમાં સતત ચોથા દિવસે સુધારો જોવા મળ્યો હતો. શુક્રવારે ગુડ ફ્રાઇડે નિમિત્તે બજાર બંધ રહ્યું હતું. સપ્તાહના છેલ્લા દિવસે આઇટી શેરોની નરમાઇને બેન્ક શેરોની તેજીએ પચાવી લીધી હતી. બેન્કેક્સ અને ટેલિકોમ્યુનિકેશન સૌથી અધિક વધ્યા, માર્કેટ કેપમાં રૂ. ૪.૬૦ લાખની વૃદ્ધિ નોંધાઇ હતી. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૧૫.૦૦ લાખ કરોડ સામે રૂ. ૪.૬૦ લાખ કરોડ વધીને રૂ. ૪૧૯.૬૦ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૨૮ સ્ક્રિપ વધી હતી, જ્યારે બે સ્ક્રિપ ઘટી હતી.

બીએસઈ સેન્સેક્સ ગત બુધવારના ૭૭,૦૪૪.૨૯ના બંધ સામે ગુરુવારે ૧૫૦૮.૯૧ પોઈન્ટ્સ (૧.૯૬ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૬,૯૬૮.૦૨ ખૂલીને નીચામાં ૭૬,૬૬૫.૭૭ સુધી અને ઊંચામાં ૭૮,૬૧૬.૭૭ સુધી જઈને અંતે ૭૮,૫૫૩.૨૦ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૧૦૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૪૨૭ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૫૨૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૫૭ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૮૩ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૩૩ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૫૬ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૫૨ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૪૧ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૪૪ ટકા વધ્યો હતો.

બધા સેક્ટરલ ઈન્ડેક્સ વધ્યા હતા, જેમાં બેન્કેક્સ અને ટેલિકોમ્યુનિકેશન સૌથી અધિક વધ્યા હતા. એ સિવાય ફાઈનાન્સિયલ સર્વિસીસ ૨ ટકા, સર્વિસીસ ૧.૪૭ ટકા, ટેક ૧.૧૯ ટકા, એનર્જી ૧.૧૩ ટકા, ઓટો ૧.૦૧ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૮ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૯૫ ટકા પાવર ૦.૯૪ ટકા, હેલ્થકેર ૦.૯૧ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૭૫ ટકા, યુટિલિટીઝ ૦.૭૧ ટકા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૭૧ ટકા, એફએમસીજી ૦.૬૧ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૭ ટકા, કોમોડિટીઝ ૦.૫૬ ટકા, રિયલ્ટી ૦.૪૯ ટકા, મેટલ ૦.૨૫ ટકા, આઈટી ૦.૨૪ ટકા અને ફોકસ્ડ આઈટી ૦.૨૧ ટકા વધ્યા હતા. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે ઈટર્નલ ૪.૩૭ ટકા, આઈસીઆઈસીઆઈ ૩.૬૮ ટકા, ભારતી એરટેલ ૩.૬૩ ટકા, સન ફાર્મા ૩.૫૦ ટકા, સ્ટેટ બેન્ક ૩.૨૮ ટકા, બજાજ ફિનસર્વ ૩.૨૪ ટકા, કોટક બેન્ક ૩.૦૬ ટકા, રિલાયન્સ ૨.૯૦ ટકા એક્સિસ બેન્ક ૨.૫૧ ટકા અને અદાણી પોર્ટ્સ ૨.૩૪ ટકા વધ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્ર ૦.૨૪ ટકા અને મારુતિ ૦.૦૪ ટકા ઘટ્યા હતા..

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૩૧૧.૧૮ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૬૬૭ સોદામાં ૧,૯૯૦ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૧૦,૦૮,૬૦૧ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૨૬,૭૮,૫૨૩.૨૬ કરોડનું રહ્યું હતું.

# ટીન અને કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં આગેકૂચ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં માત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીને કારણે કિલોદીઠ રૂ. પાંચનો અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં નિરસ માગે જોવા મળેલા કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટો તથા સાર્વત્રિક સ્તરેથી લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી આઠની આગેકૂચ જોવા મળી હતી.

નોંધનીય બાબત એ છે કે આજે એકંદરે ગૂડ ફ્રાઈડે નિમિત્તે બૅન્કો બંધ રહી હતી તેમ જ વૈશ્વિક બજારો પણ બંધ રહી હોવા છતાં તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈતરફી વલણ જોવા મળતાં વિશ્વ બજારમાં ભાવ સુધારાતરફી રહેતાં હોવાથી આજે સ્થાનિકમાં પણ ચોક્કસ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૨૭૩૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. છ વધીને રૂ. ૮૫૬, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૮૨૪ અને કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૩૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૮૧૪ અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૪૯, રૂ. ૫૮૬, રૂ. ૫૪૧ અને રૂ. ૨૫૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે નિકલમાં સ્ટોકિસ્ટોની વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલી તેમ જ માગ પણ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૩૬૩ના મથાળે અને નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૩૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯૦ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યાં હતાં.

# ટ્રમ્પની ટેરિફને કારણે યુરોપિયન સેન્ટ્રલ બેંકના વ્યાજદરમાં સતત છઠ્ઠી વાર ઘટાડો

મુંબઇઃ યુરોપિયન સેન્ટ્રલ બેંકે સતત છઠ્ઠી વાર વ્યાજદરમાં ઘટાડો કર્યો છે. યુએસ પ્રેસિડેન્ટ ડોનલ્ડ ટ્રમ્પની ટેરિફની યુરો ઝોનના વૃદ્ધિદર પર વિપરીત અસર થઇ શકે છે, એવી ભીતી વચ્ચે યુરોપિયન સેન્ટ્રેલ બેંકે (ઇસીબી) વધુ એક વાર વ્યાજદરમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે.

ઈસીબીએ વ્યાજદરમાં ૦૨.૫ ટકાનો ઘટાડો કર્યો છે અને આ સાથે બેન્ચમાર્ક વ્યાજદર ઘટીને ૨.૨૫ ટકાના સ્તરે પહોંચ્યો છે. નોંધવું રહ્યું કે, આ સાથે ઇસીબી દ્વારા સતત છઠ્ઠી વાર વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ શ્રોણીનો સૌપ્રથમ ઘટાડો ૨૦૨૩માં કરવામાં આવ્યો હતો. નિષ્ણાતોના મતે ઇસીબીએ છઠ્ઠી વાર વ્યાજદરમાં ઘટાડો કર્યો એ આશ્ચર્યજનક છે, પરંતુ વૃદ્ધિદરને વેગ મળે એવા હેતુથી આ ઘટાડો કરવામાં આવ્યો હોવાનો મત તેઓ વ્યક્ત કરી રહ્યા છે. એ બાબત પણ નોંધવી જોઇએ કો યુરોપિયન સંઘે અમેરિકા દ્વારા ટેરિફમાં કરવામાં આવેલા અતાર્કિક વધારા સામે વિરોધ પ્રગઠ કયો૪ હતો અને ટ્રમ્પે જે રીતે યુરોપના દેશોની આયાત અવરોધવા અંગે વિધાનો કર્યા હતો, તે જોતાં અમેરિકાની ટેરિફ વોરનો સામનો કરવા વ્યૂહરચના ઘડવાની શરૂઆત કરવાનો સંકેત પણ આપ્યો હતો.

# પ્રાઈસ સપોર્ટ સ્કીમ હેઠળ સરકારે ૩.૪ લાખ ટન તુવેરની પ્રાપ્તિ કરી

નવી દિલ્હીઃ પ્રાઈસ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ સરકારે અત્યાર સુધીમાં ૩,૪૦,૦૦૦ ટન તુવેરની પ્રાપ્તિ કરી હોવાનું કૃષિ મંત્રાલયે આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

પીએસએસ હેઠળ લઘુતમ ટેકાના ભાવથી તુવેરની પ્રાપ્તિ હાથ ધરવામાં આવે છે અને મંત્રાલયે દેશનાં નવ રાજ્યોમાંથી ૧૩.૨૨ લાખ ટન તુવેરની પ્રાપ્તિ માટે મંજૂરી આપી છે. ખુલ્લી બજારોમાં ભાવને નિયંત્રણમાં રાખવા અને બજારમાં હસ્તક્ષેપ કરવા માટે સરકાર ૧૦ લાખ ટનનો બફર સ્ટોક જાળવી રાખવા માગે છે.

મંત્રાલયની આંકડાકીય માહિતી અનુસાર સરકારે ગત ૧૩મી એપ્રિલ સુધીમાં ૩,૪૦,૦૦૦ ટન તુવેરની પ્રાપ્તિ કરી છે. જેમાં સૌથી વધુ હિસ્સો કર્ણાટકનો રહ્યો છે અને ૧,૩૦,૦૦૦ ટનની પ્રાપ્તિ કરવામાં આવી છે. તેમ જ ખેડૂતોને ક્વિન્ટલદીઠ રૂ. ૭૫૫૦ના ભાવ ઉપરાંત રૂ. ૪૫૦ના બોનસ સાથેના ભાવ મળ્યા છે. આ ઉપરાંત સરકારે આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગણા અને ઉત્તર પ્રદેશમાંથી પણ તુવેરની પ્રાપ્તિ કરી છે. આ ઉપરાંત સરકારે તેલંગણા અને મધ્ય પ્રદેશમાંથી ૧૭,૦૦૦ ટન ચણાની ખરીદી કરી છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ૨૭ લાખ ટન ચણાની પ્રાપ્તિ માટે મંજૂરી મળી હોવા છતાં સરકારે ચણાની આયાત પર ૧૦ ટકા ડ્યૂટી લાદી હોવાથી બજારમાં ચણાના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૫૬૫૦ના ટેકાના ભાવ કરતાં ઊંચા રહેતાં ચણાની પ્રાપ્તિ ધીમી છે. વધુમાં સરકારી આંકડાકીય માહિતી અનુસાર ગત ૧૩મી એપ્રિલ સુધીમાં મસૂરની પ્રાપ્તિ ૨૭,૦૦૦ ટનના સ્તરે, મગની પ્રાપ્તિ ૩૦૦૦ ટનના સ્તરે રહી હતી. નોંધનીય બાબત એ છે કે બજારભાવ જ્યારે લઘુતમ ટેકાના ભાવ કરતાં નીચી સપાટીએ જાય ત્યારે પીએસએસનો અમલ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ના અંદાજપત્રમાં સરકારે કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે રાજ્યનાં ઉત્પાદનને ધ્યાનમાં લેતા કેન્દ્રીય એજન્સી મારફતે વર્ષ ૨૦૨૮-૨૯ સુધી તુવેર, મસૂર અને અડદની ૧૦૦ ટકા પ્રાપ્તિની બાંયધરી આપી હતી. જોકે, તાજેતરમાં સ્થાનિકમાં કઠોળના ઉત્પાદનમાં વધારો થયો હોવા છતાં સ્થાનિકમાં માગ સંતોષવા માટે આયાત પર આધાર રાખવો પડે છે.

# ખાંડમાં મિશ્ર વલણ

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે રજાનાં માહોલમાં સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજર ભાવમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો તથા રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે**

**ઈલેક્ટ્રિકલ વર્ક**

Sr. DEE/P/BCT, મુંબઈ સેન્ટ્રલ, ટેન્ડર નોટીસ નં.: EL-૮૧-૮૮૦-WA-૭૨(R). તા. ૧૬.૦૪.૨૦૨૫ મંગાવે છે. કામ અને સ્થળઃ જોરાવાસન - સૂરત સેક્શનઃ જૂના કોરોડેડ અને જર્જરિત સ્ટીલ સ્ટેજિંગ OH વૉટર ટેન્ક/RCC ટેન્કોનું ૪ નં.ની બદલીકરણના સંબંધમાં ઈલેક્ટ્રિકલ (પાવર) વર્ક. કામની અંદાજિત કિંમતઃ ₹ ૬૧,૩૯,૬૨૫/- બારડીઃ ₹ ૧,૨૨,૮૦૦/- સુપ્રતિની તારીખ અને સમયઃ ૧૪.૦૫.૨૦૨૫, ૧૫.૦૦ ક. સુધી. ખોલવાની તારીખ અને સમયઃ ૧૪.૦૫.૨૦૨૫ના ૧૫.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0061

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly


# આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફને જીએસટી ઓથોરિટીનો ₹ ૩.૬૭ કરોડનો ટેક્સ ઓર્ડર

મુંબઇઃ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાઇફ ઇન્શ્યોરન્સે શુક્રવારે જણાવ્યું હતું કે તેને જીએસટી કમિશનર (અપીલ) તરફથી લગભગ રૂ. ૩.૬૭ કરોડની ટેક્સ માગને સમર્થન આપતો આદેશ મળ્યો છે. બીજી જુલાઈ, ૨૦૨૪ના રોજ, મુંબઈમાં સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (સીજીએસટી) સત્તાવાળાઓએ આ સંદર્ભમાં એક આદેશ પસાર કર્યો હતો.

આ આદેશે સર્વિસ ટેક્સ ક્રેડિટનો એક ભાગ નકારી કાઢ્યો હતો, જેને કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૧૭-૨૦૧૮માં જ્યારે જીએસટી શરૂ થયો હતો, ત્યારે જીએસટી રીજીમમાં સ્થાનાંતરિત કર્યો હતો, ત્યારબાદ, કંપનીએ કમિશનર (અપીલ) સમક્ષ અપીલ દાખલ કરી હતી.

નિયમનકારી ફાઇલિંગમાં, આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલે જણાવ્યું હતું કે કંપનીને ૧૭ એપ્રિલના રોજ સીજીએસટી અને સેન્ટ્રલ એક્સાઇઝ (અપીલ) કમિશનર, મુંબઈ તરફથી ટેક્સ માંગને સમર્થન આપતો આદેશ મળ્યો છે.

રેગ્યુલેટરી નોટ અનુસાર, આ આદેશમાં રૂ. ૧.૮૩ કરોડથી વધુની જીએસટી જવાબદારી અને સમાન રકમનો દંડ શામેલ છે. કંપની આ આદેશ સામે યોગ્ય સત્તાધિકારી સમક્ષ અપીલ કરશે, એમ આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાઇફે જણાવ્યું હતું.

# મલયેશિયા પાછળ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૩૯ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૩૬ રિંગિટનો ઘટાડો આવ્યાના નિર્દેશો તેમ જ આજે ગુડ ફ્રાઈડેની જાહેર રજાને કારણે બૅન્કો બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ કોફકોનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦, મહેશ ઑઈલનાં સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૮ અને તિરૂપતિ એગ્રોટેકના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૬૦ અને રૂ. ૧૨૯૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. જોકે, આજે પાંખાં કામકાજો વચ્ચે માત્ર રવાનગીના કામકાજો થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૯૦, સિંગતેલના રૂ. ૧૩૭૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૪૦ અને સરસવના રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૭૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૬૦માં થયા હતા. વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૦,૦૦૦ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૧૦માં થયા હતા, જ્યારે રાજકોટની મંડીમાં આજે નવી કોઈ આવકો નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૭૫૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૦૬૫માં થયા હતા. આ સિવાય આજે રાજસ્થાનમાં અંદાજે ૬.૨૫ લાખ ગૂણી સરસવની આવક થઈ હોવાના તેમ જ જયપુરની મંડીમાં સરસવના વેપાર ક્વિન્ટલે રૂ. ૬૩૨૫થી ૬૩૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ડબ્લ્યુટીઓમાં અમેરિકાનો ભારતને જવાબ

## સ્ટીલ અને એલ્યુમિનિયમ પરની ડ્યૂટી રાષ્ટ્રની સલામતી માટે, સેફગાર્ડનાં પગલાં નહીં

નવી દિલ્હીઃ અમેરિકાએ વૈશ્વિક વેપાર સંગઠનને જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં લઈને સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટૅરિફ લાદવામાં આવી છે. આથી તેને સેફગાર્ડના પગલાં તરીકે ધ્યાનમાં લેવામાં ન આવે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલી આ ડ્યૂટી બાબતમાં ભારતે ગત ૧૧મી એપ્રિલના રોજ વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનનાં સેફગાર્ડ કરાર હેઠળ અમેરિકા સાથે કન્સલ્ટેશન માટે અરજી કરી હતી. ભારતે જણાવ્યું હતું કે અમેરિકા આ પગલાંઓને સુરક્ષા તરીકે વર્ણવે છે, તેમ છતાં તે મૂળભૂતરૂપે સલામતી માટેનાં પગલાં જ છે. વધુમાં ભારતે કહ્યું હતું કે એગ્રીમેન્ટ ફોર સેફગાર્ડની જોગવાઈઓ હેઠળ ડબ્લ્યુટીઓની સેફગાર્ડ કમિટીને સૂચિત કરવામાં અમેરિકા નિષ્ફળ ગયું હોવાનું ભારતે ઉમેર્યું હતું. અમેરિકાએ ગત ૧૭મી એપ્રિલના રોજ ડબ્લ્યુટીઓને નોટ્સમાં જણાવ્યું હતું કે ભારતે એગ્રીમેન્ટ ઓન સેફગાર્ડ હેઠળનાં આર્ટિકલ ૧૨.૩ હેઠળ કન્સલ્ટેશનની માગણી કરી છે, પરંતુ અમેરિકી પ્રમુખે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર લાદેલી ટૅરિફ કલમ ૨૩૨ હેઠળની છે. જેમાં અમેરિકામાં રાષ્ટ્રીય સલામતી માટે પ્રમુખ સ્ટીલ અને એલ્યુમિનિયમ પરનાં ઉત્પાદનો માટેની ટૅરિફ નિર્ધારિત કરી શકે છે. વધુમાં અમેરિકાએ એમ જણાવ્યું હતું કે કલમ ૨૩૨ એ રાષ્ટ્રીય સલામતી સંદર્ભની કલમ છે. અને જનરલ એગ્રીમેન્ટ ઓન ટૅરિફ ઍન્ડ ટ્રેડ ૧૯૯૪ હેઠળ સુરક્ષા અપવાદ હેઠળ આ કાયદો રાખવામાં આવ્યો છે. તેમ જ વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે આ ટૅરિફ ૧૯૭૪નાં ટ્રેડ એક્ટની જોગવાઈ હેઠળ લાદવામાં નથી આવી. અમેરિકા સલામતી/કટોકટી કાર્યવાહીની જોગવાઈઓ અનુસાર આ પગલા જાળવી રહ્યું નથી. આ પગલાં સલામતી માટેનાં પગલાં નથી તેથી આ પગલાંના સંદર્ભમાં સલામતી કરાર હેઠળ કન્સલ્ટેશન કરવાનો કોઈ આધાર નથી રહેતો, એમ અમેરિકાએ નોટ્સમાં ઉમેર્યું હતું. આમ ભારતની કન્સલ્ટેશન માટેની અરજીનો કોઈ અર્થ નથી તેમ છતાં અમે ભારત સાથે આ અથવા તો અન્ય કોઈપણ મુદ્દા પર ચર્ચા કરવા માટે ખુલ્લા છીએ, એમ નોટ્સમાં ઉમેર્યું હતું.

# નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતની તેલખોળની નિકાસ ૧૧ ટકા ઘટીને ૪૩.૪૨ લાખ ટન

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં દેશમાંથી વિવિધ તેલખોળની નિકાસનું મૂલ્ય આગલા નાણાકીય વર્ષના સમાનગાળાની તુલનામાં ૨૧ ટકા ઘટીને ૧૨,૧૭૧ કરોડની સપાટીએ અને પ્રમાણની દૃષ્ટિએ નિકાસ આગલા નાણાકીય વર્ષની તુલનામાં ૧૧ ટકા ઘટીને ૪૩.૪૨ લાખ ટનની સપાટીએ રહી હોવાનું સ્થાનિક ઔદ્યોગિક સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને તાજેતરમાં સંકલિત કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વિવિધ તેલખોળની નિકાસ આગલા નાણાકીય વર્ષનાં ૪૮,૮૫,૪૩૭ ટન સામે ૧૧ ટકા ઘટીને ૪૩,૪૨,૪૯૮ ટનની સપાટીએ રહી છે. નિકાસમાં ઘટાડાનું મુખ્ય કારણ રાયડાખોળ અને એરંડાખોળની નિકાસમાં જોવા મળેલો ઘટાડો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.


**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**બે લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ**

ઈ-ટેન્ડર નોટિસ સં : CPM/GS/ADI/ ROB-27/25-26/01 ટેન્ડર સંખ્યા : GS/ADI/ROB-27/25-26/01 ભારતીય સંઘના રાષ્ટ્રપતિ માટે અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ગતિ શક્તિ) પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. (1) કામનું નામ અને સ્થાન: પશ્ચિમ રેલવેના ગતિ શક્તિ એકમ હેઠળ અમદાવાદ ડિવિઝનના અમદાવાદ - વિરમગામ સેક્શન પર છારોડી અને વાસન ઈયાવા વચ્ચે રેલવે કિમી 530/9-11 પર એલસી. સંખ્યા નં. 27 ના બદલે 1x 51 મીટર કમ્પોઝિટ સ્ટીલ ગર્ડર સાથે બે લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ, જેમાં વાયડક્ટ અને RE દિવાલોનો સમાવેશ થાય છે. (2) કામનો અંદાજિત ખર્ચ : ₹44,86,81,266.16 (3) અર્નેસ્ટ મની ડિપોઝિટ : ₹23,93,400/- (4) ટેન્ડર ફોર્મ ફી : શૂન્ય (5) કામ પૂર્ણ કરવાનો સમયગાળો : ચોમાસા સહિત 18 (અઢાર) મહિના. (6) ઈ-ટેન્ડરની છેલ્લી તારીખ અને સમય : તારીખ : 22.05.2025 સમય : 15:00 કલાકે (7) વેબસાઇટ વિગતો અને નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો શકાશે અને તે ઓફિસ સરનામું : ચીફ પ્રોજેક્ટ મેનેજર / ગતિ શક્તિનું કાર્યાલય, "એ" વિંગ, ચોથો માળ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, પશ્ચિમ રેલવે, અમદાવાદ-382345 વેબસાઇટ : www.ireps.gov.in 017

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | ટેન્ડર મૂલ્ય (રૂ.) | ઈએમડી રૂ |
|---|---|---|---|
| 1 | 08-2025-26 | 23,04,67,121.31 | 13,02,300.00 |
| | સિવિલ કાર્ય - ગુડ કાર્યાલયનું નિર્માણ, આરામ ખંડ, EL બિલ્ડીંગ, પેનલ રૂમ, વેપારી ખંડ, RCC રીટેનિંગ વોલ, લાઇન નં. 4 ને સમાવવા માટે માટીકામ, RL ગુડ્સ પ્લેટફોર્મ, એપ્રોચ રોડ અને વડાલના સંદર્ભમાં ઢંકાયેલ શેડ પૂરો પાડવો - ADEN જૂનાગઢ હેઠળ નવા માલ શેડમાં નવી લોડિંગ લાઇનનો વિકાસ (પુલ નં. (2X6.10 મીટર) ના વિસ્તરણના કાર્યને બાદ કરતાં) વડાલના સંદર્ભમાં PSC સ્લેબ - નવા માલ શેડમાં નવી લોડિંગ લાઇનનો વિકાસ). | | |
| 2 | 09-2025-26 | 49,72,710.28 | 99,500.00 |
| | DEN (પૂર્વ) અધિકારક્ષેત્ર: બે વર્ષ માટે ચોમાસાના અનામત પુરવઠાની ભરપાઇ | | |
| 3 | 10-2025-26 | 2,66,70,370.87 | 2,83,400.00 |
| | જૂનાગઢ સોમનાથ વિભાગના વિવિધ મંજૂર થયેલા કામો હેઠળ વિવિધ સ્થળોએ રબરાઇઝ્ડ લેવલ ક્રોસિંગ પેડનું ઉત્પાદન, પુરવઠો અને સ્થાપન: ADEN-જૂનાગઢ હેઠળ 6 સ્થળોએ યાર્ડ્સમાં સુધારો. | | |
| 4 | 11-2025-26 | 2,98,60,606.62 | 2,99,300.00 |
| | કનાલુસ - પોરબંદર વિભાગના વિવિધ મંજૂર કાર્યો હેઠળ વિવિધ સ્થળોએ રબરાઇઝ્ડ લેવલ ક્રોસિંગ પેડનું ઉત્પાદન, પુરવઠો અને સ્થાપન: - ADEN-પોરબંદર હેઠળ 5 સ્થળોએ યાર્ડ્સમાં સુધારો | | |
| 5 | 12-2025-26 | 91,85,084.39 | 1,83,700.00 |
| | ADEN (વર્ક્સ)BVP: MDDTI હોસ્ટેલમાં અતિક્રમણ અટકાવવા માટે પ્રિકાસ્ટ દિવાલનું બાંધકામ. (740.0 આરએમ) | | |
| 6 | 13-2025-26 | 4,63,56,709.64 | 3,81,800.00 |
| | સાબરમતી-બોટાદ વિભાગ:- અતિક્રમણ અને સ્ટ્રેસ પાસિંગ કામગીરી અટકાવવા માટે સીમા દિવાલનું બાંધકામ (4 કિમી). | | |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે : બિડિંગની શરૂઆતની તારીખ : 23/04/2025 બિડની બંધ થવાની તારીખ : 07/05/2025 NIT રેલવે વેબસાઇટ www.ireps.gov.in પર તારીખ : 16/04/2025 ના રોજ અપલોડ કરવામાં આવી છે. 007

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

## વિલે પાર્લેમાંના જૈનોનો આક્રોશ

# ‘અમુક લોકોને ઈશારે અમારું દેરાસર તોડાયું’

## વિરોધમાં આજે જૈનોની રેલી: હજારોની સંખ્યામાં જૈન સાધુ-સાધ્વીઓ, શ્રાવકો અને સમાજના અગ્રણીઓ જોડાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિલે પાર્લે (પૂર્વ)માં કાંબળીવાડીમાં આવેલા ૯૦ વર્ષ જૂના શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને બુધવાર, ૧૬ એપ્રિલ, ૨૦૨૫ના પાલિકા દ્વારા ગેરકાયદે હોવાનું જણાવીને તોડી પાડવામાં આવ્યું હતું. ડિમોલિશનની કાર્યવાહી પર સ્ટે લાવવા માટે શ્રાવકો કોર્ટમાં ગયા હતા અને તેના પર બુધવારે સુનાવણી થાય તે અગાઉ જ પાલિકાએ દેરાસરનો ૭૦ ટકા હિસ્સો તોડી પાડ્યો હોવાનો દાવો દેરાસરના ટ્રસ્ટ્રી ગણે કર્યો હતો. પાલિકાની ડિમોલિશનની કાર્યવાહીના વિરોધમાં આજે વિલે પાર્લે (પૂર્વ)માં સવારના એક મોટી રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં જૈન સમાજના સાધુ-સાધ્વીઓ, મહારાજસાહેબ સહિત સમગ્ર મુંબઈના જ નહીં પણ દેશભરમાંથી જૈન સમાજના લોકો જોડવાના છે.

વિલે પાર્લેના શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે ‘મુંબઈ સમાચાર’ને જણાવ્યું હતું કે દેરાસરને તોડી પાડવાનું કૃત્યુ ખોટું હતું. સમગ્ર જૈન સમાજ પાલિકાની આ કાર્યવાહીનો નિષેધ કરે છે. અમે દેરાસરને તોડી પાડવાની પાલિકાની કાર્યવાહીથી બચવા માટે કોર્ટમાં અરજી કરી હતી અને તેના પર બુધવાર, ૧૬ એપ્રિલના જ સુનાવણી થવાની હતી. અમે તેમને કોર્ટમાં સુનાવણી થાય એની રાહ જોવાની વિનંતી કરી હતી પણ અમારી વાત નહીં

(જુઓ પાનું ૪) ▸▸

### પાલિકા શું કહે છે?

આ બાબતે પાલિકાના સંબંધિત અધિકારીએ જણાવ્યું હતું કે અમે સુપ્રીમ કોર્ટે દેરાસરને ગેરકાયદે જાહેર કરીને તેને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. એ બાદ જ પાલિકાએ ડિમોલિશનની કાર્યવાહી કરી હતી. અમે કોર્ટના આદેશ બાદ લો-ડિપાર્ટમેન્ટની સલાહ બાદ નિયમ મુજબની જ કાર્યવાહી કરી છે.





**અન્યાયનો વિરોધ:** વિલે પાર્લે (પૂર્વ)માં આવેલી કાંબળીવાડીમાં ૯૦ વર્ષ જૂના દેરાસરનું ડિમોલિશન મુંબઈ સુધરાઈ દ્વારા ત્રણ દિવસ પહેલા કરવામાં આવ્યું હતું. ડાબે એ દિવસના તોડકામ પછીની તસવીર છે જ્યારે જમણે છે ગઈ કાલે આ દેરાસરના ટ્રસ્ટીગણ દ્વારા શુક્રવારે યોજવામાં આવેલી પત્રકાર પરિષદની તસવીર. શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસર ગેરકાયદે હોવાનું જણાવીને તોડી પાડવામાં આવ્યું હતું. ડિમોલિશનની કાર્યવાહી પર સ્ટે લાવવા માટે શ્રાવકો કોર્ટમાં ગયા હતા પણ સુનાવણી થાય તે અગાઉ જ પાલિકાએ દેરાસરનો ૭૦ ટકા હિસ્સો તોડી પાડ્યો હોવાનો દાવો દેરાસરના ટ્રસ્ટ્રીગણે કર્યો હતો. આના વિરોધમાં આજે મોટી વિરોધ-રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

### શ્રાવકોની શું માગણી છે?

દેરાસર તોડી પાડ્યા બાદ પાલિકાએ અમારી માગણીઓનો સ્વીકાર કરવો જ પડશે એવું બોલતા અનિલ શાહે કહ્યું હતું કે પાલિકા દેરાસરના બાંધકામને તોડી ગઈ એ બાદ કોર્ટમાં સુનાવણી થઈ હતી, જેમાં હાલ કોર્ટે સ્ટે આપ્યો છે. દેરાસરનો ૭૦ ટકાથી વધુ હિસ્સો તોડી પાડવામાં આવ્યો છે, જોકે જ્યાં ભગવાનની મૂર્તિ છે ત્યાનું બાંધકામ સલામત છે. છતાં અમારી માગણી છે કે પાલિકાના જે અધિકારીએ ઉતાવળે આ બાંધકામ તોડી પાડ્યું તે અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે. પાલિકાના પોતાના ખર્ચે એ જ જગ્યા પર ફરી દેરાસર બાંધી આપે. તેમ જ કાયદાને નહીં ગણકારનારા પાલિકાના સંબંધિત અધિકારીએ તેના કૃત્ય બદલ માફી માગવાની રહેશે.

### શું છે આખો મામલો?

વિલે પાર્લે(પૂર્વ)માં કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર દેરાસરને બુધવારે વહેલી સવારના પાલિકાએ તોડી પાડ્યું હતું. પાલિકાના દાવા મુજબ આ દેરાસર ગેરકાયદે છે અને છેલ્લા ૨૦ વર્ષથી જુદી જુદી કોર્ટમાં કેસ ચાલ્યો હતા, જેમાં સીટી સિવિલ કોર્ટ, હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટ સુધી મામલો ગયો હતો. દેરાસરના દસ્તાવેજના અભાવે દેરાસરની જગ્યા ગેરકાયદે હોવાનું નોંધાયું હતું. તોડકામ પર કોઈ સ્ટે નહીં હોવાને કારણે નિયમ મુજબ પાલિકાએ તેને તોડી પાડયું હતું. જોકે તે પહેલા આગલા દિવસે દેરાસરને નોટિસ આપવામાં આવી હતી. તેની સામે દેરાસરના ટ્રસ્ટીગણના દાવા મુજબ ૧૯૩૫ની સાલમાં આ દેરાસર બન્યું હતું અને કાયદા મુજબ ૧૯૬૧-૬૨ની સાલના અગાઉ બનેલા બાંધકામ કાયદેસર ગણાય છે.અહીં માત્ર સ્ટ્રક્ચર હતું અને તેમાં દેરાસર ઊભું કરાયું હતું. તેથી દેરાસર પણ કાયદેસર ગણાય, એવો તેમનો દાવો છે. જોકે જે કમ્પાઉન્ડમાં દેરાસર છે ત્યાં આવેલી બિલ્ડિંગ રીડવેલપ થયા બાદ તેને પાલિકા પાસેથી પાર્ટલી ઓસી જ મળી હતી. પાલિકાના કહેવા મુજબ દેરાસર ગેરકાયેદ બાંધકામ છે તેથી તે જયાં સુધી તે હટશે નહીં ફૂલ ઓસી મળશે નહીં. બિલ્ડરે અગાઉ કહ્યું હતું કે બિલ્ડિંગ બન્યા બાદ દેરાસર હટાવશે પણ તે હટાવ્યું નહીં તેથી સોસાયટીએ દેરાસર વિરુદ્ધ કેસ કર્યો હતો. અહીં સ્ટ્રક્ટરમાં દેરાસર હતું અને ૧૯૯૮માં તેમાં અમે દેરાસર બાંધ્યું હતું. ૨૦૦૫માં જે પ્લોટ પર દેરાસર હતું તેને પાલિકાએ ગાર્ડન માટે આરક્ષિત જાહેર કરીને અમે નોટિસ આપી હતી. તેથી ટ્રસ્ટીગણ તેની વિરુદ્ધ કોર્ટમાં ગયા હતા. સિટી, સિવિલ, હાઈ કોર્ટ અને બાદમાં સુપ્રીમ કોર્ટ સુધી લડત ચાલી હતી, જેમાં દેરાસરને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટીઓ ફરી સુપ્રીમમાં ગયા હતા અને સુપ્રીમ કોર્ટના છેલ્લા આદેશમાં

(જુઓ પાનું ૪) ▸▸

## અકસ્માતગ્રસ્તોને એક લાખ રૂપિયા સુધીની કૅશલેસ સારવાર મળશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે પેનલમાં સમાવિષ્ટ અને અન્ય ઈમર્જન્સી હોસ્પિટલોમાં અકસ્માતનો ભોગ બનેલા લોકો માટે કેશલેસ સારવાર એક લાખ રૂપિયા સુધી કરવાનો નિર્ણય કર્યો છે. સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતાં જાહેર આરોગ્ય પ્રધાન પ્રકાશ આબિટકરે અકસ્માતનો ભોગ બનેલા લોકોને એક લાખ રૂપિયા સુધીની સમયસર અને કૅશલેસ સારવાર મળી રહે તેવો નિર્દેશ અધિકારીઓને આપ્યો હતો. આરોગ્ય યોજનાનું ઉલ્લંઘન કરનારા સામે કાર્યવાહી કરવામાં આવશે એવી ચેતવણી પણ તેમણે ઉચ્ચારી હતી. આબિટકરે વધુમાં જણાવ્યું હતું કે ‘આ યોજના હેઠળ પેનલમાં સામેલ હોસ્પિટલોની સંખ્યા ૧,૭૯૨થી વધારીને ૪,૧૮૦ કરવામાં આવશે. જિલ્લા

(જુઓ પાનું ૪) ▸▸

## બ્રાહ્મણો વિશે અછડતી કમેન્ટ: અનુરાગ કશ્યપ સામે ફરિયાદ

મુંબઈ: બ્રાહ્મણ સમાજ વિશે અપમાનજનક અને જાતિવાદી ટિપ્પણી કરવા બદલ વિવાદના કેન્દ્રમાં આવેલા અભિનેતા તેમ જ ફિલ્મમેકર અનુરાગ કશ્યપ વિરુદ્ધ શુક્રવારે સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મહારાષ્ટ્ર ભાજપના કાનૂની અને સલાહકાર વિભાગના વડા અને એડવોકેટ આશુતોષ જે. દુબેએ આ ફરિયાદ નોંધાવી છે અને ભારતીય ન્યાય સંહિતાની સંબંધિક કલમો હેઠળ ગુનો દાખલ કરવાની માગ કરી છે. આ પ્રકરણે એફઆઇઆર દાખલ કરવામાં આવી હોવાની વાતને પોલીસે સમર્થન આપ્યું નહોતું.

વિવાદાસ્પદ નિવેદનો કરવા માટે જાણીતા એક્ટર અને ફિલ્મમેકર અનુરાગ કશ્યપના નિવેદનોને કારણે

(જુઓ પાનું ૪) ▸▸

## ઘાટકોપરમાંનો ગેરકાયદે કમ્યુનિટી હૉલ તોડી પાડવાનો હાઈ કોર્ટનો આદેશ

મુંબઈ: ગેરકાયદે બાંધકામો શહેરના આયોજિત વિકાસને સંપૂર્ણ રીતે જોખમમાં મૂકી ઉપલબ્ધ સંસાધનોનો વેડફાટ કરે છે, એમ જણાવતા બૉમ્બે હાઇ કોર્ટે મુંબઈ સુધરાઇની ઝાટકણી કાઢી હતી તથા ઘાટકોપર ખાતે રમતગમતના મેદાન માટે અનામત પ્લોટ પર અનધિકૃત રીતે બાંધકામ કરવામાં આવેલા એક કમ્યુનિટી હોલને એક અઠવાડિયાની અંદર તોડી પાડવાનો આદેશ આપ્યો હતો.

કોર્ટે ૧૭મી એપ્રિલે આપેલા આદેશમાં જણાવ્યું હતું કે ગેરકાયદે બાંધકામોને કારણે સંસાધનો વહેંચાઇ જતા હોવાથી કાયદાનું પાલન કરનારા નાગરિકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

ફરજ પ્રત્યે બેદરકારી દેખાડવા બદલ કોર્ટે પાલિકાના સંબંધિત અધિકારીને આડેહાથે લીધો હતો અને પાલિકાના વડાને ઘાટકોપરના ગેરકાયદે બાંધકામ સામે

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

## મુંબઈના પીવાનાં પાણીની સમસ્યાનો તોડ: ગારગાઈ ડેમને મળી પર્યાવરણ મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈના રહેવાસીઓની પીવાનાં પાણીની જરૂરિયાતોને પૂરી કરવાના એક મહત્ત્વપૂર્ણ પગલામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગારગાઈ ડેમ પ્રોજેક્ટ માટે જરૂરી વન્યજીવન અને પર્યાવરણીય મંજૂરીઓ આપવાને લીલી ઝંડી દાખવી છે.

રાજ્યએ કેન્દ્ર સરકારના પરીવેશ પોર્ટલ પર ઉપલબ્ધ નકશાના આધારે વાઘ કોરિડોર રૂટને અંતિમ સ્વરૂપ આપવાનો પણ નિર્ણય લીધો. આ વાઘ કોરિડોરમાં આવતી ખાનગી જમીન ખેડૂતોની સંમતિથી સંપાદિત કરવામાં આવશે.

મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં ગુરુવારે મંત્રાલય ખાતે યોજાયેલી

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈ-પુણે અને સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ઈલેક્ટ્રિક વાહનોને ટોલ-મુક્તિ?

મુંબઈ: મહારાષ્ટ્રમાં ઇલેક્ટ્રિક વાહનો (ઇવી)ની સંખ્યામાં પચીસ ટકાનો વધારો કરવાની કલ્પના સાથે રાજ્ય સરકારે રાજ્યના મહત્ત્વના ગણાતા મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસવે અને મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ઇલેક્ટ્રિક વાહનોને ટોલમાંથી મુક્તિ અથવા છૂટ આપવાનો પ્રસ્તાવ મૂક્યો છે. નાણાં અને અન્ય વિભાગ તરફથી મંજૂરી મળ્યા બાદ રાજ્ય કેબિનેટ તરફથી આ પ્રસ્તાવને લીલી ઝંડી મળવાની શક્યતા છે.

મહારાષ્ટ્રના ઇકોનોમિક સર્વે અનુસાર

(જુઓ પાનું ૪) ▸▸

### સરકાર પર વર્ષે ૧૦૦ કરોડનો બોજો આવશે

મુંબઈ: રાજ્યમાં ઇલેક્ટ્રિક વાહનો (ઇવી)નો હિસ્સો વધારીને પચીસ ટકા કરવા પ્રાધાન્ય આપી રાજ્ય સરકારે મુંબઈ-નાગપુર સમૃદ્ધિ એક્સપ્રેસ વે અને મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર આવનજાવન કરતા ઈલેક્ટ્રિક વાહનો પર ટોલ ટેક્સ માફ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. નાણાં અને અન્ય વિભાગો દ્વારા આ દરખાસ્તને મંજૂરી મળ્યા બાદ રાજ્ય પ્રધાનમંડળની મંજૂરી મળે તેવી શક્યતા

(જુઓ પાનું ૪) ▸▸

## મહારાષ્ટ્રમાં શિક્ષકો માટેય હવે યુનિફૉર્મ

મુંબઈ: મહારાષ્ટ્રમાં શિક્ષકો પણ હવે ગણવેશમાં જોવા મળશે. રાજ્યની તમામ શાળાના શિક્ષકો માટે ડ્રેસ કોડ લાગુ કરવામાં આવશે. શાળા શિક્ષણ પ્રધાન દાદા ભુસેએ કહ્યું છે કે ડ્રેસ કોડ માટે સરકારી ભંડોળ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

માલેગાંવના અજંગ જિલ્લા પરિષદની શાળામાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક ડેસ્ક સાથે સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાદા ભુસે બોલી રહ્યા હતા. હવે જો શિક્ષકો માટે ડ્રેસ કૉડ લાગુ કરવામાં આવે તો ભવિષ્યમાં વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો પણ ગણવેશ પહેરેલા જોવા મળશે. ભુસે નાશિકના માલેગાંવ તાલુકાના

(જુઓ પાનું ૪) ▸▸

## દાદરનું કબૂતરખાનું ખસેડવાનું ફરી વિલંબમાં

### પાલિકાના અધિકારીની બદલીને કારણે રહેવાસીઓ સાથેની બેઠક યોજાઇ નહીં

મુંબઈ: દાદરના કબૂતરખાના અને અન્ય વિસ્તારમાં આવેલા અનધિકૃત કબૂતરખાનાને દૂર કરવાની માગણી પર પાલિકાએ હજી સુધી કોઇ નિર્ણય લીધો નથી અને રહેવાસીઓની બેઠક પણ બોલાવી નથી. જી-ઉત્તર વિભાગના સહાયક કમિશનરની બદલી થવાને કારણે આ અંગેનો મુદ્દો બાજુ પર પડી ગયો છે. આ દરમિયાન કબૂતરોની વિષ્ટાને કારણે માનવીઓના સ્વાસ્થ્ય પર ખરેખર આડઅસર થાય છે કે એ તપાસવા માટે પાલિકાએ

(જુઓ પાનું ૪) ▸▸

## ‘વાલ્મિક કરાડ એન્કાઉન્ટર’નો દાવો કરનારો સસ્પેન્ડેડ પોલીસ અધિકારી સેવામાંથી બરતરફ

મુંબઈ: બીડના મસ્સાજોગ ગામના સરપંચ સંતોષ દેશમુખની હત્યા કેસના મુખ્ય આરોપી વાલ્મિક કરાડને ખતમ કરવા માટે કોન્ટ્રેક્ટ મળ્યો હોવાનો દાવો કરનારા બીડના સસ્પેન્ડેડ પોલીસ સબ-ઇન્સ્પેક્ટર રણજિત કાસલેને સેવામાંથી બરતરફ કરવામાં આવ્યો છે.

સક્ષમ પ્રશાસન તરીકે ભારતના બંધારણની કલમ ૩૧૧ (૨) (બી) હેઠળ છત્રપતિ સંભાજીનગર રેન્જના ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ દ્વારા કાસલે વિરુદ્ધ પગલાં લેવાયાં હતાં. અગાઉ બીડ પોલીસ દ્વારા કાસલેને બરતરફ કરવાની ભલામણ કરતો પ્રસ્તાવ ઉચ્ચ અધિકારીઓને મોકલવામાં આવ્યો હતો. કાસલેએ અગાઉ રાજ્યના ભૂતપૂર્વ

(જુઓ પાનું ૪) ▸▸




## પ્રધાન અતુલ સાવેને મોટો ઝટકો, મંજૂર થયેલાં કામો પર મુખ્ય પ્રધાનની બ્રેક

નાંદેડ: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેબિનેટ પ્રધાન અતુલ સાવેને મોટો ઝટકો આપ્યો છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અતુલ સાવે દ્વારા મંજૂર કરાયેલા કામોને સ્થગિત કરી દીધા છે. ભાજપના પ્રધાન મેઘના બોર્ડીકર અને વિધાનસભ્ય તુષાર રાઠોડે ફડણવીસને અતુલ સાવે વિશે ફરિયાદ કરી હતી. ફડણવીસે તેમની ફરિયાદની નોંધ લીધી હતી અને અતુલ સાવે દ્વારા મંજૂર કરાયેલાં કાર્યોને સ્થગિતી આપી છે, એવો દાવો એક મરાઠી ન્યૂઝ ચેનલ દ્વારા કરવામાં આવ્યો છે.

અતુલ સાવેએ નાંદેડ જિલ્લામાં કેટલાક કામોને મંજૂરી આપી હતી, પરંતુ ભાજપના જ મેઘના બોર્ડીકર, તુષાર રાઠોડ અને શિંદે સેનાના બાબુરાવ કદમની ફરિયાદ બાદ ફડણવીસે નાંદેડના તાંડા કોલોનીમાં ૭.૨૫ કરોડ રૂપિયાના કામોને સ્થગિત કરી દીધા છે. એવી ફરિયાદ કરવામાં આવી હતી કે અતુલ સાવેએ અમને વિશ્વાસમાં લીધા વિના તાંડા કોલોની માટેનાં કામોને મંજૂરી આપી હતી. આ પછી કાર્યવાહી કરવામાં આવી છે.

દરમિયાન, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળની સરકારની રચનાને ચાર મહિના થઈ ગયા છે. આ ચાર મહિનામાં ઘણી ઘટનાઓ બની છે. શરૂઆતમાં બહુમતી મેળવવા છતાં, મુખ્ય પ્રધાનપદ અંગેનો વિવાદ ઉકેલાયો ન હોવાથી સરકારની રચનામાં વિલંબ થયો. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેનો મુખ્ય પ્રધાનપદ

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: samachar.bombay@gmail.com ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.